# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

07 OCTOBER 2026, WEDNESDAY

વર્ષ-15 । અંક-323 । વિક્રમ સંવત-2082 । ભાદરવા વદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





**પેજ-08**

AIથી ફોટો બનાવનારને યામી ગૌતમની ચેતવણી....



**પેજ-09**

પત્ર લખીને વિનંતી કરી છતાં સિલેક્ટર્સ ન માન્યા, ટીમમાં ન મળી જગ્યા....






# ભૂતકાળમાં દુષ્કાળ પડ્યો હોય તો સરકાર જાતે દુષ્કાળ જાહેર કરતી હતી, ખેડૂતોએ આંદોલન કરવા પડતા ન હતા: ઈસુદાન ગઢવી

## મોટી ખોખરીમાં AAP નેતા ઈસુદાન ગઢવીએ જનસભા ગજાવી, સરકાર સમક્ષ દુષ્કાળ જાહેર કરવાની માંગ કરી : જો 2022 માં અમારી સરકાર બની ગઈ હોત તો દુષ્કાળ જેવા સમયે ખેડૂતનો એક આંસુ પણ હું પડવા ન દેત: ઈસુદાન ગઢવી

અમદાવાદ | ખંભાળિયા તાલુકાની ભાડથર જિલ્લા પંચાયત સીટની પેટા ચૂંટણી અંતર્ગત મોટી ખોખરી ગામે આમ આદમી પાર્ટી દ્વારા જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, આમ આદમી પાર્ટીના ઉમેદવાર વીરુભાઈ કંડોરિયા અને યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ બ્રિજરાજ સોલંકી સહિત આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં મોટી સંખ્યામાં ખેડૂતો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને તમામ લોકોએ આમ આદમી પાર્ટીના ઉમેદવારને એકજૂટ થઈને સમર્થન આપ્યું હતું. આ સભામાં પ્રદેશ ઈસુદાન ગઢવીએ ખેડૂતો મુદ્દે ખાસ અવાજ ઉઠાવ્યો હતો અને સરકાર સમક્ષ દુષ્કાળ જાહેર કરવાની માંગણી કરી હતી.

આ જનસભામાં આમ આદમી પાર્ટીમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, અત્યારે પહેલી વખત દુષ્કાળની પરિસ્થિતિ ઉભી નથી થઈ, ભૂતકાળમાં પણ દુષ્કાળ પડ્યા છે પરંતુ એ સમયે ખેડૂતોએ આંદોલન કરવા પડતા ન હતા. સરકાર જાતે દુષ્કાળ જાહેર કરીને ખેડૂતોને સહાય આપતી હતી કારણ કે આ એમનું કામ છે. પરંતુ અત્યારે આપણે જે લોકોને ચૂંટીને ધારાસભ્ય બનાવ્યા, મંત્રી બનાવ્યા, મુખ્યમંત્રી બનાવ્યા એ લોકો દુષ્કાળનો 'દ' બોલવા પણ તૈયાર નથી. ખેડૂતોને જે સહાય આપવાની છે એ નેતાઓના પોતાના પૈસા નથી, પ્રજાના જ પૈસા છે. બીજી બાજુ ઉદ્યોગપતિઓના લાખો કરોડ એક ઝાટકે માફ થઈ જાય છે, જો 2022માં અમારી સરકાર બની ગઈ હોત તો દુષ્કાળ, વાવાઝોડા કે અતિવૃષ્ટિ જેવા સમયે ખેડૂતનો એક આંસુ પણ હું પડવા ન દેત. મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર છે અને જો મહારાષ્ટ્રમાં ખેડૂતોનું દેવું માફ થઈ શકે તો અહીંયા કેમ નહીં? જો વીરુભાઈ જેવા ઉમેદવારોને તમે હરાવશો તો પછી ખેડૂતો માટે ઊભું રહેવા કોણ આવશે? હડદડ કાંડ થયો હતો ત્યારબાદ સુદામડામાં એક લાખ ખેડૂતો એકઠા થયા હતા તેના કારણે ભાજપે કમોસમી વરસાદના મુદ્દે 10,000 કરોડનું ફંડ ફાળવવું પડ્યું હતું. હું ધારાસભ્ય નથી કે અમારી સરકાર પણ નથી પરંતુ ખેડૂતોના મુદ્દે અને દુષ્કાળ મુદ્દે હું ધરણા પર બેઠો હતો. અને જ્યારે અમે ધરણા પર બેઠા તો ભાજપના લોકો કહેવા લાગ્યા કે "આ તો ચૂંટણીની તૈયારીઓ કરે છે".

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, હમણાં થોડા સમય પહેલા વધુ એક ફરફરીયું આવ્યું હતું કે થાંભલાઓની વધુ એક લાઈન આવી રહી છે અને આ એક લાઈન નહીં પરંતુ બીજી 10 લાઈનો આવી રહી છે જે તમારા ખેતરમાંથી નીકળશે. જો તમે આ ચૂંટણીમાં ચુકી ગયા તો વીરુ કંડોરિયા હારશે નહીં કે આમ આદમી પાર્ટી હારશે નહીં પરંતુ ખેડૂતોની એકતા હારશે અને ભાજપના લોકોને આ ખબર છે.

હું તો વિચાર કરું છું કે ભાજપના લોકોમાં શરમનો છાંટો નથી અને એ લોકો પ્રચાર કરવા નીકળી પડ્યા છે. હું કહું એ પાંચ કામ જો ભાજપ કરી દે તો ચૂંટણી તો ઠીક પરંતુ હું રાજનીતિ પણ છોડવા માટે તૈયાર છું. અત્યારે આ લોકો એક પછી એક થાંભલા નાખી રહ્યા છે કારણ કે આ લોકોને ખબર છે કે આમ આદમી પાર્ટીની સરકાર આવશે તો આ રીતે થાંભલા નાખવા નહીં દે. અહીંયા દિવસ રાત થાંભલા નખાઈ રહ્યા છે અને ભાજપે ખેડૂતો પાસેથી નારા બોલાવવાની શક્તિ પણ છીનવી લીધી હોય એવું લાગી રહ્યું છે. ભાજપ આપણને માનસિક ગુલામ બનાવે છે. વીરુભાઈ થાંભલાની લડાઈમાં ખેડૂતો સાથે ઉભા રહ્યા, જીઇબીની લાઈન મુદ્દે ખેડૂતો સાથે ઊભા રહ્યા, સિંચાઈના પાણી માટે લડત લડી અને જો હવે આવા વ્યક્તિને તમે હરાવશો તો ભગવાન પણ રૂઠશે. વીરુભાઈ પાસે પૈસા પણ નથી અને અમારા કોઈની પાસે પૈસા નથી કારણકે અમે ખેતરોમાં નખાતા થાંભલાના પૈસા નથી લેતા ખેડૂતોનું ખૂન નથી ચૂસતા. તમે વીરુભાઈને વોટ આપજો અને આપણે સાથે મળીને થાંભલાની લડત લડશું.

આ સભાને સંબોધન કરતા 'આપ' યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ જણાવ્યું હતું કે, અસહ્ય યાતનાઓ ભોગવીને પણ આમ આદમી પાર્ટીના નેતાઓએ લડાઈ લડી ત્યારે જઈને કડદાકાંડ બંધ થયો હતો. એના પછી ઈસુદાનભાઈ ગઢવીના નેતૃત્વમાં સુરેન્દ્રનગરના સુદામડા ખાતે લાખોની સંખ્યામાં જ્યારે ખેડૂતો આમ આદમી પાર્ટીને સમર્થન આપવા આવ્યા, ત્યારે હું આમ આદમી પાર્ટીના એક નાના કાર્યકર્તા તરીકે ગર્વ સાથે કહું છું કે આ સરકારને ખેડૂતો માટે ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું સહાય પેકેજ જાહેર કરવું પડ્યું હતું, અને એ માત્ર આમ આદમી પાર્ટી તથા ઈસુદાન ગઢવીના કારણે જ કરવું પડ્યું છે. જ્યારે હું અહીંયા આવવાનો હતો ત્યારે ઘણા બધા લોકો મારા સંપર્કમાં હતા. તેમણે મને ફોન કરીને કહ્યું કે, બ્રિજરાજભાઈ તમે જાઓ છો પરંતુ અમે નહીં આવી શકીએ, અમારી ઉપર પ્રેશર અને દબાણ છે. અમને એવું કહેવામાં આવ્યું કે આમ આદમી પાર્ટીની અને ઈસુદાનભાઈ ગઢવીની સભામાં જશો તો તમારી ઉપર ખોટા કેસ કરશું, તમને જેલમાં નાખશું અને તમારા ધંધા-રોજગાર ઉપર પ્રહાર કરશું. પરંતુ આજે આ જાહેર મંચ પરથી આપ સૌની સાક્ષીમાં ખંભાળિયા વિધાનસભાના ભારતીય જનતા પાર્ટીના ભ્રષ્ટ નેતાઓને કહેવા માંગું છું કે તમે ગમે તેટલો અન્યાય કરો, અત્યાચાર કરો, ખોટા કેસો કરો કે જેલમાં નાખો, પણ અમે ગરીબ ખેડૂતોના દીકરા તમારી સામે મોરે મોરો દઈ દેવા માટે તૈયાર છીએ.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા બ્રિજરાજ સોલંકીએ જણાવ્યું હતું કે, ખંભાળિયાના યુવાનો ઈસુદાનભાઈ ગઢવીના નેતૃત્વમાં ખંભાળિયા વિધાનસભાના એક-એક ગામમાં, તાલુકા પંચાયતમાં અને જિલ્લા પંચાયતમાં સિંચાઈનું પાણી કઈ રીતે મળે તથા ખેડૂતોનું દેવું કઈ રીતે માફ થાય તેના માટે લડશે. આમ આદમી પાર્ટીએ દિલ્હી અને પંજાબની અંદર ખેડૂતોને ૨૪ કલાક મફતમાં વીજળી આપવાનું કામ કર્યું, હેક્ટર દીઠ ૫૦,૦૦૦ રૂપિયાની સહાય ખેડૂતોના બેંક એકાઉન્ટમાં પહોંચાડવાનું કામ કર્યું અને ખેડૂતોની સાથે સાથે ખેતમજૂરોને પણ સહાય આપવાનું કામ કર્યું છે.

# News Brief

## સામાન્ય જનતા માટે ગાડીઓ મોડી, નેતાના બંગલે સફાઈ માટે હાજર : મનોજ સોરઠીયા

**ભાજપ નેતાના બંગલે ફાયર બ્રિગેડથી સફાઈ, AAP પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાના ભાજપ પર પ્રહાર**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, ભાજપના એક ધારાસભ્ય અને પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડને ત્યાં ફાયર બ્રિગેડની ગાડીએ જઈને તેમના આખા બંગલાની સફાઈ કરી. આપણે આપણા ઘરમાં આગ લાગે અને ફાયર બ્રિગેડને ફોન કરીએ તો સમયે ન પહોંચવાના અનેક દાખલા છે. સરકારી સુવિધાઓ સામાન્ય માણસને મળે એના માટેની કોઈ વ્યવસ્થા કે કોઈ ચિંતા આ ભાજપના નેતાઓને નથી, પણ પોતાના ઘરની સફાઈ ફાયર બ્રિગેડની ગાડીઓથી કરશે. આ વાત ભાજપની માનસિકતાને છતી કરે છે.

'આપ' નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે ભાજપે એવું સ્વીકારી લીધું છે કે આ તમામ વ્યવસ્થાઓ, આ તમામ સરકારી તંત્ર અને તમામ સંસાધનો (રિસોર્સિસ) માત્રને માત્ર એમની વ્યક્તિગત મોજમજા અને પર્સનલ ઉપયોગના સાધનો છે. એટલા માટે આજે કહી શકાય કે ભાજપના નેતાઓને આ સત્તાનો નશો હવે માથે ચડ્યો છે. ગુજરાતની જનતા જે સુવિધાઓથી વંચિત છે અને અનેક સમસ્યાઓનો સામનો કરી રહી છે, તે આજે પીસાઈ રહી છે પરંતુ નેતાઓને લીલાલહેર છે. આ વાત આપણા સૌના માટે સમજવા જેવી છે.

## GMDC ગ્રાઉન્ડમાં 6,424 વિદ્યાર્થીઓએ બનાવી માનવ રંગોળી




અમદાવાદ | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને સુશાસનના 25 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે અનોખો માનવ રંગોળી કાર્યક્રમ યોજાયો હતો. 'સેવાના રંગ, રાષ્ટ્રને સંગ' સ્લોગન હેઠળ શહેરની શાળાઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને વિવિધ કોલેજોના 6,424 વિદ્યાર્થીઓએ એકસાથે મળીને વિશાળ માનવ રંગોળી અને માનવ મંડલા તૈયાર કર્યા હતા. આ ભવ્ય સિદ્ધિને એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું છે.

GMDC ગ્રાઉન્ડ પર પૂર્વ-આયોજિત ડિઝાઇન મુજબ વિદ્યાર્થીઓને ચોક્કસ રંગો અનુસાર ગોઠવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ માથા પર ઓરેન્જ, યલો, રેડ, પર્પલ, ગ્રીન, બ્લ્યૂ અને વ્હાઇટ જેવા સપ્તરંગોની ટોપીઓ પહેરી હતી. ગોળાકાર રંગોળીની વચ્ચે 'ભારત' શબ્દ કંડારવામાં આવ્યો હતો, જેનાથી સમગ્ર ગ્રાઉન્ડ રંગબેરંગી માનવ રંગોળીમાં પરિવર્તિત થઈ ગયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રીઓ, ધારાસભ્યો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓની સામુહિક ભાગીદારીથી તૈયાર થયેલી આ અનોખી માનવ રંગોળીને રેકોર્ડ તરીકે માન્યતા આપવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન એશિયા બુક ઓફ રેકોર્ડ્સના પ્રતિનિધિઓએ સ્થળ પર હાજર રહી સમગ્ર પ્રક્રિયાની નોંધ લીધી હતી અને આ સિદ્ધિને સત્તાવાર રીતે એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન આપ્યું હતું.

## બેંક ઓફ ઇન્ડિયાની APK ફાઇલ મોકલી વેપારી સાથે 5.19 લાખની ઠગાઇ આચરી

અમદાવાદ | નિકોલમાં રહેતા 65 વર્ષીય વૃદ્ધ વેપારીને બેંક ઓફ ઈન્ડિયાના નામે વોટ્સએપ પર પાનકાર્ડ અપડેટ કરવા માટે એપીકે ફાઈલ મોકલી મોબાઈલનું સંચાલન મેળવી ખાતામાંથી રૂ. 5.19 લાખ ઉપાડી લીધા હતા. બેંક ખાતામાંથી તબક્કાવાર નાણાં ટ્રાન્સફર થઈ જતાં વેપારીએ સાયબર હેલ્પલાઈન 1930 પર જાણ કર્યા બાદ અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા મોબાઈલ ધારક સામે ફરિયાદ નોંધાવી છે.

નિકોલમાં ભક્તિરાજ બંગ્લોઝ ખાતે રહેતા 65 વર્ષીય વૃદ્ધ કાપડનો વેપાર કરે છે અને બેંક ઓફ ઈન્ડિયામાં સેવિંગ ખાતું ધરાવે છે. ગત 3 જૂન 2026ના રોજ તેમના મોબાઈલ નંબર પર અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો, જેમાં 'BOI PAN CARD UPDATE.apk' નામની ફાઈલ મોકલવામાં આવી હતી. બેંક તરફથી મેસેજ આવ્યો હોવાનું માનીને તેણે તેમના કૌટુંબિક ભાઈની મદદથી ફાઈલ ઓપન કરી હતી. ફાઈલ ઓપન થતાં ખુલેલા ફોર્મમાં જરૂરી વિગતો ભરી દીધી હતી.આ એપીકે ફાઈલ ડાઉનલોડ કરાવી ભેજાબાજે વૃદ્ધના મોબાઈલ ફોનનું સંચાલન મેળવી લીધું હતું.

4 જૂન 2026ના રોજ બપોરે વેપારીના મોબાઈલ પર રૂ.5 લાખ ડેબિટ થયાનો મેસેજ આવ્યો હતો. વેપારી તાત્કાલિક બેંક ઓફ ઈન્ડિયાની નિકોલ શાખામાં પહોંચ્યા હતા, જ્યાં તેમને જાણવા મળ્યું હતું કે IMPS દ્વારા ખાતામાંથી નાણાં ટ્રાન્સફર થયા છે. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે 4 જૂનના રોજ એક રૂ. 5 લાખનું અને અન્ય ચાર નાના ટ્રાન્ઝેક્શન મળી કુલ પાંચ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ. 5.19 ઉપાડી લેવાયા હતા. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા નંબરના ધારક અને નાણાં મેળવનાર એકાઉન્ટ ધારકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## અમેરિકા મોકલવાના નામે રૂ. 80 લાખની ઠગાઈ: કલોલના એજન્ટોએ પૈસા પડાવ્યા

અમદાવાદ | ઓઢવમાં ફેક્ટરી ધરાવતા અને નાના ચિલોડા ખાતે રહેતા વેપારીના પુત્ર અને પુત્રવધૂને ચાર દિવસમાં ઈ-બિઝનેસ વિઝા પર અમેરિકા મોકલી આપવાની લાલચ આપી કલોલના બે એજન્ટો સહિતની ટોળકીએ બનાવટી વિઝા અને ફ્લાઈટ ટિકિટ બતાવી રૂ. 80 લાખ પડાવી લીધા છે. આરોપીઓએ આંગડિયા પેઢી મારફતે નાણાં મેળવ્યા બાદ ફેક વિઝા મોકલ્યા હતા. તપાસ દરમિયાન આ નાણાં રાજકોટ અને સુરતની આંગડિયા પેઢીમાંથી ઉપાડી લેવાયા હોવાનું સામે આવતાં વેપારીએ સીઆઈડી ક્રાઈમમાં 6 ગઠિયા સામે ફરિયાદ નોંધાવી છે. ઓઢવમાં ધંધો કરતા જીતેન્દ્રભાઈ પટેલે પોતાના પુત્ર જીલ અને પુત્રવધૂ કંચનબેનને અમેરિકા મોકલવા ઈન્સ્ટાગ્રામ આઈડી ચલાવતા સુખબિરસિંઘ બાજવા અને તેના મળતીયાઓનો સંપર્ક કર્યો હતો. જેમાં કલોલના શિવેન રાકેશકુમાર બારોટ અને જય હર્ષદભાઈ બારોટે 4 દિવસમાં ઈ-બિઝનેસ વિઝાથી અમેરિકા મોકલવા માટે રૂ. 1.15 કરોડમાં ડીલ નક્કી કરી બંનેના અસલ પાસપોર્ટ મેળવી લીધા હતા. આરોપીઓએ વિઝા પ્રોસેસના બહાને બાપુનગર સ્થિત વી.પટેલ આંગડિયા પેઢીમાં નાણાં જમા કરાવવા જણાવ્યું હતું. આથી વેપારીએ સગા-સંબંધીઓ પાસેથી રૂપિયા મેળવી 6 અને 7 નવેમ્બર 2023 દરમિયાન કુલ રૂ. 80 લાખ જમા કરાવ્યા હતા. ત્યારબાદ આરોપીઓએ વોટ્સએપ પર પીડીએફ ફોર્મેટમાં ઈ-વિઝા મોકલ્યા હતા, પરંતુ ઓનલાઈન ચકાસણી કરતા મોબાઈલ નંબર અને ઈમેલ અન્ય વ્યક્તિના નીકળતાં વિઝા બનાવટી હોવાનું ખુલ્યું હતું.

# રાહુલભાઈએ ભાજપના વિકાસથી પ્રેરાઈને નહીં પરંતુ ભાજપના ગુંડાઓ સામે લાચાર થઈને ચૂંટણીમાંથી પીછેહટ કરી: ગોપાલ ઇટાલીયા AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ આજે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી જબરદસ્ત રીતે આગળ વધી રહી છે અને આમ આદમી પાર્ટી પણ ગ્રાઉન્ડ પર ઉતરીને લોકોને મળી રહી છે. હું છેલ્લા ચાર પાંચ દિવસથી ગાંધીનગરમાં લોક સંવાદ કરી રહ્યો છું. આ દરમિયાન અનેક લોકોએ મને કહ્યું કે "જાહેરમાં અમે તમારી સાથે દેખાઈએ કે ન દેખાઈએ પણ મત તો તમને આપવાનો છે, કારણ કે હવે આ લોકોથી અમે ખૂબ જ કંટાળ્યા છીએ." તો ભાજપના લોકો, ભાજપની સરકાર અને ભાજપની વ્યવસ્થાની વિરુદ્ધમાં જનતામાં જબરદસ્ત આક્રોશ છે અને આ આક્રોશ આ ચૂંટણીમાં લોકો મતના સ્વરૂપે કાઢવા માટે તૈયાર બેઠા છે. આમ આદમી પાર્ટીએ ઉમેદવારો ઊભા રાખ્યા છે અને દરેક ઉમેદવારો મજબૂતીથી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે, ત્યારે ગાંધીનગરની જનતાને મારી વિનંતી છે કે ગત ચૂંટણીમાં કોંગ્રેસના બે ઉમેદવાર જીત્યા હતા અને આમ આદમી પાર્ટીના એક ઉમેદવાર જીત્યા હતા પરંતુ કોંગ્રેસના બંને ઉમેદવારોએ પાંચ વર્ષ સુધી પોતાનું કામ કર્યું નહીં અને ભાજપમાં જતા રહ્યા. જ્યારે બીજી બાજુ આમ આદમી પાર્ટીના જે એક કોર્પોરેટર બન્યા હતા તુષાર પરીખ, એ પાંચ વર્ષ સુધી અડીખમ રહ્યા છે. આના પરથી દેખાય છે કે જો કોંગ્રેસને મત આપવામાં આવશે તો કોંગ્રેસના લોકો ભાજપમાં ભળી જશે. ગઈકાલે વિસાવદરમાં પણ એવું થયું કે ભાજપ અને કોંગ્રેસના લોકો ભેગા મળીને પ્રમુખની વિરુદ્ધમાં અવિશ્વાસની દરખાસ્ત લઈને આવ્યા. વિચાર કરો કે સત્તા પક્ષ અવિશ્વાસની દરખાસ્ત લઈને આવ્યો તો કોંગ્રેસે એમને ટેકો આપ્યો. તો ગાંધીનગર હોય કે વિસાવદર હોય, કોંગ્રેસ અને ભાજપ એક જ છે અને જનતાને છેતરે છે. માટે ગાંધીનગરની જનતાને મારી વિનંતી છે કે આ વખતે નવયુવાનોને તમારા આશીર્વાદ આપો. ગાંધીનગરના માધ્યમથી ગુજરાતમાં બદલાવ લાવવા ઈચ્છતા ઈમાનદાર અને લડાયક માણસોને તમારો મત આપો.

વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, બીજી એક ગંભીર બાબત એ છે કે અમારા એક ઉમેદવાર રાહુલભાઈને ભાજપના લોકોએ ગન પોઈન્ટ ઉપર કિડનેપ કર્યા અને છેલ્લા ચાર પાંચ દિવસથી એમને ધાક ધમકી આપવામાં આવી, એમના પરિવારને દબાવવામાં આવ્યા. ભાજપના કોલવડા ગામના ગુંડાઓ દ્વારા આમ આદમી પાર્ટીના ઉમેદવાર પર એટલું પ્રેશર કરવામાં આવ્યું અને ધમકી આપવામાં આવી કે "જો તું ચૂંટણીમાં ઉભો રહીશ તો ચૂંટણી પછી તને મારી નાંખવામાં આવશે." અમે આ ઉમેદવારને સમજાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેમના પરિવારના લોકો ખૂબ જ ડરી ગયા છે, એટલા માટે તેમણે ચૂંટણીમાંથી હટી જવાનો નિર્ણય લીધો. મારું માનવું છે કે ભાજપના લોકો ફોર્મ પાછું ખેંચાવવા માટે, ફોર્મ રદ કરવા માટે અને જો ફોર્મ પાછું ન ખેંચે તો ઉમેદવારને ઘરે બેસાડી દેવા માટે જેટલી મહેનત કરે છે એટલી મહેનત તો જનતાની સેવા માટે કરતા હોત તો ચૂંટણીમાં આવી ગુંડાગર્દી ન કરવી પડત. એટલે ગાંધીનગરના લોકોને અમારી વિનંતી છે કે ગુંડાઓને જવાબ આપો, સારા માણસોને તક આપો અને આમ આદમી પાર્ટીને વોટ આપીને ગાંધીનગરમાં પરિવર્તન લાવો. રાહુલભાઈ ભાજપના વિકાસથી પ્રેરાઈને નહીં પરંતુ ભાજપના ગુંડાઓ સામે લાચાર થઈને ચૂંટણીમાંથી પીછેહટ કરી રહ્યા છે. રાહુલભાઈ ગઈ વખતે અપક્ષ ઉમેદવાર તરીકે ઉભા હતા અને ત્યારે પણ તેઓ ભાજપ સાથે ન હતા. છેલ્લા પાંચ વર્ષથી પણ વધુ એમણે જાહેર જીવનમાં વિતાવ્યા ત્યારે પણ તેઓ ભાજપ સાથે ન હતા, આમ આદમી પાર્ટી સાથે ફોર્મ ભર્યું ત્યારે પણ તેઓ ભાજપ સાથે ન હતા.

# 'સેવા સંકલ્પ અભિયાન'માં AMCની સરકારી શાળાના બાળકોને શા માટે જોડવામાં આવે છે? : ડૉ. કરન બારોટ AAP

## 'સેવા સંકલ્પ અભિયાન'માં શાળાના બાળકો મોકલવા મુદ્દે AAP પ્રદેશ સંગઠન મંત્રી ડૉ. કરન બારોટે ઉઠાવ્યા ગંભીર સવાલ : સરકારી કાર્યક્રમોમાં બાળકોને બોલાવી તેમનું ભણતર બગાડવાનું કામ બંધ કરો : ડૉ. કરન બારોટ AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ.કરન બારોટે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજરોજ મને જાણ થઈ છે કે સરકાર દ્વારા છેલ્લા 25 વર્ષના વિકાસને લોકો સુધી પહોંચાડવા માટે 'સેવા સંકલ્પ અભિયાન' ની શરૂઆત કરવામાં આવી છે.

મારું માનવું છે કે તમારે જેટલા અભિયાન શરૂ કરવા હોય કરો અને કાગળ પરના વિકાસ જેટલા બતાવવા હોય એટલા બતાવો પરંતુ આ વસ્તુમાં તમે AMC ની સરકારી શાળાના બાળકોને શા માટે જોડાવા માટે પ્રેશર કરો છો? શા માટે અલગ અલગ ઝોનની અલગ અલગ શાળાઓને બોલાવો છો? તમે કોઈ AI માં મોટું ઈનોવેશન કર્યું હોય, સ્કૂલોને લઈને કોઈ મોટું ઈનોવેશન કર્યું હોય અને સરકારી શાળાઓમાં સારી સુવિધાઓ આપવાના હોય, એ બતાવવા માટે બાળકોને બોલાવતા હોવ તો અલગ છે, પરંતુ વારંવાર તાયફાઓમાં આ રીતે બાળકો બોલાવો છો, શિક્ષકોને બોલાવો છો, આ વસ્તુના કારણે બાળકોનું ભણતર બગાડવાનું કામ તમે લોકો કરી રહ્યા છો.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડૉ.કરન બારોટે જણાવ્યું હતું કે, હું શિક્ષક સંઘને પણ કહેવા માગું છું કે થોડા દિવસ પહેલા જ્યારે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અલગ અલગ શાળાઓમાં જઈને સ્કૂલોની ખરાબ સ્થિતિ વિશે બતાવતા હતા, ત્યારે શિક્ષક મંડળના અમુક લોકોએ ફરિયાદ કરી હતી કે બાળકોનું ભણતર બગડે છે. અને જ્યારે આજે 25 વર્ષના નકલી વિકાસ બતાવવા માટે બાળકોને મોકલવામાં આવે છે ત્યારે આ શિક્ષક સંઘ શા માટે કંઈ બોલતું નથી?

હું અપીલ કરવા માંગુ છું કે તમારા તાયફાઓમાં અને નકલી વિકાસમાં બાળકોને ભેળવશો નહીં, નહિતર આગામી સમયમાં જ્યાં જ્યાં આ રીતના પ્રોગ્રામ થશે અને બાળકોને મોકલવામાં આવશે ત્યાં ત્યાં આમ આદમી પાર્ટી વિરોધ કરશે અને ગુજરાતની જનતા સુધી મેસેજ પહોંચાડશે કે આ લોકોને બાળકના ભણતર સાથે કંઈ લેવાદેવા નથી. આ લોકોને ગુજરાતના બાળકો આગળ આવે, ભણીગણીને ડોક્ટર - એન્જિનિયર બને એમાં રસ નથી પરંતુ ફક્ત અને ફક્ત પોતાનો નકલી વિકાસ લોકો સુધી પહોંચે અને એમની વાહ વાહ થાય એમાં જ એમને રસ છે.

# સરકારને મામલતદાર, પ્રાંત અને કલેક્ટર સિવાય બીજી કોઈ ઓથોરિટી દેખાતી જ નથી : ગોપાલ ઇટાલિયા AAP



અમદાવાદ | વિસાવદરના ધારાસભ્ય અને વકીલ ગોપાલ ઇટાલિયાએ ગુજરાતના વકીલોની ઐતિહાસિક એકતાને બિરદાવી ભાડા વિધેયક સામેના વિરોધને વ્યાજબી ઠેરવ્યો હતો. તેમણે વિધાનસભાના રેકોર્ડ પર રજૂ કરેલી બાબતો ટાંકીને જણાવ્યું કે, બે વ્યક્તિઓ વચ્ચેના અધિકાર અને ફરજ નક્કી કરવાનો હક માત્ર જ્યુડિશિયલ પ્રોસેસ (અદાલતી પ્રક્રિયા) પાસે હોવો જોઈએ, એક્ઝિક્યુટિવ પ્રોસેસ (મહેસૂલી તંત્ર) પાસે નહીં. મામલતદાર, પ્રાંત કે કલેક્ટર કચેરીઓ પહેલાથી જ RTS અપીલ, NA ફાઈલો અને ખેડૂત ખાતેદારના દાખલાઓનો સમયસર નિકાલ કરવામાં નિષ્ફળ રહી છે. ડિસ્ટર્બ એરિયા એક્ટમાં આપવામાં આવેલી વિશાળ સત્તાઓના કારણે અરજદારોને વર્ષો સુધી ધક્કા ખાવા પડે છે અને રાજકીય દબાણ સહન કરવું પડે છે. આવી સ્થિતિમાં ભાડા વિવાદની સત્તા સિવિલ કોર્ટ પાસેથી છીનવીને મહેસૂલી અધિકારીઓને સોંપવી અયોગ્ય છે. આ ઉપરાંત, રાજ્યના એડવોકેટ જનરલે નાયબ મુખ્યમંત્રી દ્વારા રાજ્યપાલને સૂચન આપ્યા અંગે કરેલું નિવેદન બંધારણીય કટોકટી દર્શાવે છે, કારણ કે વ્યક્તિગત રીતે રાજ્યપાલને આ પ્રકારનું સૂચન કરવાનો અધિકાર નથી.એડવોકેટ અને ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે, અદાલતમાં કાયદા અને નિયમોના આધારે તટસ્થ ન્યાય મળે છે, જ્યારે મહેસૂલી તંત્ર પર હંમેશા રાજકીય પ્રભાવ રહે છે. વકીલોના અધિકારો છીનવવાથી માત્ર તેમનું જ નહીં પરંતુ અસીલો અને સામાન્ય નાગરિકોનું પણ નુકસાન થાય છે. ભાડા વિધેયક પર માત્ર રાજ્યપાલની સહી અટકાવવાના બદલે સરકારે તાત્કાલિક વટહુકમ (ઓર્ડિનન્સ) લાવીને આ કાયદો રદ કરવો જોઈએ અને આગામી વિધાનસભા સત્રમાં રિપીલ બિલ રજૂ કરવું જોઈએ. ભૂતકાળમાં પણ નોટરી સત્તાઓ મર્યાદિત કરવા અને અર્નેશ કુમાર જજમેન્ટના સંદર્ભમાં પોલીસ દ્વારા કસ્ટડી અને છોડી મૂકવાના પાવર્સના થતા દુરુપયોગ અંગે વકીલોના અધિકારો કાપવામાં આવ્યા છે. હાલમાં પોલીસ દ્વારા આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા વિના જ કસ્ટોડિયલ હિંસા આચરવામાં આવે છે. વકીલો પોતાની સત્તાઓ અને નાગરિકોના ન્યાય માટે જાગૃત થયા છે તે અભિનંદનને પાત્ર છે અને હું એક વકીલ તરીકે વિધાનસભા તથા ગૃહની બહાર આ લડાઈમાં તેમની સાથે મજબૂતીથી ઊભો છું.

## કોન્ટ્રાક્ટ મજૂરોના વેતનમાં કોઇ વધારો નહીં! :સરકારે નવો પરિપત્ર કર્યો પણ વેતન દરો જૂના જ રાખ્યાં

અમદાવાદ | કોન્ટ્રાક્ટ મજૂરોના લઘુત્તમ વેતન દરો અંગે નવો પરિપત્ર જાહેર કર્યો છે, પરંતુ તેમાં વેતનમાં કોઈ નવો વધારો કરવામાં આવ્યો નથી. શ્રમ આયુક્ત કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલા આ પરિપત્રમાં અગાઉ એપ્રિલથી સપ્ટેમ્બર 2026 સુધી અમલમાં રહેલા લઘુત્તમ વેતનના દરોને જ નવા સમયગાળા માટે યથાવત્ રાખવામાં આવ્યા છે. આથી, ઓક્ટોબરથી કોન્ટ્રાક્ટ મજૂરોના દૈનિક વેતનમાં કોઈ સુધારો થશે નહીં. કોન્ટ્રાક્ટ મજૂર અધિનિયમ, 1970 તથા ગુજરાતના નિયમો હેઠળ કોન્ટ્રાક્ટરોએ સરકાર દ્વારા નક્કી કરાયેલા લઘુત્તમ વેતન કરતાં ઓછું વેતન આપવાનું હોતું નથી. સરકારે એપ્રિલથી સપ્ટેમ્બર, 2026 માટે જે દર નક્કી કર્યા હતા, તે જ દરોને હવે ઓક્ટોબર, 2026થી આગળના સમયગાળા માટે પણ જારી રાખવાનો નિર્ણય કર્યો છે. પરિપત્રમાં દર્શાવ્યા મુજબ ઝોન-1માં ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, 1949 હેઠળની તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના વિસ્તારો, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, 1963 હેઠળની નગરપાલિકાઓ તેમજ સંબંધિત શહેરી વિકાસ સત્તામંડળ ની હદમાં આવતા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગર મનપા ચૂંટણી અંતર્ગત AAP ના પ્રદેશના નેતાઓએ ગાંધીનગરના બુથ પ્રમુખો સાથે બુથ મેનેજમેન્ટ બેઠકમાં ભાગ લીધો

**આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગરમાં બુથ પ્રમુખો સાથે આમ આદમી પાર્ટી પ્રભારી અને પ્રદેશ નેતૃત્વની બુથ મેનેજમેન્ટ બેઠકનું કુડાસણ ખાતે આયોજન કરવામાં આવ્યું : પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા, સંગાથન મહામંત્રી મનોજ સોરઠિયા, પ્રવિણ રામ સહિતના પ્રદેશ નેતાઓએ ગાંધીનગરના બુથ પ્રમુખોને ચૂંટણી જીતવા મુદ્દે માર્ગદર્શન આપ્યું**

અમદાવાદ | ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી પૂરી મજબૂતી આગળ વધી રહી છે. ગતરોજ આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગરમાં બુથ પ્રમુખો સાથે આમ આદમી પાર્ટી પ્રભારી અને પ્રદેશ નેતૃત્વની બુથ મેનેજમેન્ટ બેઠકનું કુડાસણ ખાતે આયોજન કરવામાં આવ્યું. ગાંધીનગરની ચૂંટણીમાં મજબૂતીથી આગળ વધવા અને ચૂંટણી જીતવા મુદ્દે પ્રભારી સહિતના નેતાઓનો સંવાદ કાર્યક્રમ આમ આદમી પાર્ટીના ગાંધીનગરના બુથ પ્રમુખો તથા ગાંધીનગરની ટીમ સાથે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાય સહિત, ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા, પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠિયા, પ્રદેશ ફ્રન્ટલ સંગઠન પ્રમુખ પ્રવિણ રામ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ સંવાદમાં પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી ખેડૂતો, યુવાનો, મહિલાઓ, નાના વેપારીઓ, મધ્યમવર્ગ, ગરીબ વર્ગ, વંચિત, શોષિત વર્ગના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ગાંધીનગરની ચૂંટણીના મેદાનમાં ઉતરી છે અને આગામી સમયમાં વધુમાં વધુ સીટો પર વિજય મેળવીને પ્રજાલક્ષી કામ કરવા માટે કટિબદ્ધ છે. આમ આદમી પાર્ટીએ યુવાનોને આ ચૂંટણીમાં પ્રાથમિકતા આપી છે અને યુવાનો નેતૃત્વ કરે એ રીતની આમ આદમી પાર્ટી હંમેશા વિચારધારા ધરાવે છે. આમ આદમી પાર્ટી આ ચૂંટણીમાં મજબૂત સ્થિતિમાં જોવા મળી રહી છે. શહેરની ગલીઓ ગલીઓમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને ઉમેદવારો પ્રચાર કરી રહ્યા છે અને પ્રજા તરફથી આમ આદમી પાર્ટીના તમામ ઉમેદવારોને જબરદસ્ત આવકાર મળી રહ્યો છે, પ્રેમ મળી રહ્યો છે અને દેખાઈ રહ્યું છે કે આ વખતે આમ આદમી પાર્ટી અને ગાંધીનગરની જનતા સાથે મળીને ગાંધીનગરમાં નવો ઈતિહાસ રચશે અને આશા રાખીએ છીએ કે ગાંધીનગરના લોકો આમ આદમી પાર્ટીને જંગી બહુમતીથી જીતાડશે અને આમ આદમી પાર્ટીના ગાંધીનગરમાં મેયર બનશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડના ઘેર સફાઈ માટે ફાયર ફાઈટર મોકલાયું, દિવાળી પહેલા 25 કિમી દૂર ખાનગી નિવાસસ્થાન ધોવાયું

# દેવગઢ બારિયા નગરપાલિકાના ફાયર બ્રિગેડ વાહનનો દુરુપયોગ

(એજન્સી) દેવગઢ બારિયા । તા. 06

દેવગઢ બારિયા નગરપાલિકાના ફાયર બ્રિગેડના અત્યંત મહત્વપૂર્ણ અને આપાતકાલીન ઈમરજન્સી વાહનનો પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડના ધાનપુર તાલુકાના પીપેરો ગામે આવેલા વૈભવી નિવાસસ્થાનની સફાઈ માટે બેરોકટોક ઉપયોગ કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. દિવાળીના પાવન તહેવારોને આડે હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે દેવગઢ બારિયા નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરની સ્પષ્ટ સૂચનાથી ફાયર બ્રિગેડની ટીમ સરકારી વાહન લઈને અંદાજે પચીસ કિલોમીટર દૂર પૂર્વ મંત્રીના ઘેર પહોંચી ગઈ હતી અને હાઈ-પ્રેશર પાણીના ફુવારા તથા સરકારી સાધનો દ્વારા વૈભવી મંગલાની સફાઈ કરવામાં આવી હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

મીડિયા અહેવાલ અને સ્થાનિક સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, દેવગઢ બારિયા તાલુકામાં અગાઉ થયેલા કરોડો રૂપિયાના ચકચારી કૌભાંડ બાદ તત્કાલીન રાજ્યમંત્રી બચુભાઈ ખાબડના બંને પુત્રોની આરોપીઓ તરીકે સંડોવણી બહાર આવી હતી, જેના પગલે રાજ્યના નવા મંત્રીમંડળની રચના વખતે તેમને



મંત્રીપદેથી પડતા મૂકવામાં આવ્યા હતા. જોકે, તેમ છતાં દેવગઢ બારિયા નગરપાલિકામાં આજે પણ પૂર્વ મંત્રી બચુ ખાબડ કહે તે જ પ્રમાણે તમામ વહીવટી અને સત્તાકીય કામો થતા હોવાની ચર્ચાઓ આમ નાગરિકોમાં જોરશોરથી ચાલી રહી છે.

દિવાળીના તહેવારો પૂર્વે પૂર્વ મંત્રીનું માદરે વતન પીપેરો ખાતે આવેલું મોટું અને વૈભવી મકાન સ્વચ્છ અને ચકાચક દેખાય તે માટે નગરપાલિકાનું આપાતકાલીન વાહન ત્યાં મોકલવામાં આવ્યું હતું. સામાન્ય દિવસોમાં જ્યારે કોઈ દુર્ઘટના, આગ કે કુદરતી આપત્તિ સર્જાય ત્યારે ગરીબ અને સામાન્ય નાગરિકોના જીવ બચાવવા માટે ખડેપગે રહેતી ફાયર બ્રિગેડની ટીમ આ પ્રકારે કોઈ વિશિષ્ટ નેતાની ખાનગી સેવામાં જોતરાઈ જાય તે સ્થાનિક જનતા માટે આશ્ચર્ય અને રોષનો વિષય બન્યો છે. વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે ફાયર બ્રિગેડના હાઈ-પ્રેશર સાધનો, નગરપાલિકાનું મૂલ્યવાન પાણી અને સરકારી કર્મચારીઓ પોતાના નિયત કાર્યક્ષેત્રની મર્યાદાઓ ઓળંગીને ખાનગી મકાનની સફાઈમાં રોકાયેલા છે.

આ સમગ્ર વિવાદ અંગે જ્યારે ફાયર ઓફિસર મયુર ચૌહાણનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર્યું હતું કે નગરપાલિકાના પ્રમુખ ધર્મેશ કલાલ અને ચીફ ઓફિસર વૈશાલીબેન નિનામાની સત્તાવાર સૂચના મળ્યા બાદ જ ફાયર ફાઈટરની ગાડી પીપેરો મોકલવામાં આવી હતી. જોકે, તેમણે સાથે એમ પણ જણાવ્યું હતું કે કોઈના પણ ઘર ધોવા માટે નગરપાલિકાના નિયમોમાં કોઈ જોગવાઈ નથી, પરંતુ આ કામગીરી પૂર્ણ થયા બાદ પ્રતિ કિલોમીટર પિસ્તાલીસ રૂપિયા લેખે કુલ રૂપિયા બે હજાર સાતસોનો સરકારી ચાર્જ નિયમનુસાર જમા લઈ લેવામાં આવ્યો છે.

સરકારી ડીઝલ, પાણી, મશીનરી અને કર્મચારીઓનો કિંમતી સમય જાહેર નાણાંના ભોગે આ પ્રકારે અંગત કામ માટે વપરાતો હોવાથી સામાન્ય પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકારી સંસ્થાઓ અને આપાતકાલીન સેવાનો આ પ્રકારે રાજકીય પ્રભાવ હેઠળ દુરુપયોગ થતો અટકાવવા માટે ઉચ્ચ કક્ષાએથી કડક તપાસ હાથ ધરવામાં આવે તેવી લોકબુલંદ માંગ ઉઠી રહી છે.

## સુરતમાં નવરાત્રીના ગણતરીના દિવસો બાકી છતાં ફાયર પરવાનગી માટે આયોજકોની ઉદાસીનતા



સુરત | સુરત શહેરમાં નવરાત્રી મહોત્સવના આગમનને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે યુવાવર્ગમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરમાં વિવિધ સ્થળોએ મોટા પાયે વ્યાવસાયિક નવરાત્રી આયોજનની તૈયારીઓ પૂરઝડપથી ચાલી રહી છે અને મોટા ડોમ તથા મંડપ ઊભા કરવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. જોકે, આ ઉત્સાહ વચ્ચે ગરબા આયોજકોની મોટી ઉદાસીનતા પણ સામે આવી રહી છે. સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા અગાઉથી જ અત્યંત કડક માર્ગદર્શિકા અને ફરજિયાત ફાયર પરવાનગી મેળવવાની શરત મૂકવામાં આવી હોવા છતાં, હજુ સુધી એક પણ આયોજકે ફાયર વિભાગ પાસેથી પરવાનગી મેળવવાની તસ્દી લીધી નથી.મીડિયા અહેવાલ મુજબ, સુરત પાલિકાના ફાયર વિભાગ દ્વારા આગામી નવરાત્રી પર્વને ધ્યાનમાં રાખીને સુરક્ષાના ભાગરૂપે કડક નિયમો નક્કી કરવામાં આવ્યા છે. ખાસ કરીને મોટા ડોમ અને પંડાલમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ અને નાગરિકો એકત્રિત થવાના હોવાથી, જો કોઈ અનિચ્છનીય અગ્નિકાંડ કે દુર્ઘટના સર્જાય તો સલામત રીતે બહાર નીકળવાની વ્યવસ્થા, ભીડ નિયંત્રણ અને અધ્યતન ફાયર સેફ્ટીના સાધનો હોવા અનિવાર્ય છે.

## નર્મદા જિલ્લામાં સુરક્ષાના ભાગરૂપે કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે

(એજન્સી) રાજપીપલા । તા. 06

નર્મદા જિલ્લામાં અનિચ્છનીય બનાવો અટકાવવા અને પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા એક કડક અને મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. નર્મદાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી.કે. ઉંધાડ દ્વારા એક સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જેના અંતર્ગત જિલ્લામાં આવેલા વિવિધ નદીઓ, ડેમ, જળાશયો, ધોધ અને અન્ય ભયજનક સ્થળો પર કોઈપણ વ્યક્તિઓ કે પ્રવાસીઓના પ્રવેશવા તેમજ નહાવા પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાનાં જીતગઢ કરજણ ડેમના નીચેના ભાગે, પોઈચા ભાઠા, માંડણ ગામ, રામપુરા ઘાટ, કાળીયાભૂત ધોધ, ગામડી ભાઠા, કરજણ ઓવારા, ગુવાર ભાઠા, કરજણ બ્રીજ, પોઈચા બ્રીજ નીચે નર્મદા નદીમાં પ્રવેશ પર રોક લગાવવામાં આવી છે. આ ઉપરાંત ઓરી નર્મદા નદીનો કિનારો, સિસોદ્રા નર્મદા નદીનો કિનારો, પાટણા નર્મદા નદીનો કિનારો, વરાછા નર્મદા નદીનો કિનારો, જુનાઘાંટા ધોધ, વિસાલખાડી, બાર ફળિયા વણઝર ખાતે કરજણ નદી તેમજ જુનારાજ વિસ્તારનો પણ આ પ્રતિબંધિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ગરૂડેશ્વર તાલુકાના ગોરા હરિધામ આશ્રમના પાછળના ભાગે આવેલા ઓવારા, ગરૂડેશ્વર વિયર ડેમના પાછળના ભાગે, ગરૂડેશ્વર દત્ત મંદિર ઓવારા, વાસલા નદી કિનારા વિસ્તાર, એકતા ક્રુઝ જેટી પોઈન્ટ, સૂર્ય કુંડ, વાગડીયા ગામ જુના બ્રીજ પાસે, ગોરા નવા બ્રીજ પાસે, ગોરા ત્યાગી ઘાટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી જેટી પોઈન્ટ, વ્યૂ પોઈન્ટ નંબર એક અને બે, સરદાર સરોવર ડેમ તથા તેની પાછળ આવેલા બોટ પોઈન્ટથી મોખડી પોટાહાટ સુધીના વિસ્તારમાં જવાની સખત મનાઈ ફરમાવાઈ છે. સાથે જ ડાઈક નંબર એક, બે, ત્રણ, ટેન્ટ સીટી નજીક, ઝીરો પોઈન્ટ ભૂમલિયા કેનાલ, વોટર એરોડ્રોમ, ઝરવાણી ધોધ અને ખલવાણી ખાતે પણ લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## નર્મદા જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ તા. 21 ઓક્ટોબરના રોજ કલેક્ટર કચેરી ખાતે યોજાશે

(એજન્સી) રાજપીપલા । તા. 06

નર્મદા જિલ્લાના પ્રજાજનોની સુખાકારી અને તેમના લાંબા સમયથી અટવાયેલા પ્રશ્નોના ત્વરિત અને સંતોષકારક નિવારણ માટે વહીવટી તંત્ર દ્વારા મહત્વપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ તાલુકાઓમાં મામલતદાર કચેરી અને ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રીની કચેરી ખાતે તેમજ જિલ્લાકક્ષાનો સ્વાગત કાર્યક્રમ આગામી એકવીસ ઓક્ટોબરના રોજ બપોરે સાડા ત્રણ વાગ્યે કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે યોજાશે. જ્યારે તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ તે જ દિવસે સવારે સાડા દસ વાગ્યે યોજાશે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જિલ્લા અને તાલુકા-ગ્રામ કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમને અનુલક્ષીને જે નાગરિકોની વ્યક્તિગત ફરિયાદોનો લાંબા સમયથી સંતોષકારક નિકાલ આવ્યો નથી, તેઓએ પોતાના પ્રશ્નો સંબંધિત ખાતાના વડાને સુવાચ્ય અક્ષરે અરજી કરવાની રહેશે. આ અરજીઓની બે નકલો સંબંધિત મામલતદાર કચેરી ખાતે દસ ઓક્ટોબરના રોજ સાંજના છ વાગ્યા સુધીમાં અવશ્ય પહોંચતી કરવાની રહેશે. આ નિર્ધારિત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓનો આ કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહીં.

આ ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે કેટલાક વિશેષ નિયમો નક્કી કરવામાં આવ્યા છે, જેમાં કોર્ટને લગતી બાબતો, નીતિ વિષયક નિર્ણયો, કર્મચારીઓને લગતા તથા સેવા વિષયક પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે નહીં. એક અરજીમાં માત્ર એક જ પ્રશ્નની રજૂઆત કરવાની રહેશે અને જો એકથી વધુ પ્રશ્નો હોય તો પ્રશ્નવાર તેમજ ખાતાવાર અલગ-અલગ અરજીઓ આપવાની રહેશે. અરજદારે સૌપ્રથમ સંબંધિત ખાતા કે કચેરીને અરજી કરેલી હોવી જોઈએ અને વિભાગ દ્વારા કોઈ પ્રત્યુત્તર કે કાર્યવાહી ન મળી હોય તેવી જ અરજીઓ આ કાર્યક્રમ હેઠળ સ્વીકારવામાં આવશે. અરજી ઉપર તથા કવર ઉપર “જિલ્લા, તાલુકા અને ગ્રામકક્ષાનો સ્વાગત કાર્યક્રમ” સ્પષ્ટ અક્ષરે લખવાનું રહેશે.

## રાજપીપલામાં કચેરીઓ ખાતે ધરણાં-પ્રદર્શન ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું

(એજન્સી) રાજપીપલા । તા. 06

નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનાવી રાખવા તેમજ સરકારી કચેરીઓમાં આવતા નાગરિકો અને કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે વહીવટી તંત્ર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા કલેકટર કચેરી તેમજ વિવિધ તાલુકા કચેરીઓ ખાતે નાગરિકો અને સંસ્થાઓ દ્વારા પોતાની માંગણીઓ રજૂ કરવા માટે અવારનવાર સમૂહમાં આવતા હોય છે, ત્યારે આ પ્રવૃત્તિઓ દરમિયાન કચેરીઓની શાંતિ અને સોહાર્દપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સી.કે. ઉંધાડ દ્વારા એક કડક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જિલ્લામાં આવેલી સરકારના વિવિધ વિભાગોની તમામ કચેરીઓના કંપાઉન્ડ વિસ્તારમાં કેટલાક ચોક્કસ કૃત્યો કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરનામા મુજબ, સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના કચેરી માં કોઈપણ પ્રકારના પ્રદર્શન, ધરણાં, ઉપવાસ કે રેલી યોજવા પર પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત, કચેરીઓ ખાતે કોઈપણ પ્રકારની માઈક સિસ્ટમ કે ડી.જે. નો ઉપયોગ કરવા પર પણ રોક લગાવવામાં આવી છે, જેથી રોજીંદી સરકારી કામગીરીમાં કોઈ અડચણ ઊભી ન થાય.

અધિકારીઓ, કર્મચારીઓ, અરજદારો તેમજ કચેરીના મુલાકાતીઓને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય અને કચેરી પરિસરમાં શાંતિ, સલામતી તેમજ સંવાદિતા જળવાઈ રહે તે માટે ખાસ કાળજી રાખવા સૂચના અપાઈ છે. આ સ્થળોએ શાંતિ જોખમાય કે અસંતોષ ફેલાય તેવા સૂત્રોચ્ચાર કરવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તંત્ર દ્વારા જારી કરાયેલા આ આદેશની ચુસ્ત અમલવારી પંદરમી ઓક્ટોબર સુધી કરવાની રહેશે. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ જાહેરનામાનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિ કે સંસ્થા સામે કાયદાકીય જોગવાઈઓ મુજબ સખત કાર્યવાહી કરવામાં આવશે અને તે શિક્ષાને પાત્ર બનશે.

## પ્રતાપનગર – કોલકાતા વચ્ચે સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન

વડોદરા | મુસાફરોની સુવિધા તેમજ મુસાફરીની વધતી માંગને પહોંચી વળવા અને વધારાની ભીડને નિયંત્રિત કરવાના હેતુથી પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા પ્રતાપનગર - કોલકાતા સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા સાથે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે.પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર ટ્રેનની વિગતો નીચે મુજબ છે: 1. ટ્રેન નંબર 03110/03109 પ્રતાપનગર - કોલકાતા સાપ્તાહિક સ્પેશિયલ [14 ફેરા] ટ્રેન નંબર 03110 પ્રતાપનગર - કોલકાતા સ્પેશિયલ દર ગુરુવારે વડોદરાથી 16:15 કલાકે ઉપડશે અને શનિવારે 12:05 કલાકે કોલકાતા પહોંચશે. આ ટ્રેન 15 ઓક્ટોબરથી 26 નવેમ્બર, 2026 સુધી દોડશે. તે જ રીતે, ટ્રેન નંબર 03109 કોલકાતા - પ્રતાપનગર સ્પેશિયલ દર મંગળવારે કોલકાતાથી 08:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે 23:40 કલાકે પ્રતાપનગર પહોંચશે. આ ટ્રેન 13 ઓક્ટોબરથી 24 નવેમ્બર, 2026 સુધી દોડશે. આ ટ્રેન બંને દિશામાં : વડોદરા, ગોધરા, રતલામ, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ઈદગાહ આગ્રા, ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, પં. દીનદયાળ ઉપાધ્યાય, ભભુઆ રોડ, સાસારામ, ડેહરી ઓનસોન, અનુગ્રહ નારાયણ રોડ, ગયા, તિલૈયા, નવાદા, શેખપુરા, કિઉલ, ઝાઝા, જસીડીહ, મધુપુર, ચિત્તરંજન, આસનસોલ, દુર્ગાપુર તથા બર્દ્ધમાન સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી-3 ટિયર, સ્લીપર ક્લાસ અને દ્વિતીય શ્રેણીના સામાન્ય ડબ્બા હશે.ટ્રેન નંબર 03110નું બુકિંગ 08 ઓક્ટોબર 2026 થી તમામ PRS કાઉન્ટરો તેમજ IRCTC ની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.

## નખત્રાણામાં અનંત ગ્રુપની અનોખી પહેલ: ગૌસેવાના સંકલ્પ સાથે પ્રથમ વખત ભવ્ય ગૌ રાત્રી

### સાધુ-સંતો અને ગૌભક્તોના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે પ્રારંભ | સાંસદ વિનોદ ચાવડા ખાસ અતિથિ | રાતભર રાસ-ગરબાની રમઝટમાં ઝૂમ્યા નખત્રાણા તાલુકાના ખેલૈયાઓ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણામાં અનંત ગ્રુપ દ્વારા ગૌસેવાના લાભાર્થે સૌપ્રથમ વખત ભવ્ય ગૌ રાત્રીનું સુંદરમ્ રિસોર્ટ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ગૌસેવા, ધાર્મિક આસ્થા, સંગીત અને લોકસંસ્કૃતિના સુંદર સમન્વય સાથે યોજાયેલી આ અનોખી ગૌ રાત્રીમાં નખત્રાણા તાલુકાના ગામડે ગામડેથી મોટી સંખ્યામાં રાસ-ગરબાના રસિયાઓ ઉમટી પડ્યા હતા.કાર્યક્રમનો પ્રારંભ સાધુ-સંતો તથા ગૌભક્તોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કચ્છના સાંસદ શ્રી વિનોદ ચાવડા ખાસ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. રાજકીય-સામાજિક આગેવાનો, દાતાશ્રીઓ તેમજ વિવિધ ક્ષેત્રના આગેવાનોની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો.

### પ્રથમ કોમ્પિટિશન રાઉન્ડના વિજેતાઓનું સન્માન

ગૌ નવરાત્રી દરમિયાન પ્રથમ કોમ્પિટિશન રાઉન્ડ યોજાયો હતો, જેમાં ખેલૈયાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામો તથા સન્માનપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ આયોજનમાં સહયોગ આપનાર રાજકીય-સામાજિક આગેવાનો અને દાતાશ્રીઓને મોમેન્ટો અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

### ચેતન ઠક્કર સહિત અનંત ગ્રુપના યુવાનોની આગેવાનીમાં સંગીત-ગરબાની રમઝટ




ચેતન ઠક્કર સહિત અનંત ગ્રુપના યુવાનોની આગેવાનીમાં સંગીત-ગરબાની રમઝટ

મુખ્ય આયોજક શ્રી ચેતન ઠક્કર, પ્રિષા ડેવલોપર્સ તેમજ અનંત ગ્રુપના યુવાનોના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં ખ્યાતનામ કલાકારોની સંગીતમય રજૂઆતો સાથે રાસ-ગરબાની રમઝટ બોલી હતી. સાંજે ૮ વાગ્યાથી શરૂ થયેલી પ્રી-નવરાત્રીની ઉજવણી સવારના પાંચ વાગ્યા સુધી ચાલી હતી.નખત્રાણા તાલુકાના વિવિધ ગામોમાંથી ખેલૈયાઓ ઉમટી પડતાં રાસ-ગરબાના મેદાનમાં ભારે ભીડ જોવા મળી હતી. ધાર્યા કરતાં પણ વધુ સંખ્યામાં લોકો ઉમટી પડતાં આયોજન સ્થળ સમિયાણું ટૂંકું પડ્યું હતું. તેમ છતાં ખેલૈયાઓએ મન મૂકીને રાસ-ગરબે રમીને વહેલી સવાર સુધી ઉત્સવનો આનંદ માણ્યો હતો. સમગ્ર સુંદરમ્ રિસોર્ટ રાસના તાલે ઝૂમી ઉઠ્યું હતું.

### ઓછા વરસાદ વચ્ચે ગૌસેવાનો સંદેશ

આ આયોજનનો હેતુ માત્ર મનોરંજન પૂરતો મર્યાદિત નહોતો. હાલ ઓછા વરસાદને કારણે વિસ્તારમાં ઘાસચારા અને પશુઆહારની અછતની સ્થિતિ ઊભી થઈ રહી છે. આવી પરિસ્થિતિમાં ગૌસેવા માટે લોકોમાં જાગૃતિ આવે અને ગૌમાતાની સેવા માટે સહયોગ એકત્રિત થાય તેવા સેવાભાવી ઉદ્દેશ સાથે અનંત ગ્રુપ દ્વારા ગૌ રાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું.સંગીત અને સંસ્કૃતિને ગૌસેવાના માધ્યમ સાથે જોડતી નખત્રાણાની આ પ્રથમ ગૌ રાત્રી સેવાભાવ અને સામાજિક એકતાનો સંદેશ આપતી બની રહી હતી.અનંત ગ્રુપના ધ્રુવ જોષી સહિત સમગ્ર ટીમ, મુખ્ય આયોજક ચેતન ઠક્કર, પ્રિષા ડેવલોપર્સ તેમજ તમામ સહયોગીઓ અને દાતાશ્રીઓને આ સફળ અને સેવાભાવી આયોજન બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# કલોલ સ્ટેશનનો ₹48.22 કરોડના ખર્ચે થયો વ્યાપક પુનર્વિકાસ

અમદાવાદ | પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના કલોલ રેલવે સ્ટેશનનો અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત આશરે 48.22 કરોડના ખર્ચે વ્યાપક પુનર્વિકાસ કરવામાં આવ્યો છે. પુનર્વિકાસ બાદ સ્ટેશનને આધુનિક, સુરક્ષિત, સુગમ અને આકર્ષક સ્વરૂપ આપવામાં આવ્યું છે. સ્ટેશન ભવનનું ઉન્નતીકરણ, નવો એન્ટ્રી ગેટ અને પોર્ચ, આકર્ષક ફસાડ, વિશાળ સર્ક્યુલેટિંગ એરિયા, પાર્કિંગ, ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મનું વિસ્તરણ, કવર ઓવર પ્લેટફોર્મ તેમજ બીજા પ્રવેશદ્વાર સહિતના તમામ મુખ્ય કામો પૂર્ણ થઈ ચૂક્યા છે. 14,000 ચોરસ ફૂટનું આધુનિક સ્ટેશન ભવન : કલોલ સ્ટેશન પર આશરે 14,000 ચોરસ ફૂટ વિસ્તારમાં આધુનિક સ્ટેશન ભવન વિકસાવવામાં આવ્યું છે. સ્ટેશન ભવનમાં મુસાફરોની સુવિધા માટે વધુ સારી મુસાફર સુવિધાઓની જોગવાઈ કરવામાં આવી છે. સ્ટેશનના નવા ભવનને આધુનિક સ્થાપત્ય શૈલી અનુસાર તૈયાર કરવામાં આવ્યું છે તથા આકર્ષક ફસાડ અને ભિત્તિચિત્રો (Murals) દ્વારા સ્ટેશન પરિસરનું સૌંદર્યીકરણ કરવામાં આવ્યું છે. બે નવા પ્રવેશ અને નિકાસ દ્વાર : મુસાફરોની અવરજવરને સુગમ બનાવવા માટે 70 અને 80 ચોરસ ફૂટ પહોળા બે નવા પ્રવેશદ્વાર તેમજ સમાન કદના બે બહાર નીકળવાના દ્વાર વિકસાવવામાં આવ્યા છે. આ સુવિધાઓથી સ્ટેશનમાં મુસાફરોના પ્રવેશ અને બહાર નીકળવાની વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બની છે. : 40 ફૂટ પહોળો ફૂટ ઓવર બ્રિજ અને લિફ્ટની સુવિધા : મુસાફરોની સુરક્ષિત અને સુગમ અવરજવર માટે આશરે 7,000 ચોરસ ફૂટ વિસ્તારમાં 40 ફૂટ પહોળો અને 173 ફૂટ લાંબો ફૂટ ઓવર બ્રિજ (FOB) તૈયાર કરવામાં આવ્યો છે. આ ફૂટ ઓવર બ્રિજ શહેરના બંને છેડા તેમજ તમામ પ્લેટફોર્મોને જોડે છે, જેના કારણે મુસાફરોને પ્લેટફોર્મ બદલવામાં વધુ સુવિધા મળે છે.ફૂટ ઓવર બ્રિજ પર લિફ્ટની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેનાથી વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગજનો તેમજ અન્ય મુસાફરોને પ્લેટફોર્મ વચ્ચે અવરજવર કરવામાં વિશેષ સુવિધા મળશે. 20,000 ચોરસ ફૂટનો કવર શેડ અને 2,370 ચોરસ ફૂટનો વેઈટિંગ હોલ : મુસાફરોને હવામાનથી સુરક્ષા અને વધુ સારી સુવિધા પૂરી પાડવા માટે પ્લેટફોર્મ પર આશરે 20,000 ચોરસ ફૂટનો કવર શેડ વિકસાવવામાં આવ્યો છે. આ ઉપરાંત આશરે 2,370 ચોરસ ફૂટનો વિશાળ વેઈટિંગ હોલ મુસાફરોને આરામદાયક પ્રતીક્ષાસ્થળની સુવિધા પૂરી પાડે છે. કાર અને 110 દ્વિચક્રી વાહનો માટે પાર્કિંગ : સ્ટેશન પરિસરમાં આશરે 18,750 ચોરસ ફૂટ વિસ્તારમાં વ્યવસ્થિત પાર્કિંગ સુવિધા વિકસાવવામાં આવી છે. અહીં 55 કાર અને 110 દ્વિચક્રી વાહનોના પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ છે. તેનાથી સ્ટેશન પરિસરમાં વાહનોની અવરજવર અને પાર્કિંગ વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બની છે. પ્લેટફોર્મ વિસ્તરણ, COP અને બીજા પ્રવેશદ્વારનો વિકાસ : મુસાફરોની વધતી



જતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પ્લેટફોર્મ વિસ્તરણનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કવર ઓવર પ્લેટફોર્મ (COP)નું કાર્ય પણ પૂર્ણ થઈ ચૂક્યું છે. સ્ટેશન પર બીજા પ્રવેશદ્વાર (Second Entry)નો વિકાસ કરવામાં આવ્યો છે, જેના કારણે શહેરના બંને તરફથી સ્ટેશન સુધી પહોંચવું વધુ સુવિધાજનક બન્યું છે.દરરોજ આશરે 2,500 મુસાફરોને મળશે લાભ : હાલમાં આશરે 2,500 મુસાફરો દરરોજ કલોલ સ્ટેશનનો ઉપયોગ કરે છે અને 30 થી વધુ ટ્રેનો અહીં નિયમિત રીતે ઊભી રહે છે. સ્ટેશનના પુનર્વિકાસથી મુસાફરોને આધુનિક સુવિધાઓ, વધુ સારી કનેક્ટિવિટી અને વધુ સુવ્યવસ્થિત સ્ટેશન પરિસરનો લાભ મળશે. ભવિષ્યની મુસાફર જરૂરિયાતોને અનુરૂપ વિકસાવવામાં આવેલ સ્ટેશન : વિસ્તારની વધતી જતી વસ્તી અને ભવિષ્યની મુસાફર જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કલોલ સ્ટેશનને દરરોજ આશરે 40,000 મુસાફરોની અવરજવરને સંભાળી શકે તેવી ક્ષમતા અનુસાર વિકસાવવામાં આવ્યું છે. સ્ટેશનના પુનર્વિકાસથી મુસાફર સુવિધાઓમાં વ્યાપક સુધારાની સાથે શહેરના બંને ભાગો વચ્ચે વધુ સારી કનેક્ટિવિટી પણ સુનિશ્ચિત થઈ છે. કલોલ માટે આધુનિક રેલ સુવિધાઓનું નવું કેન્દ્ર : કલોલ સ્ટેશનનો પુનર્વિકાસ મુસાફરોના મુસાફરી અનુભવને વધુ સારો બનાવવાની સાથે-સાથે પ્રાદેશિક વિકાસને પણ નવી ગતિ આપશે. આધુનિક સ્ટેશન ભવન, વધુ સારી પ્રવેશ અને બહાર નીકળવાની વ્યવસ્થા, વિશાળ કવર શેડ, વેઈટિંગ હોલ, પાર્કિંગ, લિફ્ટ સુવિધાયુક્ત ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મ વિસ્તરણ તેમજ બીજા પ્રવેશદ્વાર જેવી સુવિધાઓ સાથે પુનર્વિકસિત કલોલ સ્ટેશન કલોલ તથા આસપાસના વિસ્તારો માટે આધુનિક, સ્માર્ટ અને સુગમ રેલ પરિવહનનું મુખ્ય કેન્દ્ર બનીને તૈયાર થયું છે.

### આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની 15 ઓક્ટો. સુધી થઈ

## બાગાયતની નવી સહાય યોજનાઓ માટે ઓનલાઈન અરજીની મુદત લંબાઈ

(એજન્સી) રાજપીપલા । તા. 06

વર્ષ ૨૦૨૬-૨૭ માટે સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ યોજના હેઠળ બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓનો લાભ મેળવવા માટે આતુર બાગાયતદાર ખેડૂતો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહતસભર સમાચાર સામે આવ્યા છે. ખેડૂતલક્ષી અભિગમને સર્વોપરી રાખીને વધુમાં વધુ લાભાર્થીઓ આ યોજનાનો પૂરેપૂરો લાભ મેળવી શકે તેવા ઉમદા હેતુસર વહીવટી તંત્ર દ્વારા આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની નિર્ધારિત સમયમર્યાદામાં વિશેષ વધારો કરવામાં આવ્યો છે. અગાઉ આ અરજીઓ કરવાની અંતિમ તારીખ ૩૦ સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી હતી, જેને હવે લંબાવીને આગામી ૧૫ ઓક્ટોબર સુધી ખુલ્લી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ યોજના અંતર્ગત મુખ્યત્વે ત્રણ મહત્વપૂર્ણ કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે, જેમાં ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ, બહુસ્તરીય પદ્ધતિથી ફળપાકોના વાવેતર વિસ્તારને વ્યાપક બનાવવાનો કાર્યક્રમ તેમજ રાઈઝોમેટીક પાકો જેવા કે આદુ અને હળદરની ખેતીને વિશેષ પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ સામેલ છે. ખાસ ઉલ્લેખનીય છે કે રાઈઝોમેટીક પાકોને પ્રોત્સાહન આપવાની આ વિશેષ યોજના માત્ર અનુસૂચિત જાતિના ખેડૂતો માટે જ લાગુ પડે છે. આ તમામ યોજનાઓ થકી ખેડૂતોની આવક બમણી કરવા અને તેમની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનાવવાનો સરકારનો મુખ્ય હેતુ છે.

બાગાયત વિકાસની આ યોજનાઓનો લાભ લેવા ઈચ્છુક તમામ ઉત્સાહી ખેડૂતોએ નિયત સમયમર્યાદા એટલે કે આગામી ૧૫ ઓક્ટોબર સુધીમાં આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી દેવાની રહેશે. નાયબ બાગાયત નિયામકશ્રી, નર્મદા-રાજપીપળા દ્વારા તમામ ખેડૂતોને આ તક ઝડપી લેવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

### ભાવિક શાહ નામના શખ્સે વિશ્વાસઘાત આચર્યો

## વડોદરામાં 85 વર્ષના વયોવૃદ્ધ સાથે 16 લાખથી વધુની ઠગાઈ

(એજન્સી) વડોદરા । તા. 06

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા પંચાસી વર્ષીય એક વયોવૃદ્ધ નાગરિક સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડીની એક ગંભીર ઘટના સામે આવી છે. માંજલપુર વિસ્તારના જૈન દેરાસર રોડ પર આવેલી શ્રી વીર રેસિડેન્સીમાં રહેતા અજીતભાઈ ભોગીલાલ મોદી નામના બોંચ્યાસી વર્ષીય વયોવૃદ્ધ સાથે તેમના જ પરિચિત ગણાતા એક શખ્સે ગાઢ પારિવારિક સંબંધો કેળવીને સોળ લાખથી વધુ રકમ પડાવી લીધી હોવાની સત્તાવાર ફરિયાદ માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

માંજલપુરના જીઆઈડીસી રોડ સ્થિત સહજાનંદ ફ્લેટ્સમાં રહેતા ભાવિક પ્રવીણચંદ્ર શાહ નામના શખ્સ સાથે અજીતભાઈ મોદીને છેલ્લા દસ વર્ષથી પારિવારિક સંબંધો હતા. અજીતભાઈ વયોવૃદ્ધ હોવાથી આ શખ્સ અવારનવાર તેમની સાથે જૈન મંદિરે દર્શને જતો હતો, તેમના ઘરકામમાં મદદ કરતો હતો અને બજારના કામકાજમાં પણ સાથ આપતો હતો. આ રીતે પચાસી વર્ષીય વયોવૃદ્ધનો વિશ્વાસ કેળવી લીધા બાદ, એપ્રિલ 2023થી આ શખ્સે પોતાના અંગત તેમજ વ્યાવસાયિક કામકાજનું બહાનું ધરીને નાણાંની માંગણી કરવાનું શરૂ કર્યું હતું. આરોપીએ સમયસર નાણાં પરત આપી દેવાનો પાકો ભરોસો આપ્યો હતો, જેના પર વિશ્વાસ મૂકીને વયોવૃદ્ધ અજીતભાઈએ પોતાના અલગ-અલગ બેંક ખાતાઓમાંથી ચેક અને ઓનલાઈન ટ્રાન્સફર મારફતે પંદર લાખ ચૌદ હજાર પાંચસો રૂપિયા તથા રોકડા એક લાખ અઢાર હજાર પાંચસો રૂપિયા મળીને કુલ સોળ લાખ તેત્રીસ હજાર રૂપિયા તે શખ્સને આપ્યા હતા. લાંબો સમય વા છતાં જ્યારે રકમ પરત ન મળતા અજીતભાઈએ પોતાના નાણાંની માંગણી કરી, ત્યારે આરોપીએ આપેલો આઈસીઆઈસીઆઈ અને એચડીએફસી બેંકના ચાર લાખ પચાસ હજાર, ત્રણ લાખ એંસી હજાર અને આઠ લાખ રૂપિયાના ચેક બેંકમાં જમા કરાવતા અપૂરતા બેલેન્સ એટલે કે ઈન્સફિશિયન્ટ ફંડ્સના કારણે તમામ ચેક બાઉન્સ થયા હતા.

# આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારે નિરાંત અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાની જરૂર છે.

**મિથુન : ક. છ. ઘ.**

કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે.

**કર્ક : ડ. હ.**

અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**સિંહ : મ. ટ.**

તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. પરિવારના સભ્યો તમારા મત સાથે સહમત થશે. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે, તે ખૂબ ધાર્મિક તથા આધ્યાત્મિક બાબત પણ છે.

**કન્યા : પ. ઠ. ણ.**

રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. આજના દિવસને ખાસ બનાવવા માટે તમારા પરિવાર સાથે સાંજે કૅન્ડલ લાઈટ ડીનર માણો.

**તુલા : ર. ત.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. એવો દિવસ જ્યારે તમારી માટે ખરાબ લાગણી ધરાવનારી વ્યક્તિ તમારી સાથેની ગેરસમજ દૂર કરવાનો તથા તમારી સાથે સમાધાન સાધવાનો પ્રયાસ કરશે.

**વૃશ્ચિક : ન. ય.**

રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે.

**મકર : ખ. જ.**

તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમે તમારી મોહિની તથા તમારૂં બુદ્ધિચાતુર્ય વાપરશો તો તમે લોકો પાસેથી ધાર્યું કામ કઢાવી શકશો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો.

**મીન : દ.ચ. ઝ. થ.**

તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે.

# સેવા સંકલ્પ અભિયાન: ચિત્રાસણી ખાતે મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ સ્વચ્છતા અભિયાનમાં શ્રમદાન દ્વારા ગામલોકોને આપી પ્રેરણા

માહિતી બ્યુરો, પાલનપુર| વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાથી રાષ્ટ્રસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે આયોજિત "સેવા સંકલ્પ અભિયાન - વડનગરથી વારાણસી-૨૦૨૬" અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ચિત્રાસણી ખાતે પહોંચેલા અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયા હતા.મંત્રીશ્રીએ સ્વયં સફાઈ કરીને સ્વચ્છતાના મહત્વનો પ્રત્યક્ષ સંદેશ આપ્યો હતો. તેમણે ઉપસ્થિત સૌને જાહેર સ્થળો તેમજ આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા અને સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા અપીલ કરી હતી. મંત્રીશ્રીની આ પહેલથી ઉપસ્થિત લોકોમાં પણ સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વધુ મજબૂત બની હતી.આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સ્વચ્છતા માત્ર સરકારી તંત્રની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની સહિયારી જવાબદારી છે. લોકો સ્વચ્છતાને પોતાની દૈનિક જીવનશૈલીનો ભાગ બનાવે અને સ્વચ્છ ગામ, સ્વચ્છ શહેર તથા સ્વચ્છ ગુજરાતના નિર્માણમાં સહભાગી બને તેવો સંદેશ તેમણે આપ્યો હતો.

# સર્પ ડંશના ઈન્જેકશન, પ્રાથમિક સારવાર હવે ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઉપલબ્ધ




નરેન્દ્ર દવે જૂનાગઢ

જ્યારે કોઈને સર્પ ડંશ લાગે ત્યારે કોઈએ અવૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવવાને બદલે કટોકટીના સમયમાં તાત્કાલિક સારવાર આપતી ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવી તેમની પાસે પ્રાથમિક સારવાર સાથે સર્પ ડંશના ઈલાજ માટેના ઈન્જેકશાનો પણ ઉપલબ્ધ હોય છે તે સગવડનો લાભ પણ લઈ નજીકની હોસ્પિટલ સુધી વધુ સારવાર માટે પહોંચી જીવ બચાવી શકાય છે, આ ઈમરજન્સી સેવા પોતાના ઘર, ખેતર, વાડી સુધી મળી શકે છે તેમ જાણવા મળ્યું છે.

# વારાણસીથી વડનગર તરફ પ્રસ્થાન કરેલી 'સેવા સંકલ્પ બાઈક સેવા યાત્રાનું છાપી ખાતે રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે સ્વાગત કર્યું



માહિતી બ્યુરો, પાલનપુર | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાથી રાષ્ટ્રસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે આયોજિત "સેવા સંકલ્પ અભિયાન - વડનગરથી વારાણસી-૨૦૨૬" અંતર્ગત વારાણસીથી વડનગર તરફ પ્રસ્થાન કરેલી બાઈક સેવા યાત્રાનું બનાસકાંઠા જિલ્લામાં આગમન થયું હતું. બનાસકાંઠા જિલ્લાના છાપી ખાતે પહોંચેલી બાઈક સેવા યાત્રાનું જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.છાપી ખાતે મંત્રીશ્રીએ બાઈક સેવા યાત્રામાં જોડાયેલા બાઈક સવારો સાથે મુલાકાત કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. મંત્રીશ્રીએ સ્વયં બાઈક ચલાવી યાત્રામાં જોડાઈ સેવા, સંકલ્પ અને રાષ્ટ્રભાવનાના સંદેશને જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો, કાર્યકર્તાઓ અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક યાત્રાનું સ્વાગત કરી જનસહભાગિતા નોંધાવી હતી.સેવા સંકલ્પ બાઈક સેવા યાત્રામાં બાઈક સવારો સાથે પવિત્ર કળશ રથ સાથે યાત્રા જયારે વિવિધ સ્થળોએ પહોંચીને જનસહભાગિતા સાથે સેવાકીય અને સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓ દ્વારા જન જાગૃતિ કાર્ય કરવામાં આવી રહ્યું છે. છાપી ખાતે યાત્રાના આગમન સમયે પણ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી બાઈક સવારોનો ઉત્સાહ વધાર્યો હતો.આ પ્રસંગે સ્થાનિક જનપ્રતિનિધિઓ, આગેવાનો, સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તાઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં વેલકમ નવરાત્રી-૨૦૨૬ સબબ પ્રજ્ઞાચક્ષુ બહેનો દ્વારા રાસ ગરબાની રમજટ બોલાવશે

નરેન્દ્ર દવે જૂનાગઢ | શ્રી પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી સત્યમ સેવા યુવક મંડળ, અને શ્રી વાઘેશ્વરી માતાજી મંદિર,જૂનાગઢ નાં ઉપક્રમે તારીખ: ૦૯ / ૧૦ / ૨૦૨૬ ને શુક્રવારે સાંજે ૫:૩૦ કલાકે શ્રી વાઘેશ્વરી માતાજી મંદિર, ભવનાથ રોડ, જૂનાગઢ ખાતે પ્રજ્ઞાચક્ષુ બહેનો દ્વારા રાસ ગરબાની રમજટ બોલાવવામાં આવશે 'દ્રષ્ટિ નહીં પણ દિવ્ય ભાવના અને આંતરચક્ષુ દ્વારા ગરબે ઘૂમતી દિવ્યાંગ બહેનોનો ઉત્સાહ વધારવા માટે સૌ માઈ ભક્તો તથા પ્રજાજનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થા તરફથી નિમંત્રણ પાઠવ્યું છે.વિશેષ માહિતી માટે શ્રી મનસુખભાઈ વાજા મો.: ૯૯૨૫૧ ૪૨૦૮૮ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ઉપલેટા તાલુકો દુષ્કાળગ્રસ્ત જાહેર કરો અને ચૂંટણી કમિશ્નરને પદભ્રષ્ટ કરો

રિપોર્ટ વિજય રાડીયા ઉપલેટા



રાજકોટ જિલ્લાના ઉપલેટામાં જિલ્લા અને તાલુકા કોંગ્રેસ સમિતી સહિત આસપાસનાં વિસ્તારોના ખેડૂતો બહોળી સંખ્યામાં એકત્રિત થઈ ઉપલેટા તાલુકામાં આ સીઝનનો વરસાદ બિલકુલ નહિવત થતા અને ખેડૂતોના પાક પાણી વગર સુકાઈ ગયા હોવાથી મામલતદાર કચેરી ખાતે ખેડૂતો બહોળી સંખ્યામાં એકત્રિત થઈ ખેડૂતોના દેવા માફી અને તાત્કાલિક વળતર ચૂકવવા ધારદાર રજૂઆત કરી હતી હાલની પરિસ્થિતિ જોતા આ વર્ષે ઉપલેટા વિસ્તારમાં વરસાદ ખુબજ ઓછો કે સાવ થયો ન હોવાનું પણ કહી શકાય તેમ છે જેને લઈ ખેડૂતો હવે પછીનો રવિ પાક પણ લઈ શકે તેમ નથી કેમ કે આસપાસનાં ડેમો માં પણ પૂરતું પાણી છે નહીં જેથી આજ રોજ ખેડૂતો મામલતદાર કચેરી ખાતે આવી તેમના દેવા માફી અને સહાય આપવા સરકાર પાસે રજૂઆતો કરી છે તેમજ જિલ્લા કોંગ્રસ સમિતી દ્વારા ભારતના ચૂંટણી પંચના વડા ગ્યાનેશ કુમાર પર ભારતીય જનતા પાર્ટી નો સપોર્ટ કરવા વોટ ચોરી કરી SRI ની પ્રક્રિયામાં કરોડો નામ રદ કરી ભાજપને સપોર્ટ કરવાનો ખુલ્લો આક્ષેપ કર્યો છે જેને લઈ ઉપલેટા મામલતદારને આવેદન પત્ર આપી દેશના રાષ્ટ્રપતિ સુધી રજૂઆત કરી ગ્યાનેશ કુમારને પદભ્રષ્ટ કરવા અને તેમની ઊપર કાયદાકીય પગલાં લેવા રજૂઆત કરી હતી.

# ચાણસ્મા મામલતદાર કચેરી અને ચાણસ્મા પાલિકાના સયુંક્ત ઉપક્રમે શહેરી કક્ષાનો સેવા સેતુ યોજાર્યો



નિતીન ઠાકર ચાણસ્મા

સરકારી યોજનાઓમાં જરૂરી આવકનો દાખલો આધાર કાર્ડ આયુષ્યમાન કાર્ડ ચૂંટણીકાર્ડ પાનકાર્ડમાં સુધારા વધારાના જેવા કામો અરજદારો સરળતાથી કરાવી શકે તે માટે સરકાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જે અન્વયે ચાણસ્મા મામલતદાર કચેરી અને ચાણસ્મા પાલિકાના સંયુક્ત ઉપક્રમે શારદાબા હોલ ખાતે શહેરી કક્ષાના સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સવારથી ચાણસ્મા નગરના અરજદારો તેમના વિવિધ સરકારી કામમાં જરૂરી સાધનીક કાગળોના કામ માટે સેવા સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા આઈસીડીએસ આરોગ્ય વન વિભાગ ના કર્મચારીઓ સહિત મામલતદાર કચેરીનાં. કોમ્પ્યુટર ઓપરેટરો દ્વારા સેવા સેતુ કાર્યક્રમમાં સુંદર સેવા બજાવી હતી મામલતદાર વી એસ ગઢવી તેમજ ચીફ ઓફિસર પટેલના માર્ગદર્શન નીચે સેવા સેતુ કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતું.

# છાપરવડ EMRS ખાતે બેઝિક આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત જનરક્ષક (112) તાલીમ કાર્યક્રમ યોજાયો




દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકામાં આવેલ EMRS, છાપરવડ સ્કૂલ ખાતે 'દાહોદ જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર,કલેક્ટર કચેરી દાહોદ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે બેઝિક આપત્તિ વ્યવસ્થાપન અંગેની તાલીમ અંતર્ગત 'જનરક્ષક (112) સુવિધા અંગેની તાલીમનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આપત્તિ કે કટોકટીના સમયે તાત્કાલિક અને યોગ્ય પ્રતિસાદ મેળવવા બાબતે જાગૃત કરવાનો હતો.તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને આપાતકાલીન સેવા,પ્રાથમિક સારવાર,આગથી બચાવ જેવા અકસ્માત સમયે મદદ માટે 112 ઈમરજન્સી નંબરની કામગીરી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોઈપણ કટોકટીની પરિસ્થિતિમાં 112 નંબરનો ઉપયોગ કેવી રીતે કરવો તેની જરૂરી માહિતી ઈમરજન્સી સેવા સુધી કેવી રીતે પહોંચાડવી તે અંગે પ્રાયોગિક સમજ આપવામાં આવી હતી. તાલીમ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિષ્ણાતો દ્વારા આપત્તિ સમયે ગભરાયા વિના સલામત રીતે પરિસ્થિતિનો સામનો કરવા તેમજ જરૂરિયાતમંદ વ્યક્તિને સમયસર મદદ પહોંચાડવાના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.'112 છે, તો આશા છે - દરેક માટે,દરેક સમયે!'*ના સંદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં આપત્તિ વ્યવસ્થાપન અને ઈમરજન્સી સેવાઓ અંગે જાગૃતિ સાથેની માહિતી પૂરી પાડેલ હતી.આ તાલીમમાં શાળાના કુલ.૩૫૨ વિદ્યાર્થીઓ તથા ૨૦ સ્ટાફના સભ્યોએ ભાગ લીધો હતો. જિલ્લા પ્રોજેક્ટ ઓફિસર શ્રી જયેશકુમાર લુહાર,નાયબ મામલતદાર (ડિઝાસ્ટર) શ્રી કે. કે. તડવી તથા નાયબ મામલતદાર (પૂર),સીંગવડ નાં શ્રી એચ. બી. હઠીલા દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંગેની મહત્વપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# લીમડી તાલુકાના મલવાસી ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમમાં પશુ સારવાર કેમ્પ યોજાયો



દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના લીમડી તાલુકાના મલવાસી ગામ ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમના સંદર્ભે આજ રોજ પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો પ્રારંભ ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયાના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યો હતો.
આ પ્રસંગે મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિત અન્ય પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પશુપાલકો માટે પશુ સારવાર કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.
કેમ્પનો મુખ્ય હેતુ પશુપાલકોના પશુઓને સ્થળ પર જ જરૂરી આરોગ્યલક્ષી સારવાર અને માર્ગદર્શન મળી રહે તથા પશુપાલકોને પશુ આરોગ્ય સેવાઓનો સરળતાથી લાભ મળે તે રહ્યો હતો. કેમ્પમાં પશુપાલકોને પોતાના પશુઓની તંદુરસ્તી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.
સેવા સેતુ કાર્યક્રમ થકી ગ્રામ્ય વિસ્તારોના નાગરિકો અને પશુપાલકો સુધી વિવિધ સેવાઓ સરળતાથી પહોંચે તે માટે તંત્ર દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે.

# વિદ્યાવિહાર શાળાની દીકરીએ રંગોળીમાં રચ્યો ઈતિહાસ

દિપક રાવલ દાહોદ લીમખેડા



તા.03/10/2026 ને શનિવારના રોજ વિકસિત ભારત અંતર્ગત તથા સેવાના રંગ રાષ્ટ્રના સંગ થીમ પર યોજાયેલી જિલ્લા કક્ષાની ઓપન વિભાગ રંગોળી કોલાજ વર્ક સ્પર્ધા એમ. વાય.હાઈસ્કુલ દાહોદ ખાતે યોજાઈ હતી.જે સ્પર્ધામાં લીમખેડા તાલુકામાં આવેલી વિદ્યાવિહાર માધ્યમિક શાળા બાર માં ધોરણ.10 માં અભ્યાસ કરતી વિધાર્થીની શીતલબેન જુવાનસિંહ કેવડિયા દ્વારા જિલ્લા કક્ષાની રંગોળી સ્પર્ધામાં શ્રેષ્ઠ કૃતિ તૈયાર કરવામાં આવી હતી.સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી દીકરીએ દાહોદ જિલ્લામાં લીમખેડા તાલુકાનું,પોતાની માધ્યમિક શાળાનું નામ રોશન કરવા બદલ સંસ્થાના ટ્રસ્ટી,આચાર્યશ્રી,સ્ટાફ પરિવારના સભ્યો તથા સી.આર.સી.કો.ઓર્ડીનેટર દ્વારા ખૂબ ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# જૂનાગઢમાં ભારતીય ટપાલ વિભાગ દ્વારા "નવી ફ્રેન્ચાઈઝી યોજના ૨.0" શરૂ કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ, તા.૦૬, જૂનાગઢમાં ભારતીય ટપાલ વિભાગ દ્વારા 'નવી ફ્રેન્ચાઈઝી યોજના ૨.૦' (New Franchisee Scheme 2.0) જાહેર કરવામાં આવી છે. જેમાં સુધારેલા ટ્રાફિક અને ડિસ્કાઉન્ટ માળખા સાથે ફ્રેન્ચાઈઝી કામગીરીને વધુ આકર્ષક અને વ્યવસાયિક રીતે સક્ષમ બનાવવામાં આવી છે. આ યોજના હેઠળ ઉદ્યોગ સાહસિકો, લોજિસ્ટિક્સ પાર્ટનર્સ, કુરિયર એજન્સીઓ, સ્ટેશનરી દુકાનદારો, સીએસસી ઓપરેટરો અને રિટેલ આઉટલેટ્સ ટપાલ વિભાગ સાથે જોડાઈ ને સ્પીડ પોસ્ટ તથા પાર્સલ સેવાઓ અર્બન અને સેમી અર્બન એટલે કે શહેરી અને અર્ધ શહેરી વિસ્તારોમાં સેવાઓ પૂરી પાડી શકે છે. આ સેવામાં જોડાવાથી ભારતીય પોસ્ટ વિભાગના વિશાળ નેટવર્ક માં જોડાઈ શકાય છે. પાત્ર અરજદારોને વધારાની આવક મેળવવાની તક પ્રાપ્ત થાય છે. આ અંગે વધુ માહિતી મેળવવા માટે સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, જૂનાગઢ પોસ્ટ કચેરીનો સંપર્ક રૂબરૂ કરવાનો રહેશે. તેમ શ્રી અધિક્ષક ડાકઘર, જૂનાગઢ પોસ્ટ વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સંખેડા તાલુકાના બોરતળાવ ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

## કુલ 56 સરકારી યોજનાઓનો લાભ તેમને સ્થળ પર જ મળ્યો

સંખેડા તાલુકાના બોરતળાવ ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને લાભાર્થીઓએ ભાગ લીધો. કુલ 56 સરકારી યોજનાઓનો લાભ તેમને સ્થળ પર જ મળ્યો. કાર્યક્રમની શરૂઆત ધારાસભ્ય અભેસિંહ તડવીના અધ્યક્ષ સ્થાને દીપ પ્રાગટ્યથી થઈ. આવકના દાખલા, જાતિના દાખલા, આધારકાર્ડ સુધારણા, રેશનકાર્ડ, વિધવા સહાય, વૃદ્ધ સહાય, ખેડૂત અને આરોગ્યલક્ષી યોજનાઓ સહિતના સ્ટોલ ઉભા કરાયા હતા. તાલુકા ભાજપના હોદ્દેદારો, સંખેડા મામલતદાર પટેલ સાહેબ, તલાટી અને સરપંચ સહિતના અધિકારીઓ હાજર રહ્યા. ધારાસભ્ય તડવીએ જણાવ્યું કે, સરકારની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે આવા કાર્યક્રમો થાય છે.

# ચાણસ્મા તાલુકા સરપંચ મંડળનોં સ્નેહમિલન સમારોહ યોજાયો





નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા ના ગાયત્રી મંદિર ખાતે ચાણસ્મા તાલુકા સરપંચ મંડળ ના સ્નેહ મિલન સમારોહનું આયોજન કરાયું હતુ આ પ્રસંગે ઉપસ્થિત ધારાસભ્ય દિનેશજી ઠાકોરે ગામના વિકાશના કામો થકી ગામનું સ્વનિર્ભર બની વિકશીત ગામ બનાવી ગામલોકોનો વિકાશના કામો કરી વિશ્વાસ જીતવા પર ખાસ સલાહ આપી હતી તાલુકા વિકાશ અધિકારીએ સૌ સરપંચોને ગામની વિકાશલક્ષી કામોની સમસ્યા અંગે સહકાર સલાહ આપવાની સરપંચોને હૈયાધારણ આપી હતી જ્યારે ચાણસ્મા તાલુકાના સરપંચ મંડળના નવનિયુક્ત પ્રમુખ બેચર સંગ સુજાજી નું ધારાસભ્ય દિનેશજી ઠાકોર સહિત ચાણસ્મા તલાટી મંડળ સરપંચો દ્વારા સાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા આ પ્રસંગે ધારાસભ્ય દિનેશજી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનુભાઈ દેસાઈ તા પં પ્રમુખના પ્રતિનિધિ અને સામાજિક અગ્રણી સાગરભાઈ દેસાઈ. સરપંચો તલાટીઓ ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમનું સંચાલન ચાણસ્મા તાલુકા તલાટી મંડળ અપૂર્વ ભાઈ ચૌધરીએ કર્યું હતું જ્યારે સરપંચ મંડળના પ્રમુખ બેચર સંગના માર્ગદર્શન નીચે ચેતન સિંહ ઝાલા દિનેશભાઈ પટેલ દ્વારા સરપંચ મંડળના સ્નેહમિલન સમારોહનું સુંદર આયોજન કર્યું હતું.

# જુનાગઢ સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગની પ્રશંસનીય કામગીરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગર્ભાશયમાં 10 cm ની ગાંઠ, હાઈ બીપી અને ડાયાબિટીસ વાળા સગર્ભા માતાનું સફળ સિઝેરિયન સેક્શન કરી, 27 દિવસ આઈસીયુ માં રાખી સ્વસ્થ થતા ડિસ્ચાર્જ કર્યા. દર્દી નામે કાજલ બેન (નામ બદલેલ છે) ઉંમર 27 વર્ષ , વજન 110 kg , દર્દી જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં તારીખ 13 .8. 2026 ના રોજ દાખલ થયેલ. દર્દીને આગળ સીજેરીયનથી ડીલેવરી હતી તેમજ હાલની



પ્રેગનેન્સીમાં દર્દીને હાઈ બી.પી., ડાયાબિટીસ તેમજ ગર્ભાશયમાં 10 cm ની ફાઈબ્રોઈડની ગાંઠો હતી. દર્દીનું બીપી ખૂબ વધારે હોવાથી સિવિલ હોસ્પિટલમાં HOD ડો.પ્રિયંકા જોગીયા ના માર્ગદર્શન હેઠળ, ડો. ક્રિષ્ના મહેતા અને ડો. કિશનકુમાર કાનાણીએ સિઝેરિયનથી ડીલેવરી કરાવી ફાઈબ્રોઈડ ગાંઠનું પણ ઓપરેશન કરેલ, દર્દીનું વજન ખૂબ જ વધારે (110kg) હોવાથી ઓપરેશનના સાતમા દિવસે burst abdomen થઈ ગયેલ હોય જેથી તાત્કાલિક સમય સૂચકતા વાપરીને ગાયનેક વિભાગના ડો.ફોરમ કાયસ્થ ફરી ઓપરેશન કરેલ અને ભારી જહેમત બાદ દર્દીને ઓબ્સ્ટેટ્રિક્સ આઈસીયુમાં સઘન સારવાર હેઠળ 27 દિવસ સુધી દાખલ કરી, નિયમિત રીતે તેઓનું સઘન મોનિટરિંગ કરી જરૂરી તમામ ગુણવત્તા સભર સારવાર આપી સાજા કરી અને રજા આપવામાં આવેલ છે.

# સતર્કતા અને સંવેદનશીલતાનું ઉદાહરણ: ભાવનગર મંડળના લોકો પાયલટોએ 03 એશિયાઈ સિંહોને સુરક્ષિત બચાવ્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભાવનગર મંડળ, પશ્ચિમ રેલવે દ્વારા એશિયાઈ સિંહો તેમજ અન્ય વન્યજીવોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને સંવેદનશીલ વન્યજીવ વિસ્તારોમાં ટ્રેનોનું સંચાલન અત્યંત સતર્કતા અને નિર્ધારિત ગતિમર્યાદા સાથે કરવામાં આવી રહ્યું છે. મંડળ રેલ પ્રબંધશ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ તેમજ વરિષ્ઠ મંડળ વિદ્યુત ઈજનેર (ટ્રેક્શન)શ્રી વિજેન્દ્ર કુમાર મીણાના નેતૃત્વમાં લોકો પાયલટોને વન્યજીવ વિસ્તારોમાં વિશેષ સાવચેતી રાખવા માટે સતત જાગૃત અને નિર્દેશિત કરવામાં આવે છે.આ સતર્કતાનું એક પ્રશંસનીય ઉદાહરણ 05 ઓક્ટોબર 2026ના રોજ સામે આવ્યું, જ્યારે પીપાવાવ સાઈડિંગ-પીપાવાવ પોર્ટ રેલખંડ પર ત્રણ એશિયાઈ સિંહો રેલવે ટ્રેક પાર કરતા જોવા મળ્યા. માલગાડીનું સંચાલન કરી રહેલા લોકો પાયલટશ્રી વિવેક વર્મા અને સહાયક લોકો પાયલટ શ્રી રાહુલ કુમાવતએ કિલોમીટર નંબર 24/04 પર ટ્રેક પર સિંહોને જોતા જ પરિસ્થિતિનું તાત્કાલિક મૂલ્યાંકન કર્યું અને ઈમરજન્સી બ્રેક લગાવીને ટ્રેનને સુરક્ષિત રીતે રોકી દીધી. તેમની ત્વરિત કાર્યવાહી અને સતર્કતાને કારણે એશિયાઈ સિંહો સંભવિત રેલ અકસ્માતનો ભોગ બનતા બચી ગયા. ઘટના બાદ તરત જ લોકો પાયલટ દ્વારા



ટ્રેન મેનેજર (ગાર્ડ) તથા સ્ટેશન મેનેજર, પીપાવાવ પોર્ટને જાણ કરવામાં આવી. માહિતી મળતાં જ વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરશ્રી જયસિંહ ઘટના સ્થળે પહોંચ્યા અને સિંહોને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર કર્યા. પરિસ્થિતિ સામાન્ય થયા બાદ માલગાડીને સાવચેતીપૂર્વક તેના ગંતવ્ય તરફ રવાના કરવામાં આવી.ભાવનગર મંડળમાં રેલવે અને વન વિભાગ વચ્ચેના અસરકારક સંકલન તેમજ લોકો પાયલટોની સતર્કતા ના પરિણામે અનેક એશિયાઈ સિંહોને સંભવિત રેલ અકસ્માતોથી બચાવવામાં આવ્યા છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકશ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન 159, નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન 129 તથા વર્તમાન નાણાકીય વર્ષ 2026-27માં એપ્રિલ માસથી અત્યાર સુધી 80 એશિયાઈ સિંહોને સંભવિત રેલ અકસ્માતોથી સુરક્ષિત બચાવવામાં આવ્યા છે. મંડળ રેલ પ્રબંધકશ્રી દિનેશ વર્મા તથા અપર મંડળ રેલ પ્રબંધકશ્રી ઋત્વિક શર્મા સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓએ લોકો પાયલટોની સતર્કતા, ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા, સંવેદનશીલતા તથા કર્તવ્યનિષ્ઠાની પ્રશંસા કરતાં તેમને અભિનંદન પાઠવ્યા છે. ભાવનગર મંડળ, પશ્ચિમ રેલવે, વન્યજીવ સંરક્ષણ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને સતત વધુ મજબૂત બનાવતાં રેલવે અને વન વિભાગના સંકલિત પ્રયાસો દ્વારા એશિયાઈ સિંહો સહિત અન્ય વન્યજીવો ની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.

# સંખેડાના કલા મહાકુંભમાં ગરડા શાળાના વિદ્યાર્થીઓનો ડંકો





રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડાની ડી.બી. પારેખ હાઈસ્કૂલ ખાતે યોજાયેલા તાલુકા કક્ષાના કલા મહાકુંભમાં ગરડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.6 થી 14 વર્ષના વયજૂથમાં યોજાયેલી વિવિધ કલા સ્પર્ધાઓમાં ગરડા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ શાનદાર પ્રદર્શન કર્યું.લગ્નગીત સ્પર્ધામાં બારીયા ધરા વિજયભાઈએ પ્રથમ નંબર મેળવ્યો. એકપાત્રીય અભિનય સ્પર્ધામાં બારીયા ધારા દિલીપભાઈ ત્રીજા નંબરે રહ્યા.આ બંને વિદ્યાર્થીનીઓ હવે જિલ્લા કક્ષાએ સંખેડા તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે.વિદ્યાર્થીનીઓની આ સિદ્ધિ બદલ શાળા ના આચાર્ય નિમિષાબેન રાઠોડ તેમજ પરિવાર અને ગ્રામજનોએ તેમને અભિનંદન પાઠવ્યા. જિલ્લા કક્ષાએ પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરવા શુભેચ્છાઓ આપી.

# GST કાઉન્સિલની 57મી બેઠક 8 ઓક્ટોબરે યોજાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

GST કાઉન્સિલની 57મી બેઠકની તારીખ ફરી એકવાર બદલવામાં આવી છે. અગાઉ આ બેઠક 7 ઓક્ટોબર 2026ના રોજ યોજાવાની હતી, પરંતુ હવે તે એક દિવસ પાછળ ખસેડીને 8 ઓક્ટોબર 2026ના સવારે 11 વાગ્યે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. બેઠકની તારીખ બદલવા પાછળ 'અનઅવોઈડિબલ સર્કમસ્ટાન્સિસ' એટલે કે અનિવાર્ય સંજોગોનું કારણ આપવામાં આવ્યું છે. GST કાઉન્સિલની 57મી બેઠક પહેલાં 12 સપ્ટેમ્બરના રોજ યોજાવાની હતી. ત્યારબાદ 6 સપ્ટેમ્બરના મેમોરેન્ડમ દ્વારા તેની તારીખ બદલીને 7 ઓક્ટોબર કરવામાં આવી હતી. હવે ફરી એકવાર તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

**૫૭મી GST કાઉન્સિલની બેઠક હવે ૮ ઓક્ટોબરે યોજાશે. GST કાઉન્સિલ સચિવાલયે એક ઓફિસ મેમોરેન્ડમ જારી કરીને જણાવ્યું હતું કે કેટલાક તાત્કાલિક કારણોસર, બેઠક ૭ ઓક્ટોબરથી એક દિવસ માટે મુલતવી રાખવામાં આવી છે**

અધિકારીઓની બેઠક 5 અને 6 ઓક્ટોબરે યોજાવાની છે. GST કાઉન્સિલની છેલ્લી બેઠક



સપ્ટેમ્બર 2025માં મળી હતી. તેમાં GST 2.0 હેઠળ અનેક મહત્વપૂર્ણ ફેરફારોને મંજૂરી આપવામાં આવી હતી. GST દરોની રચનાને સરળ બનાવવાની સાથે કેટલીક લક્ઝરી અને મોંઘી વસ્તુઓ પર 40%નો વિશેષ દર લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. 57મી બેઠકનો સત્તાવાર એજન્ડા હજુ જાહેર કરવામાં આવ્યો નથી. જોકે, બેઠકમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટ, રિફંડ અને GST Compliance જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે. ટેક્સપેયર્સ માટે રજિસ્ટ્રેશન, રિટર્ન ફાઈલિંગ અને રિફંડ પ્રક્રિયાને સરળ બનાવવા અંગે પણ ચર્ચા થઈ શકે છે. GSTની શરૂઆત 1 જુલાઈ 2017ના રોજ કરવામાં આવી હતી. તેનો હેતુ અલગ-અલગ પરોક્ષ કરને એક જ ટેક્સ વ્યવસ્થામાં લાવવાનો હતો. સરકારી આંકડા મુજબ 2017માં આશરે 66.5 લાખ વેપારીઓ GSTમાં રજિસ્ટર્ડ હતા, જે મે 2026 સુધીમાં વધીને 1.65 કરોડ થયા છે.કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં મળનારી બેઠકમાં આગામી GST સુધારાના તબક્કા અંગે પણ ચર્ચા થવાની અપેક્ષા છે. રજિસ્ટ્રેશન, રિટર્ન, રિફંડ, વિવાદોના ઉકેલ અને ITCના નિયમોને વધુ સરળ બનાવવાના મુદ્દા મહત્વના બની શકે છે.

# વૈશ્વિક બજારના દબાણ વચ્ચે રૂપિયાની સ્થિતિ મજબૂત

(એજન્સી) યુએસએ । તા. 06

વિશ્વ બેંક ભારતના આર્થિક વિકાસ પર વિશ્વાસ ધરાવે છે, નાણાકીય વર્ષ 2027 ના અંદાજને 6.6% થી વધારીને 7.1% કર્યો છે. વિશ્વ બેંકે નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતના આર્થિક વિકાસનો અંદાજ 6.6% થી વધારીને 7.1% કર્યો છે. તેના તાજેતરના ભારત વિકાસ અપડેટમાં, વિશ્વ બેંકે જણાવ્યું હતું કે મજબૂત સ્થાનિક માંગ અને નિકાસ ભારતના અર્થતંત્રને ટેકો આપી રહી છે.વિશ્વ બેંક અનુસાર, વૈશ્વિક પડકારો છતાં ભારતની મધ્યમ ગાળાની આર્થિક સંભાવનાઓ મજબૂત રહે છે. જો કે, અહેવાલમાં વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ, અલ નીનો અને સંભવિત શેરબજારમાં કરેક્શનને જોખમો




તરીકે ટાંકવામાં આવ્યા છે, જે મૂડી પ્રવાહમાં અસ્થિરતા તરફ દોરી શકે છે. વિશ્વ બેંકે જણાવ્યું હતું કે મજબૂત સ્થાનિક માંગ અને નિકાસ ભારતના આર્થિક વિકાસના મુખ્ય આધારસ્તંભ રહેશે. અહેવાલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ને ભારત માટે ઉત્પાદકતા અને વૃદ્ધિના સંભવિત નવા સ્ત્રોત તરીકે પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે. અહેવાલ મુજબ, ભારતમાં ખાનગી AI રોકાણ 2024 માં $1.2 બિલિયનથી વધીને 2025 માં $4.1 બિલિયન થયું. ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સમાં રોજગાર 2024 માં 1.9 મિલિયન વ્યાવસાયિકોથી વધીને 2025 માં 2.36 મિલિયન થયો.વિશ્વ બેંકમાં ભારતના કાર્યકારી કન્ટ્રી ડિરેક્ટર પોલ પ્રોસીએ જણાવ્યું હતું કે ભારત મુખ્ય ઉભરતા બજારોમાં AI તૈયારીની દ્રષ્ટિએ ટોચના 10 દેશોમાંનો એક છે.વિશ્વ બેંકે જણાવ્યું હતું કે AI ના વ્યાપક ઉપયોગ માટે, ભારતે AI-સંબંધિત માળખાને મજબૂત કરવા, વ્યવસાયિક વાતાવરણમાં સુધારો કરવા, AI ની ઍક્સેસ વધારવા અને શ્રમ ક્ષમતાને મજબૂત કરવા માટે નીતિગત પગલાં લેવાની જરૂર પડશે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે અર્થતંત્ર અને રોજગાર બજાર પર AI ની લાંબા ગાળાની અસર અંગે અનિશ્ચિતતા રહે છે.રિપોર્ટ મુજબ, દક્ષિણ એશિયાનું અર્થતંત્ર 2026 માં 6.9 ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે, જે તેને વિશ્વનો સૌથી ઝડપથી વિકસતો પ્રદેશ બનાવશે.

# AI અને ક્વોન્ટમ સંશોધનને વેગ આપતો GTUનો રાષ્ટ્રીય સેમિનાર



અમદાવાદ | ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી દ્વારા AI and Quantum Frontiers: Research, Innovation and Future Technologies for India's Economic Growth વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન 30 સપ્ટેમ્બર અને 1 ઓક્ટોબર 2026ના રોજ GTU ચાંદખેડા કેમ્પસ ખાતે થયું હતું. વિકાસ સપ્તાહ 2026 અંતર્ગત નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાતના સહયોગથી યોજાયેલા સેમિનારમાં વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો, સંશોધકો અને ટેક્નોલોજી નિષ્ણાતો સહિત આશરે 350 પ્રતિભાગીઓ જોડાયા હતા.પોસ્ટર પ્રેઝન્ટેશન કાર્યક્રમ માટે 100 નોંધણીઓ પ્રાપ્ત થઈ હતી. પ્રાથમિક ચકાસણી બાદ 90 પોસ્ટરો રજૂઆત માટે પસંદ કરાયા હતા. તેમાં એન્જિનિયરિંગના 57, ફાર્મસીના 26, મેનેજમેન્ટના ત્રણ અને કમ્પ્યુટર એપ્લિકેશન્સના ચાર પોસ્ટરોનો સમાવેશ થયો હતો. ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, હેલ્થકેર AI, જવાબદાર AI, ઈન્ડસ્ટ્રી 4.0, સાયબર સિક્યુરિટી, ક્લિનિકલ એપ્લિકેશન્સ, ફાર્માસ્યુટિકલ ઈનોવેશન અને એપ્લાઈડ AIની આઠ પેનલોમાં નિષ્ણાત જ્યુરીએ પોસ્ટરોનું મૂલ્યાંકન કર્યું હતું. ઉદ્ઘાટન સમારોહનો પ્રારંભ પરંપરાગત દીપ પ્રાગટ્યથી થયો હતો. આ પ્રસંગે ડૉ. વૈભવ ડી. ભટ્ટ, માનનીય કુલપતિ ઈનચાર્જ, GTU; ડૉ. કે. એન. ખેર, રજિસ્ટ્રાર, GTU; ડૉ. માધુરી ભાવસર, ડિરેક્ટર, GTU સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી; અને ડૉ. આર. એ. ઠક્કર, એડવાઈઝર, સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ઈમર્જિંગ ટેક્નોલોજીસ ઉપસ્થિત રહ્યા હતા.ડૉ. માધુરી ભાવસરે સમાજ અને ઉદ્યોગ માટે AI અને ક્વોન્ટમ ટેક્નોલોજીના વધતા મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. ડૉ. કે. એન. ખેરે ક્વોન્ટમ કમ્યુનિકેશન, સુરક્ષિત માહિતી પ્રણાલીઓ, મશીન લર્નિંગ, કમ્પ્યુટર વિઝન, ક્વોન્ટમ હાર્ડવેર અને AI ક્વોન્ટમ હાઈબ્રિડ ટેક્નોલોજીની ઉપયોગિતા સમજાવી હતી.ડૉ. વૈભવ ડી. ભટ્ટે માનવીય મૂલ્યો, સામાજિક જરૂરિયાતો અને AIના જવાબદાર ઉપયોગ પર ભાર મૂક્યો હતો તથા સંશોધન અને જવાબદાર ટેક્નોલોજી વિકાસમાં યુનિવર્સિટીઓની ભૂમિકા સમજાવી હતી. ડૉ. આર. એ. ઠક્કરે વિદ્યાર્થીઓને ટેક્નોલોજીના વપરાશકર્તા સાથે તેના સર્જક બનવા અને સંશોધન દ્વારા યોગદાન આપવા પ્રોત્સાહિત કર્યા હતા. નિષ્ણાત વ્યાખ્યાનો, સંશોધન ચર્ચાઓ અને પોસ્ટર પ્રેઝન્ટેશન દ્વારા પ્રતિભાગીઓને પોતાનું કાર્ય રજૂ કરવા તથા નિષ્ણાત પ્રતિસાદ મેળવવા માટે મંચ મળ્યો હતો.

# મર્સિડીઝ-બેન્ઝે ભારતની પ્રથમ ઈલેક્ટ્રિક Mercedes-Maybach પ્રસ્તુત કરી




(એજન્સી) મુંબઇ । તા. 06

ભારતની સૌથી વધુ મનપસંદ લક્ઝરી કાર ઉત્પાદક કંપની મર્સિડીઝ-બેન્ઝ ઈન્ડિયાએ આજે નવી Mercedes-Maybach S 580e લૉંચ કરી હતી, જે ભારતમાં Mercedes-Maybachની સૌપ્રથમ ઈલેક્ટ્રિક કાર છે, જે Maybachની સદાબહાર ભવ્યતા અને આગામી પેઢીની ઈલેક્ટ્રિક મોબિલિટીની આધુનિકતાનો શ્રેષ્ઠ સમન્વય છે. Mercedes-Maybach S 580e ઈલેક્ટ્રિક ડ્રાઈવિંગની શાંતિ અને ઈન્ટરનલ કમ્બશ્ચન એન્જિનની શાનદાર રેન્જ અને સુવિધાનો વિશિષ્ટ સમન્વય ધરાવે છે, જે કોઈ પણ પ્રકારની સમજૂતી વિના અજોડ લક્ઝરી અનુભવ આપે છે. Mercedes-Maybach S-Classનું શ્રેષ્ઠ વર્ઝન હોવાના નાતે S 580e એક્સક્લૂઝિવિટી, આરામ, શ્રેષ્ઠ કારીગરી અને ટેકનોલૉજી બાબતે નવો માપદંડ સ્થાપિત કરે છે. મર્સિડીઝ-બેન્ઝની ઓપરેટિંગ સિસ્ટમ (MB.OS)થી ચાલતી આ કાર સહજ, સરળ અને સંપૂર્ણપણે પર્સનલ ડિજિટલ ઈકોસિસ્ટમ આપે છે, જે ઓટોમોટિવ લક્ઝરીમાં Mercedes-Maybachની સર્વોચ્ચ સ્થિતિને વધારે મજબૂત કરે છે.લક્ઝરી અને આધુનિકતા :ફર્સ્ટ ક્લાસ રિઅર કમ્પાર્ટમેન્ટ : ભારત માટે ખાસ બનેલી Mercedes-Maybach S 580e વિશિષ્ટ રીતે શાનદાર ચાર-સીટ ધરાવતી ફર્સ્ટ ક્લાસ રિઅર કન્ફિગરેશનમાં આવે છે, જે કેબિનને એક આલિશાન પ્રાઈવેટ લાઉન્જમાં બદલે છે. વિવિધ એક્ઝિક્યુટિવ રિયર સીટો, સંપૂર્ણ લંબાઈ ધરાવતું બિઝનેસ સેન્ટર કન્સોલ, વાયરલેસ ચાર્જિંગ અને ટેમ્પરેચર-કન્ટ્રોલ્ડ કપ હોલ્ડર શ્રેષ્ઠ આરામ અને સુવિધા આપે છે. રિઅર કમ્ફર્ટ પેકેજ પ્લસ એડેપ્ટિવ એમ્બિઅન્ટ લાઈટિંગ, ક્લાઈમેટાઈઝ સીટ, રિઅર વાયરલેસ ચાર્જિંગ, રિઅર MBUX કન્ટ્રોલ અને સલામતીની વિસ્તૃત ખાસિયતોના સંપર્ણ સેટ સાથે વધારે શ્રેષ્ઠ અનુભવ આપે છે, જેથી સફરનો અજોડ ફર્સ્ટ-ક્લાસ અનુભવ મળે છે. Burmester® હાઈ-એન્ડ 4D સરાઉન્ડ સાઉન્ડ : Burmester® હાઈ-એન્ડ 4D સરાઉન્ડ સાઉન્ડ સિસ્ટમ 31 સ્પીકર, આઠ એક્સાઈટર અને 1,610 વોટ આઉટપુટની સાથે કારની અંદર શ્રેષ્ઠ અનુભવ આપે છે, જેથી સાંભળવાનો એક શાનદાર અને મલ્ટિ-ડાયમેન્શનલ અનુભવ મળે છે. Dolby Atmos®, સાઉન્ડ પર્સનલાઈઝેશન અને પાછલી સીટ પર મનોરંજન પર વાયરલેસ હેડફોનની સાથે તેમાં બેસનારને શ્રેષ્ઠ સાઉન્ડ ક્વોલિટી અને આરામ મળે છે.

## ટેલેન્ટથી લઈ નેશનલ રેન્ક સુધી-એલન TALLENTEXમાં રજિસ્ટ્રેશન માટે 11 ઓક્ટોબર છે અંતિમ દિવસ




કોટા | એલન કરિયર ઈન્સ્ટિટ્યુટ પ્રાઈવેટ લિમિટેડ શિક્ષણના સેક્ટરમાં દેશની પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે ઓક્ટોબરમાં Tallentex-2027 પરીક્ષાનું આયોજન કરવા જઈ રહેલ છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થી આ પરીક્ષા માટે અરજી કરી રહ્યા છે. રજિસ્ટ્રેશનની અંતિમ તારીખ 11 ઓક્ટોબર છે. Tallentex-2027ની ઓફલાઈન પરીક્ષા 25 ઓક્ટોબરના રોજ હશે, જ્યારે ઓનલાઈન પરીક્ષા 25,28 અને 31 ઓક્ટોબરના રોજ યોજાશે. એલનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પંકજ અગ્રવાલે જણાવ્યું કે શરૂઆતથી અત્યાર સુધી 21 લાખથી વધારે વિદ્યાર્થી Allen Tallentexમાં ભાગ લઈ ચુક્યા છે. તેમાં ધોરણ-5થી ધોરણ-10 સુધી વિદ્યાર્થી ભાગ લઈ શકે છે. પરીક્ષા બાદ નેશનલ અને સ્ટેટ રેન્ક આપવામાં આવશે, આ સાથે રૂપિયા 2.50 કરોડના રોકડ ઈનામ અને એલનના અભ્યાસક્રમોમાં એડમિશન માટે 90 ટકા સ્કોલરશિપ પણ મળશે. પરીક્ષાના પરિણામો ઉપરાંત દરેક સહભાગીને કોમ્પિટિટિવ સક્સેસ ઈન્ડેક્સ પણ આપવામાં આવશે. આ પર્ફોમન્સનો એક ખાસ માપદંડ કે જે વિદ્યાર્થીઓને તેમની સ્પર્ધાત્મક ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં મદદ કરે છે.આ ઈન્ડેક્સ મારફતે વિદ્યાર્થી એ જાણી શકે છે કે જો તેઓ JEE, NEET અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સામેલ થાય છે તો તેમની નેશનલ રેન્કિંગ થાય છે. Allenના ક્લાસરૂમ કોર્સમાં અગાઉથી જ એનરોલ થઈ ચુકેલ વિદ્યાર્થી પણ તેમાં ભાગ લઈ શકે છે. વિદ્યાર્થી https://allen.in/tallentex પર જઈને રજિસ્ટર કરાવી શકે છે. રજિસ્ટ્રેશન બાદ તેમને પોર્ટલ પર રહેલ પ્રેક્ટિસ ટેસ્ટ પેપર પણ મળી જશે.

### ટાટા પાવર રિન્યૂએબલ્સે નાણાકીય વર્ષ 2026-27ના બીજા ત્રિમાસિક ગાળામાં

# 88,397 રુફટોપ સોલર ઈન્સ્ટોલેશન અને 426 MWp ક્ષમતા ઉમેરી, જેમાં વાર્ષિક આધારે અનુક્રમે 33% અને 15% વૃદ્ધિ થઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

ભારતની નંબર 1 વિશ્વાસપાત્ર રુફટોપ સોલર સોલ્યુશન પ્રોવાઈડર અને ટાટા પાવર રિન્યૂએબલ એનર્જી લિમિટેડ (TPREL)નું એક ડિવિઝન ટાટા પાવર સોલરુફે જુલાઈથી સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળા એટલે કે નાણાકીય વર્ષ 2026-27ના બીજા ત્રિમાસિક ગાળામાં 88,397 રુફટોપ સોલર ઈન્સ્ટોલેશન સાથે જબરદસ્ત વૃદ્ધિ હાંસલ કરી છે, જે નાણાકીય વર્ષ 2025-26ના બીજા ત્રિમાસિક ગાળામાં 66,447 ઈન્સ્ટોલેશનની સરખામણીમાં 33 ટકાની શાનદાર ઊંચી વૃદ્ધિ છે. કંપનીએ નાણાકીય વર્ષ 2026-27ના બીજા ત્રિમાસિક ગાળામાં 426 MWpની સ્થાપિત ક્ષમતા હાંસલ કરી છે, જે નાણાકીય વર્ષ 2025-26ના બીજા ત્રિમાસિક ગાળામાં 369 MWpની સરખામણીમાં 15 ટકાની વાર્ષિક વૃદ્ધિ છે. આ ઉપરાંત નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ છ મહિનામાં કંપનીએ 168,530થી વધારે રુફટોપ સોલર ઈન્સ્ટોલેશન કર્યા છે, જે નાણાકીય વર્ષ 2025-26ના સમાન ગાળામાં 112,729 ઈન્સ્ટોલેશનની સરખામણીમાં વાર્ષિક ધોરણે 50 ટકાની નોંધપાત્ર વૃદ્ધિ છે. ઈન્સ્ટોલેશનમાં આ ઊંચી વૃદ્ધિને કારણે નાણાકીય વર્ષ 2026-

TATA
TATA POWER

27ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં 801 MWpની રુફટોપ સોલરક્ષમતા સ્થાપિત થઈ છે, જે ગત નાણાકીય વર્ષના સમાન ગાળામાં સ્થાપિત 639 MWpની સરખામણીમાં 25 ટકાની ઊંચી વૃદ્ધિ છે. આ ઉપલબ્ધિઓએ ભારતની નંબર 1 રુફટોપ સોલર કંપની તરીકે ટાટા પાવર સોલરુફની સ્થિતિને વધારે મજબૂત કરી છે. હવે દેશભરમાં રેસિડેન્શિયલ તથા કમર્શિયલ તથા ઈન્ડસ્ટ્રિયલ (C&I) સેગમેન્ટમાં કુલ ઈન્સ્ટોલેશન 575000 સુધી અને ક્ષમતા 5.67 GWpથી વધારે થઈ ગઈ છે. ક્રિસિલ દ્વારા સતત 12 વર્ષ સુધી ભારતની નંબર 1 રુફટોપ સોલર કંપની તરીકે ઓળખાયેલી ટાટા પાવર સોલરુફે બજારમાં પોતાનું મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે. આ ઉપલબ્ધિ ઝડપી વૃદ્ધિ, ગ્રાહકોના વધતા ભરોસા અને ભારતનાં સ્વચ્છ ઊર્જામાં પરિવર્તનને આગળ વધારવા કંપનીની કટિબદ્ધતાને દર્શાવે છે. ગત છ મહિનામાં કંપનીએ ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ રુફટોપ સોલર ઈન્સ્ટોલેશન કર્યા છે. આ કુલ 44,014 ઈન્સ્ટોલેશન છે, જેની કુલ ક્ષમતા આશરે 172 MWp છે. ત્યાર બાદ બીજા સ્થાને મહારાષ્ટ્ર છે, જ્યાં 22,165 ઈન્સ્ટોલેશનની સાથે કુલ ક્ષમતા આશરે 100 MWp છે.

# શેરબજારમાં તેજી, સેન્સેક્સ 685.34 પોઈન્ટ ઉછળ્યો, જબરદસ્ત ખરીદી



**ભારતીય શેરબજારમાં જબરદસ્ત ખરીદી જોવા મળી છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને તેજી સાથે બંધ થયા**

(એજન્સી) મુંબઇ । તા. 06

શેરબજારમાં સતત બીજા ટ્રેડિંગ સેશનમાં તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ 72,971ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે નિફ્ટી 22,728ના સ્તરને સ્પર્શી ગયો હતો. નાણાકીય સેવાઓ (ફાઈનાન્શિયલ સર્વિસીસ), મિડકેપ સિલેક્ટ અને ફાર્મા ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી રહી છે.બપોરે 3.30 કલાકે સેન્સેક્સ 685.34 પોઈન્ટના વધારા સાથે 73,067.81 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 220.35 પોઈન્ટના વધારા સાથે 22,776.10 અંકે બંધ થયો. બીજા ત્રિમાસિક ગાળાના (Q2) બિઝનેસ અપડેટ્સના પગલે ટ્રેન્ટ

**ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો અને બેંકિંગ શેરોમાં વધારાને કારણે તેજી જોવા મળી. બે દિવસમાં સેન્સેક્સ ૧,૧૫૮.૧૧ પોઈન્ટ વધ્યો. શેરબજારના રોકાણકારોએ બે દિવસમાં ₹૭.૭૧ લાખ કરોડનો ઉમેરો કર્યો**

(Trent) અને હોનાસા (Honasa) જેવા શેરોમાં 8-12%નો ઉછાળો આવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (RIL), HUL અને એક્સિસ બેંક જેવા દિગ્ગજ શેરોમાં પણ 2-3%નો વધારો નોંધાયો છે. SBI સિક્યોરિટીઝના વાઈસ પ્રેસિડેન્ટ (ટેકનિકલ અને ડેરિવેટિવ્ઝ રિસર્ચ) સુદીપ શાહના જણાવ્યા અનુસાર, બેન્ચમાર્ક સૂચકાંકોએ અગાઉના બે ટ્રેડિંગ સેશનની ઊંચી સપાટીને પાર કરી લીધી છે. બજારને ઈન્ડિયા VIX (જે બજારની અસ્થિરતા સૂચવે છે)માં લગભગ 5%ના ઘટાડાથી પણ ટેકો મળ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં મજબૂત ખરીદીને કારણે નિફ્ટી દિવસની ઊંચી સપાટીની નજીક ટ્રેડ થઈ રહ્યો છે અને તેજીનો ક્રમ જાળવી રાખ્યો છે.સુદીપ શાહે જણાવ્યું હતું કે 22,510-22,530ની રેન્જ નિફ્ટી માટે મહત્વપૂર્ણ સપોર્ટ લેવલ તરીકે કામ કરે છે. બીજી તરફ, આ તેજીને 22,820-22,840ની રેન્જમાં અવરોધ (રેઝિસ્ટન્સ)નો સામનો કરવો પડી શકે છે. જો નિફ્ટી 22,510ની નીચે સરકે છે, તો આગામી સપોર્ટ 22,340-22,360ની રેન્જમાં જોવા મળશે. બીજી બાજુ, જો તે 22,840ની ઉપર જાય છે, તો આ તેજી 22,990 સુધી લંબાઈ શકે છે.

# ઈન્ડસઈન્ડ બેંક HYROX ગુજરાત સાથે 'ટાઈટલ સ્પોન્સર' તરીકે જોડાઈ

(એજન્સી) મુંબઇ । તા. 06

HYROX ઈન્ડિયા સાથે તાજેતરમાં જાહેર કરાયેલી મલ્ટી-સિટી પાર્ટનરશિપને આગળ વધારતાં, ઈન્ડસઈન્ડ બેંક HYROX ગુજરાતની પ્રથમ આવૃત્તિ સાથે ટાઈટલ સ્પોન્સર તરીકે જોડાઈ છે. આ ઈવેન્ટનું બ્રાન્ડિંગ 'ઈન્ડસઈન્ડ બેંક HYROX ગુજરાત' તરીકે કરવામાં આવશે. આ ઈવેન્ટનું આયોજન અમદાવાદમાં 26થી 28 નવેમ્બર, 2026 દરમિયાન કરવામાં આવશે.આ વિસ્તૃત પાર્ટનરશિપનો ઉદ્દેશ ફિટનેસ એન્થુઝિયાસ્ટ્સ અને એક્સપિરિયન્સ-સીકિંગ કમ્યુનિટીઝના સતત વિકસતા સમુદાય સાથે બેંકના કનેક્ટને વધુ મજબૂત બનાવવાનો છે. આ સાથે ગ્રાહકો માટે એક ડિફરન્શિએટેડ ઈવેન્ટ એક્સપિરિયન્સ ઊભો કરી તેમને HYROX મારફતે ગ્લોબલ ફિટનેસ મૂવમેન્ટની વધુ નજીક લાવવાનો પ્રયાસ કરવામાં આવશે.આ એસોસિયેશનના ભાગરૂપે, ઈન્ડસઈન્ડ બેંકના ક્રેડિટ કાર્ડધારકોને HYROX રજિસ્ટ્રેશન પર 10% કેશબેક ઉપરાંત પ્રાયોરિટી ચેક-ઈન એક્સેસ અને અન્ય એક્સક્લુઝિવ રેસ-ડે બેનિફિટ્સ મળશે.ઈન્ડસઈન્ડ બેંકના ચીફ માર્કેટિંગ ઓફિસર, શેરાન મેહરા,એ જણાવ્યું હતું કે, "HYROX ઈન્ડસઈન્ડ બેંકને એવી જનરેશન સાથે એન્ગેજ થવાની તક આપે છે, જે એસ્પિરેશન, પર્સિવરન્સ અને કન્ટિન્યુઅસ પ્રોગ્રેસને મહત્વ આપે છે. ગુજરાત વર્લ્ડ-ક્લાસ સ્પોર્ટિંગ એક્સપિરિયન્સિસ માટે એક ડેસ્ટિનેશન તરીકે ઝડપથી ઉભરી રહ્યું છે અને 'ઈન્ડસઈન્ડ બેંક HYROX ગુજરાત'ના ટાઈટલ સ્પોન્સર તરીકે, અમને HYROXના ગુજરાતમાં ડેબ્યુને સપોર્ટ કરવા તથા ગ્લોબલી રેકગ્નાઈઝ્ડ ફિટનેસ રેસિંગ ફોર્મેટને અમદાવાદમાં લાવવામાં આનંદ છે."HYROX ગુજરાતની આ ઈવેન્ટ સફળ મુંબઈ 2026 ઈવેન્ટ બાદ યોજાઈ રહી છે, જેમાં સમગ્ર ઈવેન્ટ દરમિયાન આશરે 15,000 પાર્ટિસિપન્ટ્સ અને 25,000 સ્પેક્ટેટર્સ જોડાયા હતા. આ ઈવેન્ટે ડિજિટલ તેમજ ઑન-ગ્રાઉન્ડ ટચપોઈન્ટ્સ પર બ્રાન્ડની મજબૂત વિઝિબિલિટી અને એન્ગેજમેન્ટ પણ નોંધાવ્યું હતું. ઈવેન્ટને સોશિયલ મીડિયા પર 30.3 મિલિયન વ્યૂઝ, 12.1 મિલિયન યુનિક રીચ, 405K એન્ગેજમેન્ટ્સ અને 69.9K થ્રૂ-પ્લેઝ મળ્યા હતા. HYROXમાં 1 કિલોમીટરની રન સાથે આઠ ફંક્શનલ વર્કઆઉટ સ્ટેશન્સનો સમાવેશ થાય છે અને તે એક સ્ટાન્ડર્ડાઈઝ્ડ ગ્લોબલ રેસ ફોર્મેટ પર આધારિત છે.

# આઈસીઆઈસીઆઈ બેંક શૉપિંગ, ટ્રાવેલ અને લાઈફસ્ટાઈલ બ્રાન્ડ્સ પર આકર્ષક ડીલ્સની સાથે ફરીથી લઈને આવી છે, 'ફેસ્ટિવ બોનાન્ઝા'

(એજન્સી) મુંબઇ । તા. 06

આઈસીઆઈસીઆઈ બેંક ફરી એકવાર ઓનલાઈન શૉપિંગ, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક્સ, ટ્રાવેલ, ફર્નિચર અને હૉમ ડેકોર, ફેશન, ક્વિક કૉમર્સ સહિતની અગ્રણી બ્રાન્ડ્સ પર આકર્ષક ઑફર્સ સાથે તેનો વાર્ષિક 'ફેસ્ટિવ બોનાન્ઝા' લઈને આવી છે. ગ્રાહકો આઈસીઆઈસીઆઈ બેંકના ક્રેડિટ/ડેબિટ કાર્ડ્સ, ઈન્ટરનેટ બેંકિંગ, કાર્ડલેસ ઈએમઆઈ અને નો-કૉસ્ટ ઈએમઆઈ જેવા વિકલ્પોનો ઉપયોગ કરીને વિશેષ ડીલ્સ, ડિસ્કાઉન્ટ્સ અને કૅશબૅકનો લાભ મેળવી શકે છે.બેંકે ફ્લિપકાર્ટ સાથે તેના 8 ઑક્ટોબર, 2026થી શરૂ થનારા બિગ બિલિયન ડેઈઝ સેલ માટે ભાગીદારી કરી છે,

ICICI Bank

જેમાં ગ્રાહકો વિવિધ પ્રોડક્ટ્સની ખરીદી પર 10%નું ડિસ્કાઉન્ટ મેળવી શકશે.બેંક નવા આઈફોન ન્યૂઓ, આઈફોન 18 પ્રો અને પ્રો મેક્સ પર 7,000 સુધીનું ઈન્સ્ટન્ટ કૅશબૅક તેમજ એપલની કેટલીક પ્રોડક્ટ્સ પર 15,000 સુધીનું કૅશબૅક આપે છે. આઈસીઆઈસીઆઈ બેંકના ક્રેડિટ કાર્ડધારકો ખાસ કરીને એપલના 'આઈફોન ફૉર લાઈફ' પ્રોગ્રામનો વિકલ્પ પણ પસંદ કરી શકે છે. આ પ્રોગ્રામ હેઠળ આઈફોનના કેટલાક પસંદગીના મોડલ્સની કિંમત 24 મહિનાના વ્યાજમુક્ત હપ્તામાં ચૂકવી શકાય છે, જેની શરૂઆત 2,497થી થાય છે. આ ઉપરાંત, આગામી આઈફોનમાં અપગ્રેડ કરતી વખતે હાલના આઈફોન માટે બાંયધરીપૂર્વકના બાયબૅકનો વિકલ્પ પણ મળે છે.બેંકે ગૂગલ પિક્સલ, એલજી, સોની, સેમસંગ, હાયર, એચપી, ડેલ, ક્રોમા, રિલાયન્સ ડિજિટલ, વિજય સેલ્સ, એર ઈન્ડિયા, મેકમાયટ્રિપ, ગોઆઈબિબો, યાત્રા, અજિયો, ટાટા ક્લિક, બ્લિંકઈટ, અર્બન લેડર અને પેપરફ્રાય સહિતની અન્ય અગ્રણી બ્રાન્ડ્સ સાથે પણ સહભાગીદારી કરી છે.આ ઑફર્સ વિશે વાત કરતાં, આઈસીઆઈસીઆઈ બેંકના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'તહેવારોની ઉજવણી એટલે આનંદ અને સૌનો સાથ, અને અમે તેને વધુ ખાસ બનાવવા માગીએ છીએ. આ વર્ષના 'ફેસ્ટિવ બોનાન્ઝા' માટે અમે અગ્રણી બ્રાન્ડ્સ સાથે સહભાગીદારી કરી છે, જેથી અમારા ગ્રાહકોને આકર્ષક ઑફર્સનો લાભ મળે અને તેમનો શૉપિંગનો અનુભવ વધુ લાભદાયક, સુવિધાજનક અને યાદગાર બની રહે. અમારા ગ્રાહકો આ ઑફર્સનો લાભ આઈસીઆઈસીઆઈ બેંકના ક્રેડિટ અને ડેબિટ કાર્ડ્સ, ક્રેડિટ કાર્ડ ઈએમઆઈ અને ઈન્ટરનેટ બેંકિંગનો ઉપયોગ કરીને મેળવી શકે છે.'

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા વદ-12

# સેન્ટ્રલ લાઈબ્રેરી બાબતે સુપ્રિમ કોર્ટ કડક

નવીદિલ્હી : સેન્ટ્રલ વિસ્ટા યોજના હેઠળ પ્રસ્તાવિત નવી લાઈબ્રેરી બાબતે સુપ્રિમ કોર્ટે ગંભીર ચિંતા દર્શાવી છે. સુનાવણી દરમિયાન કોર્ટે મુદ્દો ઉઠાવ્યો હતો કે, હમણાંની સેન્ટ્રલ સેક્રેટેરિયેટ લાઈબ્રેરીના લાખો પુસ્તકો નવી જગ્યાએ રાખવા માટે યોગ્ય વ્યવસ્થા થઈ છે કે નહીં. કોર્ટેને કહેવામાં આવ્યું હતું કે લગભગ બે લાખ પુસ્તકો દિલ્હીના આર કે પુરમ ખાતે કાર્ટનમાં રાખવામાં આવ્યા છે જે ૨૦૧૧થી હજી સુધી ખોલવામાં આવ્યા નથી. કોર્ટે તમામ પુસ્તકો લાઈબ્રેરીમાં કઈ રીતે રાખવામાં આવશે અને નવા મકાનમાં કેવી સગવડ રાખવામાં આવી છે એની જાણકારી પણ માંગી હતી. કોર્ટે કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા વધારાના સોલીસીટર જનરલ ઐશ્વર્યા ભાટીને એમ પણ પૂછ્યું હતું કે, નવા પ્રસ્તાવીત મકાનમાં કોન્ફરન્સ રૂમ અને બીજી સગવડોની જેમ લાઈબ્રેરીની પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે કે નહીં. ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી અને અપની જનતા પાર્ટીના પ્રમુખ સ્વામી પ્રસાદ મૌર્ય આઝમ ખાનના ઘરે ગયા પછી રાજકીય ચર્ચા શરૂ થઈ ગઈ છે. મૌર્ય લગભગ ૪૫ મીનીટ સુધી રામપુર ખાતે આવેલા સિનિયર સમાજવાદી પાર્ટીના નેતાના ઘરે રહ્યા હતા. એમણે આઝમ ખાનના પત્ની ડો. તઝીન ફાત્મા સહિત બીજા કુટુંબીઓની મુલાકાત લીધી હતી. આમ તો આ મુલાકાત કૌટુંબિક હોવાનું કહેવાયું, પરંતુ ઉત્તર પ્રદેશમાં આવી રહેલી ૨૦૨૭ વિધાનસભાની ચૂંટણી પહેલા આ મુલાકાત અગત્યની ગણાય છે. રામપુર પહોંચતા પહેલા સ્વામી પ્રસાદ મૌર્યે દિલ્હીમાં રાહુલ ગાંધીને પણ મળ્યા હતા. એવી વાત થઈ રહી છે કે, તેઓ પોતાના પક્ષને કોંગ્રેસ સાથે ભેળવી દેશે. આઝમ ખાનના કુટુંબ સાથે મૌર્યની મુલાકાત પછી એવી પણ વાત ચાલી રહી છે કે, શું આઝમ ખાન પણ કોંગ્રેસમાં જોડાશે?

કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના નેતા ચીરાગ પાસવાનએ રાહુલ ગાંધીના 'ડીજીટલ સત્યાગ્રહ'ના વખાણ કર્યા છે. રાહુલ ગાંધીએ 'સત્યાગ્રહ' પોર્ટલ શરૂ કર્યું છે. આ કન્સેપ્ટ ભારતના રાજકારણમાં નવો છે આ પોર્ટલ પર દેશભરમાં વિવિધ બાબતે આંદોલન કરી રહેલા કે વિરોધ કરી રહેલા લોકો કે સંસ્થા આ પોર્ટલ પર પોતાની ફરિયાદ મૂકી શકશે અને એક જ પ્રકારના પ્રશ્નોનો વિરોધ દેશભરમાં ક્યાં થયો છે એ જાણી શકાશે. ચીરાગ પાસવાન રાહુલના આ નિર્ણયથી ખૂબ ખુશ છે. એમણે કહ્યું હતું કે, 'આ સારી વાત છે. મેં હંમેશા યુવાનો અને ભારતીય નાગરીકોને પોતાની વાત રજૂ કરવા માટે વધુમાં વધુ મંચ ઉપલબ્ધ કરાવવાની વકીલાત કરી છે. મારા જેવી જ વિચારસરણી રાહુલ ગાંધીની છે. રાહુલ ગાંધીએ પોર્ટલનું નામ પણ યોગ્ય જ રાખ્યું છે.'

વિદ્યાર્થી અગ્રણી નેહા બોરાની પોલીસે અટકાયત કરી હોવાના સમાચાર મળ્યા પછી વિરોધ પક્ષના નેતાઓએ પોલીસની કામગીરી પર પ્રશ્નો કર્યા છે. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓબ્રાયનએ નેહાને મુક્ત કરવામાં આવી હોવાના સમાચાર જાણીને આનંદ વ્યક્ત કર્યો હતો. એમણે સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે, 'નેહાને પોલીસ ગાડીમાં લઈ જવામાં આવી ત્યારે હું ખૂબ ચિંતીત થઈ ગયો હતો. જોકે પોલીસ સ્ટેશને લઈ જઈને છોડી મૂકવામાં આવી એ સારૂ થયું.' એ જ રીતે ઈન્ડિયા ગઠબંધનના બીજા પક્ષ ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટીના મહામંત્રી દિપાંકર ભટ્ટાચાર્યએ નેહાની અટકાયતને અપહરણ સમાન ગણાવી હતી. આ બાબતે એમણે કહ્યું હતું કે ઈન્ડિયા ગઠબંધનના તમામ પક્ષો નેહા બોરાના પડખે છે.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ચૂંટણી વ્યવસ્થા માટે પક્ષ તરફથી ત્રણ મુખ્ય માંગણી કરી છે. એમના કહેવા પ્રમાણે આ ત્રણ માંગણીઓ એવી છે જેના પર કોઈ સમાધાન થઈ શકશે નહીં. ત્રણ માંગણીઓમાંની પહેલી માંગણી છે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું. બીજી માંગણી છે એસ.આઈ.આર રદ કરવો. ત્રીજી માંગણી છે ચૂંટણી બેલેટ પેપર મારફતે કરાવવી. ખડગેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ મૂકીને લખ્યું હતું કે, કોંગ્રેસના કાર્યકરો ઈન્ડિયા ગઠબંધનના સાથી પક્ષો સાથે મળીને આ ત્રણે માંગણીઓ માટે દેશભરમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. દેશભરમાં અલગ અલગ જગ્યાએ જે કોઈ લોકો આ બાબતે સંઘર્ષ કરી રહ્યા છે અમે એમની સાથે ઉભા છીએ.

# GJS 2026 ના વૈશ્વિક મંચ પર કચ્છના સુવર્ણકારોની સુવર્ણ-પ્રતિભાનો ઝળહળતો સત્કાર

મહેશ એલ. સોની નખત્રાણા

ભારતીય જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રના સૌથી પ્રતિષ્ઠિત અને ભવ્યાતિભવ્ય પ્રદર્શન સમા GJS - India Gem & Jewellery



Show 2026 નું આયોજન મુંબઈના વિશ્વપ્રસિદ્ધ Jio World Convention Centre, BKC ખાતે તા. ૨ થી ૪ ઓક્ટોબર દરમિયાન અત્યંત ગરિમા અને ભવ્યતા સાથે સંપન્ન થયું હતું. દેશના ખૂણેખૂણેથી પધારેલા અગ્રણી જ્વેલર્સ, બુલિયન વ્યાપારીઓ અને સુવર્ણ ક્ષેત્રના શિલ્પીઓની ઉપસ્થિતિમાં આ સમારોહ રત્નોની જેમ દેદીપ્યમાન રહ્યો હતો.આ સુવર્ણ અવસરે કચ્છની ધરા માટે એક અતિ ગૌરવપૂર્ણ અને ભાવવિભોર કરી દેનારી ક્ષણ સર્જાઈ હતી. જ્વેલરી અને બુલિયન જગતમાં કચ્છના અવિરત યોગદાન, નિષ્ઠા અને વ્યાપારિક પરંપરાને બિરદાવતા કચ્છના આગેવાનોનું આત્મીય સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે KJF - કચ્છ જ્વેલર્સ ફેડરેશન તથા માંડવી બુલિયન મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખશ્રી ભરતભાઈ કાપ્તા (જોશી), KJF તથા શ્રી ભુજ બુલિયન મર્ચન્ટ એસોસિએશનના મહામંત્રીશ્રી વિજયભાઈ બુદ્ધભટ્ટી, માંડવી બુલિયન મર્ચન્ટ એસોસિએશનના મહામંત્રીશ્રી રાજુભાઈ બુદ્ધભટ્ટી તેમજ શ્રી મહેશભાઈ સોનીનું R. V. Agarwal ના શ્રી સંજયભાઈ અગ્રવાલ દ્વારા શાલ ઓઢાડી, હૃદયના ઉમળકા સાથે ગૌરવપૂર્ણ અભિવાદન કરવામાં આવ્યું હતું.આ સન્માન માત્ર વ્યક્તિગત માન-અકરામ નથી, પરંતુ સમગ્ર કચ્છના સુવર્ણ વ્યાપારી સમાજની એકતા, અસ્મિતા, પ્રામાણિકતા અને પેઢી દર પેઢી ચાલી આવતી વ્યાપારિક ઉત્કૃષ્ટતાનું પ્રતીક છે. કચ્છના રણમાંથી રત્ન સમાન ઝળકતા આ વેપારીઓએ દેશના સુવર્ણ બજારમાં પોતાની આગવી ઓળખ અંકિત કરી છે.આવા આત્મીય સન્માન અને સ્નેહભર્યા સંબંધો નિશ્ચિતપણે કચ્છના વેપારી આલમને નવી ઊર્જા, નવી પ્રેરણા અને નવી ઊંચાઈઓ સર કરવા માટે પ્રોત્સાહિત કરશે. સમગ્ર કચ્છ જ્વેલર્સ પરિવારે આ ગૌરવપૂર્ણ ક્ષણને હૃદયથી વધાવી હતી.

# વોટ ચોરી સામે કચ્છમાં જંગ: જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે બહુજન આર્મીના ભુજમાં પ્રતીક ધરણા

મહેશ એલ.સોની નખત્રાણા

જ્યુબિલી સર્કલ, ભુજ ખાતે તા. ૦૮/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે 'ચલો ભુજ, ચલો ભુજ - વોટ હમારા અધિકાર હૈ, જ્ઞાનેશ કુમાર રાજીનામું આપો' ના બુલંદ નારા સાથે બહુજન આર્મી દ્વારા વિશાળ પ્રતીક ધરણાનું એલાન કરવામાં આવ્યું છે.ભારતીય લોકતંત્રના પાયામાં જ્યારે વોટનો અધિકાર છે, ત્યારે આજે એ જ અધિકાર છીનવાઈ રહ્યાની લાગણી દેશના કરોડો મતદારોમાં છે. લોકતંત્રમાં સૌથી મોટું હથિયાર વોટ છે, પરંતુ આજે ચૂંટણી પ્રક્રિયામાં થઈ રહેલી ગેરરીતિઓ, મતદાર યાદીમાં થતા ચેડા અને મતદારોના અધિકારો પર થઈ રહેલા સીધા હુમલાએ લોકશાહીને શર્મસાર કરી છે.આ સમગ્ર મામલાને લઈને કચ્છની ધરતી પરથી બહુજન આર્મી એ હુંકાર ભર્યો છે. બહુજન આર્મીના સંસ્થાપક યુવા આંબેડકરવાદી નેતા શ્રી લખન ધુવા એ



જાહેરાત કરી છે કે, ચૂંટણી પંચની નિષ્પક્ષતા સામે સવાલો ઉભા થયા છે ત્યારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે નૈતિકતાના ધોરણે રાજીનામું આપવું જોઈએ.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ ધરણું કોઈ એક રાજકીય પક્ષ માટે નથી, આ લડાઈ ૧૪૦ કરોડ દેશવાસીઓના મતાધિકારને બચાવવાની લડાઈ છે, આ લડાઈ બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકર દ્વારા આપવામાં આવેલા બંધારણને બચાવવાની લડાઈ છે.ત્યારે કચ્છ જિલ્લાના તમામ નાગરિકો, યુવાનો, વિદ્યાર્થીઓ, વડીલો, માતા-બહેનો, દલિત, પછાત, લઘુમતી સમાજ અને બંધારણમાં આસ્થા ધરાવતા દરેક વ્યક્તિને આ ઐતિહાસિક પ્રતીક ધરણામાં મોટી સંખ્યામાં જોડાવા માટે બહુજન આર્મી દ્વારા આહવાન કરવામાં આવ્યું છે.

# માળીયા હાટીનાના લાડુડી ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો : ૧૫૪૫ અરજીઓનો નિકાલ

નરેન્દ્ર દવે જૂનાગઢ | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરને ગુજરાત સરકાર સેવા સંકલ્પ અભિયાન દ્વારા ઉજવણી કરી રહી છે, તેના ભાગરૂપે માળિયા હાટીના ના લાડુડી ગામે સફળતાપૂર્વક સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેનો બહોળી સંખ્યામાં ગ્રામજનો એ લાભ લેતા કુલ ૧૫૪૫ અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો હતો.વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ સેવા સેતુ કાર્યક્રમમાં લોકોએ જુદી જુદી સેવાઓની સાથે આરોગ્ય સેવાઓનું પણ લાભ મેળવ્યો હતો.આ સેવાસેતુ કાર્યક્રમના માધ્યમથી જુદી જુદી પ્રજાલક્ષી સેવાઓને આવરી લેવામાં આવી છે, જેમાં આવક અને જાતિના પ્રમાણપત્રો, નોન ક્રિમિલિયર, રેશનકાર્ડ સંબંધિત નવા રેશનકાર્ડમાં નામ ઉમેરવું, કમી કરવું, સુધારા કરવા વગેરે, નવું આધાર કાર્ડ કઢાવવું અથવા તેમાં આવશ્યક સુધારા કરાવવા, ૭/૧૨, ૮- અના ઉતારા, આયુષ્માન ભારત કાર્ડ, નમો શ્રી યોજના, ઉપરાંત પશુપાલન સહિતના વિભાગની યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો.આ સેવા સેતુ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ કરગઠીયા, જિલ્લા પંચાયતના સદસ્યશ્રી રામસિંહભાઈ તથા રામભાઈ, તાલુકા પંચાયતના સદસ્યશ્રી લક્ષ્મણભાઈ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખશ્રી પ્રકાશભાઈ, અગ્રણીશ્રી ડાયાભાઈ ઝોરા, શ્રી રામભાઈ ખેર સહિતના પદાધિકારી-અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બહેન વાસંતીબેન મોદી ડાંગના પ્રવાસે

## વાસંતીબેન મોદીએ ધાર્મિક, ઐતિહાસિક અને પ્રાકૃતિક સ્થળોની મુલાકાત લઈ યાદગાર સફરનો આનંદ માણ્યો

સુશીલ પવાર ડાંગ

પ્રાકૃતિક સૌંદર્ય અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો ધરાવતા દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના બહેન વાસંતીબેન મોદી પોતાના પતિ હસમુખભાઈ મોદી તથા મિત્રો સાથે ખાસ પ્રવાસે આવ્યા હતા. ડાંગની મનોહર પ્રકૃતિ, પવિત્ર ધાર્મિક સ્થળો અને સ્થાનિક સંસ્કૃતિને નજીકથી અનુભવવાના હેતુથી યોજાયેલા આ પ્રવાસ દરમિયાન તેમણે જિલ્લાના વિવિધ ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી.પોતાના આ યાદગાર પ્રવાસ દરમિયાન વાસંતીબેન મોદી, હસમુખભાઈ મોદી અને તેમના સાથીદારોએ રામાયણ કાળ સાથે જોડાયેલા પવિત્ર યાત્રાધામ શબરીધામ, પંપા સરોવર, અંજની કુંડ તથા ઐતિહાસિક મહત્વ ધરાવતી પાંડવ ગુફાની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત, તેમણે બિલમાલ (તુલસીગડ) ખાતે આવેલ પ્રાચીન અર્ધનારેશ્વર મહાદેવ મંદિરે પહોંચી પૂજા-અર્ચના અને દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ ધાર્મિક યાત્રા આગળ ધપાવતા તેઓએ સુબીર ખાતે પૂજ્ય અસીમાનંદ



સ્વામીજીના દર્શન કર્યા હતા તથા વાસુર્ણા ખાતે હેતલ દીદીની મુલાકાત લઈ તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ડાંગ પ્રવાસ દરમિયાન વાસંતીબેન મોદી અને હસમુખભાઈ મોદીએ શબરીધામ, પંપા સરોવર, પાંડવ ગુફા, અંજની કુંડ તથા બિલમાલ (તુલસીગઢ) ખાતે આવેલ અર્ધનારેશ્વર મહાદેવ મંદિર ખાતે દર્શન-પૂજન કરી આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો. આ ઉપરાંત, તેમણે સુબીર ખાતે પૂજ્ય અસીમાનંદ સ્વામીજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ત્યારબાદ વાસુર્ણા ખાતે આવેલા 'તેજસ્વીની સંસ્કૃતિ ધામ'માં બ્રહ્મવાદીની પૂજ્ય હેતલદીદીના સાનિધ્યમાં 'શિવાશ્રય તેજસ્વીની કન્યા છાત્રાલય'ની દીકરીઓ સાથે સાંજની આરતી અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ છાત્રાલયની ૫૦ જેટલી દીકરીઓમાં શિક્ષણની સાથે સ્વચ્છતા, સંસ્કાર, સંસ્કૃતિ અને સહાનુભૂતિના ગુણો જોઈ વાસંતીબેન તથા સમગ્ર મોદી પરિવારે અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવી હતી. આહલાદક અનુભવો અને પ્રકૃતિના ખોળામાં વિતાવેલી મનોરમ ક્ષણોની સુખદ સ્મૃતિઓ સાથે વાસંતીબેન મોદી પોતાના સફરની પૂર્ણાહુતિ કરી પરત ફર્યા હતા.

## વન્યજીવ સપ્તાહ નિમિત્તે પ્રાકૃતિક ચિત્ર સ્પર્ધાનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ | આસોય એક્સપ્લોરર્સ સંસ્થા દ્વારા આગામી વન્યજીવ સપ્તાહ નિમિત્તે રાજ્ય સ્તરની પ્રાકૃતિક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગુજરાતના વતની અથવા ગુજરાતમાં રહીને અભ્યાસ કરતા કિશોર અને યુવા વયના ચિત્રકારો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ચિત્રકારો વોટ્સએપ નં. ૭૮૭૮૪ ૦૧૯૪૦ ઉપર મેસેજ સેન્ડ કરીને વધુ માહિતી મેળવી શકશે.આ સ્પર્ધા માટે કોઈ પ્રવેશ ફી લેવામાં આવશે નહીં. તેમ યાદીમાં જણાવાયું છે.

## જૂનાગઢમાં જિલ્લા કક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા- ૨૦૨૬-૨૭ યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ | રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રેરિત, કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢ ગ્રામ્ય અને જૂનાગઢ શહેર દ્વારા સંચાલિત "જિલ્લા કક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા" જૂનાગઢ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં રાસ, પ્રાચીન ગરબા અને અર્વાચીન ગરબાની કૃતિઓમાં જૂનાગઢ શહેર અને જૂનાગઢ ગ્રામ્યના તમામ ખૈલેયાએ ખુબ મોટી સંખ્યામાં અને ખુબ જ ઉત્સાહથી આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ભગવાનજીભાઈ કરગઠીયા, ધારાસભ્યશ્રી માંગરોળ, જૂનાગઢ મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર શ્રી આકાશભાઈ કટારા, શ્રી પુંજાભાઈ સિસોદિયા, ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી રણવીર પરમાર, જિલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢ શ્રી નીતાબેન વાળા,ડો.ચેતના કોડીનારીયા, આયુર્વેદ કોલેજ, જૂનાગઢ,શ્રી નિલેશભાઇ સોનારા, સદસ્યશ્રી માધ્યમિક શિક્ષણ બોર્ડ ગુજરાત રાજય અને જૂનાગઢ શહેર વ્યાયામ મંડળ પ્રમુખશ્રી જીગ્નેશભાઈ ચાવડા ખૈલેયાઓને પ્રોત્સાહિત કરવા માટે ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધાની પ્રથમ વિજેતા ટીમો રાજ્ય કક્ષા નવરાત્રી રાસ- ગરબા સ્પર્ધામાં ભાગ લેવા જશે અને જૂનાગઢનું પ્રતિનિધિત્વ કરશે. તેમ શ્રીમતી એન.ડી.વાળા, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બહાઉદ્દીન સરકારી વિનયન કૉલેજ, જૂનાગઢ ખાતે થેલેસેમિયા ટેસ્ટ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ | બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ અને કોલેજના એન. એસ.એસ. વિભાગના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તત્વજ્ઞાન વિભાગના વડા ડૉ.બારસિયાએ થેલેસેમિયા ટેસ્ટ કરાવવાનું વૈજ્ઞાનિક અને સામાજિક મહત્વ સમજાવ્યું હતું. આ સાથે જ તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં અનુશાસન અને મૂલ્યોનું સિંચન કરવા અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી કોલેજના પ્રિન્સિપાલ ડૉ.જે. આર.વાંઝાએ રુધિરમાં હિમોગ્લોબીનનું મહત્વ અને તેની જાળવણી વિશે વિસ્તૃત છણાવટ કરી હતી. તેમણે વિદ્યાર્થીઓનો ડર દૂર કરતા ઉમેર્યું હતું કે જો થેલેસેમિયા ટેસ્ટ માઈનોર આવે તો સહેજ પણ ગભરાવાની જરૂર નથી. આજના સમયમાં લગ્ન સમયે માત્ર કુંડળી મેળવવી પૂરતી નથી પરંતુ ભાવિ પેઢીને સુરક્ષિત રાખવા માટે થેલેસેમિયા માયનોર રિપોર્ટ મેળવવો અત્યંત આવશ્યક છે. કારણ કે, જ્યારે બે થેલેસેમીયા માયનોર વાહકો અજાણતાં થી લગ્નગ્રંથીથી જોડાય જાય છે તેમને ત્યાં થેલેસેમીયા મેજર વાહક બાળક અવતરવાની શક્યતા રહે છે, અને થેલેસેમીયા મેજર વાહક બાળક ને જન્મ થી લોહી ની ઉણપ રહે છે આથી દર પંદર થી વીસ દિવસે અન્યનું લોહી મેળવી ચડાવવું પડે છે અને તે સંપૂર્ણ તંદુરસ્ત ન હોવાથી તેમનાં વાલી ચિંતાગ્રસ્ત રહે છે અને તેમનું આયુષ્ય પણ ટુંકુ રહે છે, આથી અપરણીત યુવક યુવતીઓ માં જાગૃતતા જરૂરી છે.આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદથી પધારેલા શ્રી સંજયભાઈએ પણ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. જેમાં થેલેસેમિયા રોગ વિશે જાગૃતિ, તેના લક્ષણો અને અટકાવવાના ઉપાયો વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. તેમણે રેડ ક્રોસ સોસાયટીની કામગીરી અને સમાજ પ્રત્યેના તેમના યોગદાન વિશે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા અને યુવાનોને આવા આરોગ્યલક્ષી કાર્યોમાં આગળ આવવા પ્રેરિત કર્યા હતા.ઉદ્ઘાટન સમારંભ અને મહાનુભાવોના પ્રેરક વક્તવ્યો પૂર્ણ થયા બાદ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ડોક્ટર મિત્રોની નિષ્ણાત ટીમ દ્વારા થેલેસેમિયા ટેસ્ટ માટે રક્ત એકત્રીકરણ અને ચેકઅપની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ કેમ્પમાં કોલેજના પ્રથમ વર્ષના કુલ ૨૬૭ જેટલા વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ દર્શાવીને સફળતાપૂર્વક પોતાનો થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો.આ સમગ્ર કાર્યક્રમને અત્યંત સફળ બનાવવા માટે કોલેજના એન.એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર તથા થેલેસેમિયા ટેસ્ટ ચેકઅપ કમિટીના પ્રા. ભાવિક ચાવડાએ ભારે જહેમત ઉઠાવી હતી. તેમની સાથે અન્ય અધ્યાપકગણ જેમાં ડૉ.ભરત રાઠોડ, ડૉ.મેઘરાજસિંહ જાડેજા, ડૉ.જીગ્નેશ કાચા, ડૉ.રાજીવ ડાંગર, ડૉ.મોહસીન આઝાદ કુરેશી, ડૉ. અશ્વિન વિંઝુડા અને પ્રા.નેહાબેન ખાંભલા ની કામગીરી રહી હતી. આ સમગ્ર કાર્યક્રમ નું સુચારુ સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. દીનાબેન લોઢીયા દ્વારા કરવામાં આવી હતી. આ રીતે થેલેસેમિયા ટેસ્ટ ચેકઅપ કેમ્પ કોલેજના મધ્યસ્થ ખંડમાં અત્યંત સફળતાપૂર્વક અને શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયો હતો.

# પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી ઓક્ટોબર મહિનામાં "દેશી ચણા"નું સફળ વાવેતર અને ઉત્પાદન

નરેન્દ્ર દવે જૂનાગઢ | ઓક્ટોબર મહિનો એ રવિ (શિયાળુ) પાકોના વાવેતર માટે સુવર્ણ સમય ગણાય છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવતા ખેડૂતો માટે ઓક્ટોબર માં દેશી ચણા (Desi Chickpeas) નું વાવેતર કરવું એ સૌથી વધુ નફાકારક અને જમીનની ફળદ્રુપતા વધારતો શ્રેષ્ઠ વિકલ્પ છે.ચણાને ખૂબ ઓછા પાણીની જરૂર પડે છે. ચોમાસા પછી જમીનમાં રહેલા ભેજનો ઉપયોગ કરીને આ પાક ઝડપથી સેટ થઈ જાય છે. ચણાના છોડના મૂળમાં રહેલી ગાંઠો વાતાવરણમાંથી નાઈટ્રોજન ખેંચીને જમીનમાં સ્થિર કરે છે, જેથી જમીન કુદરતી રીતે ફળદ્રુપ બને છે. પ્રાકૃતિક પદ્ધતિથી વાવેતર કરવાથી રાસાયણિક ખાતર કે દવાનો ખર્ચ શૂન્ય થઈ જાય છે અને ઉત્પાદન ગુણવત્તાસભર મળે છે. ચોમાસું પાક લીધા પછી જમીનમાં હળથી ૧-૨ ખેડ કરવી જોઈએ. આખરી ખેડ વખતે એકર દીઠ ૨૦૦ કિલો ઘનજીવામૃત જમીનમાં સારી રીતે ભેળવી દેવું. એકર દીઠ ૨૫ થી ૩૦ કિલો દેશી ચણાનું વાવેતર કરી શકાય છે. વાવણીના ૨ કલાક પહેલા બિયારણ પર બીજામૃત છાંટીને છાંયડામાં સૂકવવું જોઈએ. બીજામૃતથી પટ આપવાથી ફૂગજન્ય રોગો જેમ કે સુકારો કે ઉગાવો નિષ્ફળ જવો સામે ૧૦૦% રક્ષણ મળે છે.આગામી તારીખ ૧૫ ઓક્ટોબર થી ૩૧ ઓક્ટોબર સુધી વાતાવરણમાં ઠંડક શરૂ થતાં જ વાવણી કરવી જોઈએ. બે ચાસ વચ્ચે ૩૦ થી ૪૫ સેમી (૧.૫ ફૂટ) અને બે છોડ વચ્ચે ૧૦ સેમી અંતર રાખવું. ચણાના પાકને સામાન્ય રીતે ૨ થી ૩ પિયતની જરૂર પડે છે. પ્રથમ પિયત વાવણી સમયે જો જમીનમાં ભેજ ઓછો હોય તો આપી શકાય છે. બીજી પિયત ફૂલ આવવાના ૧૫ દિવસ પહેલા કરવાની હોય છે. ફૂલ ખીલેલા હોય ત્યારે પિયત આપવું નહીં, નહિતર ફૂલ ખરી પડે છે. દર ૧૫ થી ૨૦ દિવસે એકર દીઠ ૨૦૦ લીટર જીવામૃત પિયતના પાણી સાથે આપવું અથવા વાદળછાયા વાતાવરણમાં પાક પર પંપ વડે છંટકાવ કરવો.ચણાના પાકમાં લીલી ઈયળનો ઉપદ્રવ દેખાય કે તરત જ ૫% લીમડાના અર્ક અથવા બ્રહ્માસ્ત્ર ૧૫ લીટર પાણીમાં ૫૦૦ મિલી નો છંટકાવ કરવો. સુકારો કે અન્ય ફૂગ સામે રક્ષણ માટે ૧૫ દિવસ જૂની ખાટી છાશ ૧૫ લીટરના પંપમાં ૫૦૦ થી ૭૫૦ મિલી ભેળવીને છંટકાવ કરવો.પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી એકર દીઠ સરેરાશ ૮ થી ૧૨ ક્વિન્ટલ ચણાનું ઉત્પાદન મેળવી શકાય છે. ચણાના પાકની સાથે ૪ કે ૬ ચાસ પછી ૧ ચાસ રાઈ અથવા ધાણા વાવવાથી આંતરપાક તરીકે વધારાની આવક મળે છે અને જીવાતનો ઉપદ્રવ ઘટે છે. કેમિકલ ફ્રી પ્રાકૃતિક ચણાની બજારમાં ઉંચી માંગ હોય છે, જેથી સામાન્ય ચણા કરતાં ૨૫% થી ૩૦% વધુ ભાવ મળે છે. ઓક્ટોબર મહિનામાં પ્રાકૃતિક પદ્ધતિથી ચણાનું વાવેતર કરવાથી જમીનનું સ્વાસ્થ્ય જળવાય છે, પાણી અને ખાતરનો ખર્ચ બચે છે અને ઓછા ખરચે વધુ નફો મેળવી શકાય છે. જૂનાગઢ જિલ્લાના ખેડૂતોએ દેશી ગાયના છાણ-ગૌમૂત્ર આધારિત જીવામૃત અને બીજામૃતનો ઉપયોગ કરી સ્વસ્થ અને ઝેરમુક્ત ઉત્પાદન તરફ આગળ વધવું જોઈએ.

## જૂનાગઢમાં બહાઉદ્દીન કોલેજ ખાતે "જેન્ડર સેન્સિટાઈઝેશન, ન્યુટ્રીશન અને PoSH અવેરનેસ" પર સેમિનાર યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ ખાતે 'સેતુ' કાર્યક્રમ અંતર્ગત 'જેન્ડર સેન્સિટાઈઝેશન, ન્યુટ્રીશન અને PoSH અવેરનેસ' વિષય પર સેમિનાર યોજાયો હતો. મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકારના 'જેન્ડર રિસોર્સ સેન્ટર' અને બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢના 'સેતુ સેલ' (SETU - Sustaining Equality Through Universities) ના સંયુક્ત ઉપક્રમે 'Safe, Healthy and Inclusive Spaces' ની થીમ હેઠળ એક જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં જેન્ડર સમાનતા, પોષણ અને PoSH એક્ટ અંગે જાગૃતિ લાવવાનો હતો. આચાર્યશ્રી ડૉ. જે.આર. વાંઝાએ પોતાનું શાબ્દિક સ્વાગતમાં જણાવ્યું હતું કે, 'સાચા અર્થમાં એક સ્વસ્થ સમાજનું નિર્માણ ત્યારે જ શક્ય છે જ્યારે તેમાં શારીરિક સ્વાસ્થ્યની સાથે સામાજિક સમાનતાનું પણ સિંચન થાય. વિદ્યાર્થીઓએ યુવાવસ્થાથી જ સ્ત્રી-પુરુષ સમાનતાના મૂલ્યો સમજવા જોઈએ અને યોગ્ય આહાર અપનાવી શારીરિક રીતે સક્ષમ બનવું જોઈએ, જેથી ભવિષ્યમાં સૌ માટે એક સુરક્ષિત વાતાવરણ ઉભું કરી શકાય.'. ત્યારબાદ સેતુ કો-ઓર્ડીનેટર ડૉ.હરેશ વરુએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને સેમિનારના મુખ્ય વિષયોની અગત્યતા વિશે પોતાની વાત ઉમેરી હતી. સેમિનારમાં શ્રી ડૉ.જે. બી.ઝાલાએ 'જેન્ડર ઇક્વાલિટી' (લિંગ સમાનતા) અને 'ઘરેલું હિંસા' જેવા વિષયો પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ જૂનાગઢના ડૉ.જય રાણિંગાએ 'પોષણ અને આહાર' વિષય પર વિદ્યાર્થીઓને ખૂબ જ ઊંડું જ્ઞાન પીરસ્યું હતું. તેમણે શરીર માટે જરૂરી દરેક વિટામિન, તેના ફાયદાઓ, તેની ઉણપથી થતા રોગો અને રોજિંદા જીવનમાં કેવો સંતુલિત આહાર લેવો જોઈએ તે અંગે તલસ્પર્શી અને વૈજ્ઞાનિક માહિતી આપી હતી. શ્રી ડૉ.પરવેઝ બલોચે 'The PoSH Act 2013' (Prevention of Sexual Harassment at Workplace) અંગે કાનૂની સમજ આપી હતી. કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાવવા માટે ઘડાયેલા આ કાયદાની કલમો અને તેની પ્રક્રિયાઓ વિશે તેમણે સરળ ભાષામાં વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. આ સેમિનારમાં કોલેજ ના કુલ ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમ આચાર્યશ્રી, બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### જૂનાગઢમાં તા.૭ ઓક્ટોબરે વિકસિત ભારત સંકલ્પ સભા યોજાશે : સેવા જ્યોતિ યાત્રા પણ નીકળશે

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૬ જૂનાગઢમાં તળાવ દરવાજા પાસે આવેલ નરસિંહ મહેતા સરોવર ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તા.૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૧૦ કલાકે વિકસિત ભારત સંકલ્પ સભા યોજાશે. જેમાં વર્ચ્યુઅલી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સંબોધન કરશે. આ કાર્યક્રમના સમાપન બાદ સેવા જ્યોતિ યાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

### કેશોદ અને માંગરોળ નગરપાલિકા દ્વારા તા.૭ ઓક્ટોબરના ૫ થી ૯ વોર્ડ નો સેવા સેતુ કાર્યક્રમ યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરની ગુજરાત સરકાર દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે તા.૭ ઓક્ટોબર ના રોજ કેશોદ અને માંગરોળ નગરપાલિકા દ્વારા ૫ થી ૯ વોર્ડનો સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. જ્યારે વિસાવદર તાલુકાના પ્રેમપરા ગામે તા.૮ઓક્ટોબર ના રોજ સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. આ સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી વિવિધ પ્રજાલક્ષી સેવાઓનો લાભ ગ્રામજનોને ઘરઆંગણે મળી રહે તે માટે વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## નરસિંહ મહેતા તળાવ તરફના માર્ગો પર વાહનવ્યવહાર પ્રતિબંધિત : વૈકલ્પિક રૂટ જાહેર

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ શહેરમાં નરસિંહ મહેતા તળાવ ખાતે સેવા જ્યોતિ યાત્રાનું આયોજન કરવાનું થતું હોય જેમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરીને વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યા છે. આ જાહેરનામા મુજબ ત્રિમૂર્તિ હોસ્પિટલથી તળાવ દરવાજા શહીદ સ્મારક સુધીના રોડ પર તમામ પ્રકારના વાહનોની અવર જવર પર પ્રતિબંધ રહેશે આ રૂટના વૈકલ્પિક માર્ગ તરીકે સરદાર બાગ તરફથી આવતા વાહનો એસ.ટી સર્કલ રોડ પરથી પસાર થઈ શકશે. તેમજ તળાવ રેલ્વે ફાટકથી શહીદ સ્મારક તળાવ તરફ જતા તમામ પ્રકારના વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે જેના વૈકલ્પિક માર્ગ તરીકે જયશ્રી રોડ, વૈભવ ફાટક, એમ.જી. રોડ પરથી વાહનો પસાર થઈ શકશે ઉપરાંત જવાહર રોડ સ્વામિનારાયણ મંદિરથી તળાવ દરવાજા શહીદ સ્મારક સુધીના રોડ પર તમામ પ્રકારના વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે જેના વૈકલ્પિક માર્ગ તરીકે પોલીસ હેડ ક્વાર્ટર ફાટક, જયશ્રી રોડ પરથી વાહનો પસાર થઈ શકશે. આ જાહેરનામું તા.૦૭/૧૦/૨૦૨૬ના રોજ સવારના ૦૭:૦૦ કલાકથી બપોરના ૧૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે. આ આદેશનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવશે.

# જાફરાબાદના ખેડૂતોને ફોર લેન રોડ મામલે નોટિસ મળતા રોષ



કિશોર સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ વિસ્તારના ખેડૂત ખાતેદારો દ્વારા રાજુલા નાયબ કાર્યપાલક ઈજનેર ને આવેદનપત્ર આપવામાં આવ્યું : જાફરાબાદ ખેડૂતો ની જમીન ફોર લેનીગ રોડ માં જતી હોય તે માટે ખેડૂતો દ્વારા ધારદાર મૌખિક રજૂઆતો સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું . જાફરાબાદ થી બાબરકોટ ના પાડીયા સુધી ના ખેડૂત ખાતેદારો ના ખેતર ની જમીન હાલમાં બનતો ફોરલેનીગ રોડ કપાતમાં જતો હોય પરંતુ ખેડૂત ખાતેદારો ને કોઈ પણ વરતર આપ્યા વિના ખોટી રીતે નોટિસ ફટકારી કોન્ટ્રાકટર ના માણસો બીન અધિકૃત ખેડૂતો ની જમીન માં પ્રવેશ કરી કામગીરી કરતા જાફરાબાદ થી બાબરકોટ પાટીયા સુધી ના ખેડૂત ખાતેદારો દ્વારા રાજુલા ખાતે નાયબ કાર્યપાલક ઈજનેરને ધારદાર મૌખિક રજૂઆતો સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું આવેદનપત્ર માં જણાવેલ કે ચારનાળા-જાફરાબાદ ફોર-લેનીંગ રોડમાં અમારી ખેતીની જમીન વગર વળતરે કપાત કરવાની કામગીરી થવાની હોઈ જે બાબતે તમોએ આપેલ તા: ૧૬/૦૯/૨૦૨૬ની નોટીસનો વાંધા જવાબ.મહે. સાહેબ,સવિનય, અમો અરજદારોની માનસર અરજ છે કે, જાફરાબાદ તાલુકાના મોજે મિતિયાળા ગામના ખેતીની જમીનના ખાતેદાર છીએ અને અમારી ખેતીની જમીન તે રાજુલા-જાફરાબાદ રોડની બન્ને બાજુએ આવેલ છે. હાલના રોડને અડીને બન્ને બાજુથી આ ફોર લેન રોડ બનાવવા માટે હાલના કબજાધારકને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી દવારા અલગ અસંગ નોટીસો આપી અમોને દબાણકર્તા-અનધિકૃત કબજેદારો ગણીને ગેરકાયદેસરની નોટીઓ આપવામાં આવી રહેલ છે.નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી-રાજુલા તરફથી આપવામાં આવી રહેલી નોટીસોમાં કોઈ સર્વે નંબરોનો ઉલ્લેખ નથી કે આ ફોર લેન રોડમાં કેટલી જમીન કપાય છે ? તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. જેથી આવી નોટીસો કાયદેસરની ગણાય નહી, તેમ છતાં આવી ગેરકાયદેસરની નોટીસો આપવામાં આવી રહેલ છે.આપની નોટીસોમાં આપે જણાવેલ છે કે. અમો તમામ અરજદારોએ આપની કંઈ અને કેટલી જગ્યામાં મેકાવદેસર દબાવા કરેલ છે તેનો ઉલ્લેખ કરેલ નથી અને આપની મોટીસોમાઁ અમારી જમીનોનો કોઈ સર્વે નંબરનો ઉલ્લેખ કરેલ નથી જેથી અમોએ કવા મને નંબરમાં દબાણ કરેલ છે ? તેનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ નથી જેથી પણ આપની નોટીસ ગેરકાયદેસરની છે. આપની નોટીસોમાં અમોએ કેટલા ક્ષેત્રફળનું ગેરકાયદેસર દબાણ કરેલ છે? તેનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ ન હોય જેથી પણ આપની નોટીસો ગેરકાયદેસરની છે.આપની નોટીસોમાં આપની કચેરી આ રોડની કેટલી પહોળાઈ સુધીના કાયદેસરની માલિકી ધરાવે છે? તે બાબતનો પણ કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ ન હોય, જેથી પણ આપની નોટીમ ગેરકાયદેસરની છે.રોડ ફોર લેન બનતો હોઈ તો તે રાજ્યના વિકાસ માટે અને જાહેર હિત માટે સારી વાત છે. પરંતુ કાયદાનું ઉલ્લંઘન કરીને અને કાયદા વિરૂધ્ધ જે કામગીરી કરવામાં આવે તો તે ગેરકાયદેસર કાર્યવાહી કહેવાય અને આવી કાર્યવાહી જાહેર જનતાને તેના મિલ્કત ધારણ કરવાના અને તેની મિલ્કતને જાળવવાના બંધારણીય હકક નું ખુલ્લુ ઉલ્લંઘન ગણવામાં આવે છે. દેશના કે રાજ્યના વિકાસ માટે જમીન ધારકોની જમીન કપાત કરવાની હોઈ તો તેના માટે અંગ્રેજોના શાસનકાળમાં પણ તેઓએ ઈ.સ. ૧૮૯૪ માં 'જમીન સંપાદન અધિનિયમ' બનાવેલ હતો. અને તે મુજબ જમીનધારકોને વળતર આપીને જાહેર હિત માટે જમીન સંપાદન કરવામાં આવતી હતી. તેમજ આ કાયદામાં સને ૨૦૧૩માં નવેસરથી સુધારો કરવામાં આવેલ છે અને તે મુજબ જ કાર્યવાહી કરવાની થાય છે.કોઈપણ ખાતેદારોની ખેતી અથવા બિનખેતીની જમીન કપાત કરવાની કાર્યવાહી કરવાની હોઈ તો, તેના માટે પ્રથમ જમીનનો પ્રારંભિક સર્વે નંબર નક્કી કરી, ત્યારબાદ પ્રાથમિક જાહેરનામું બહાર પાડવાનું હોય છે ત્યારબાદ આખરી જાહેરનામું બહાર પાડવાનું હોય છે. જેમાં સર્વે નબંરો તથા કપાત થનાર ક્ષેત્ર ફળનો ઉલ્લેખ કરવાનો હોય છે. ત્યારબાદ રાજ્યમાં વધુ ફેલાઓ ધરાવતા છાપામાં જાહેરાત આપવાની હોય છે જેમાં એક છાપુ સ્થાનિક ભાષાનુ હોવું જોઈએ. ત્યારબાદ જાહેર જનતા કે જેને ભવિષ્યમાં અસર થવાની છે. તેઓ પાસેથી વાંધા મંગાવવાના હોઈ છે. આ વાંધા ઓની સુનાવણી કરીને આખરી નિર્ણય લેવાનો હોઈ છે અને જમીનનું વળતર એટલે કે એવોર્ડ જાહેર કરીને જમીન માલિકોને વળતરની ચુકવણી કર્યા બાદ જ જે તે જમીનનો કબજો લેવાનો રહે છે અને તે રીતે ખેડુત પોતાની જમીનનું યોગ્ય વળતર આપવામાં આવે છે. પરંતુ હાલમાં આવી કોઈપણ પ્રક્રિયા કર્યા વિના ગેરકાયદેસરની નોટીસો આપીને ગરીબ ખેડુતોની જમીનો માત્ર નોટીસો આપીને ખુલ્લી કરવાની કામગીરી કરવામાં આવી રહેલ છે જે કાયદા વિરૂધ્ધનું કૃત્ય છે. અમોએ કોઈ દબાણ કરેલ ન હોવા છતાં હાલમાં કોઈ અજાણ્યા માણસો અથવા કોન્ટ્રાકટરો દ્વારા પણ જમીન ધારકોને ખોટી રીતે ધમકાવવા માં આવી કહેલ છે. અને ગેરકાયદેસરનો કબજો લેવાના પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. જે લોકશાહી દેશ માટે શરમજનક બાબત છે.આપ સાહેબ જવાબદાર અધિકારી હોઈ જેથી અમો આપ સાહેબને નમ્ર વિનંતી કરીએ છીએ કે, ચાર નાળા થી જાફરાબાદ સુધીના ફોરલેનીગ બનાવવા માટે જે જમીન કપાવવાની સંભાવના છે. તેવા ખેડુતોને યોગ્ય વળતર આપીને જ આગળની કાર્યવાહી કરવી અન્યથા ખેડૂતોને એક જુથ થઈને સરકારશ્રીના આવા અન્યાયકારી વલણ સામે સંઘર્ષ કરવાની તા-છુટકે કરજ પડશે અને યોગ્ય ન્યાય મેળવવા નામદાર ગુજરાત હાઈકોર્ટ અને જરૂર પડશે નામદાર સુપ્રિમ કોર્ટમાં પણ ન્યાય મેળવવા ધા નાખવાની ફરજ પડશે આ બાબતને લઈને જે કાંઈ નુકશાન જશે તેની જવાબદારી તમામ જવાબદાર અધિકારીઓ શ્રી ની રહેશે જેની ગંભીર નોંધ લઈ આગળની કાર્યવાહી કરવા માનસર અરજ છે તેમજ અમો તમામ ખેડુત ખાતેદારો નો આ પ્રશ્ન સરકારશ્રી સુધી પહોંચાડવો અને અમોને અમારી જમીનોનો યોગ્ય વળતર અપાવવા પ્રયત્ન કરશો તેવી તમામ ખેડૂત ખાતેદારો ની ધારદાર મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી.

# મોદી @ ૨૫

## રાષ્ટ્રસેવા, વિકાસ અને ગૌરવના ૨૫ વર્ષ

### એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન, મહારાષ્ટ્ર

૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ, રાષ્ટ્રના સમર્પિત સેવક નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો; તે સમયે શરૂ થયેલી સેવાની સફરની શરૂઆત આખરે ૨૬ મે, ૨૦૧૪ના રોજ ભારતના વડાપ્રધાન પદ સુધી પહોંચી. આજે, ૨૫ વર્ષની આ સફર પર નજર નાખીએ, તો તે માત્ર એક નેતાની રાજકીય કારકિર્દીનો માર્ગ બનીને નથી રહી ગઈ; પરંતુ હવે આ સફર રાષ્ટ્રની બદલાતી રાજકીય, સામાજિક અને વિકાસલક્ષી ગાથા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલો એક અધ્યાય બની ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૫ વર્ષની સફર 'સેવા, સંકલ્પ અને સમર્પણ' દ્વારા પરિભાષિત થાય છે. આ એક એવી સફર છે જે ૧૪૦ કરોડ ભારતીયોના વધતા જતા આત્મવિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. આ પ્રસંગે, હું મહારાષ્ટ્રની ૧૩ કરોડ જનતા અને શિવ સેના વતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

વડનગરની ધરતી પરથી વર્ષો પહેલા ઊઠેલો અવાજ, આજે વૈશ્વિક મંચ પર ભારતની ભૂમિકાને રજૂ કરતો એક પ્રભાવશાળી અવાજ બની ગયો છે. ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન (ઓક્ટોબર ૨૦૦૧ - મે ૨૦૧૪), મોદીએ રાજ્યના વિકાસને વેગ આપવા માટે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લીધા. તેમણે વિનાશક ભુજ ભૂકંપના સમયગાળા દરમિયાન મુખ્ય પ્રધાન તરીકેની જવાબદારી સંભાળી હતી. તેમણે ભુજ અને કચ્છ વિસ્તારોમાં પુનર્વસન, પુનર્નિર્માણ અને પુનર્વિકાસના પ્રયાસોને વેગ આપ્યો. ૨૦૦૩માં, તેમણે 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ' શરૂ કરી, જેનો ઉપયોગ મોટી વૈશ્વિક કંપનીઓ અને ઉદ્યોગપતિઓને ગુજરાતમાં રોકાણ કરવા માટે આકર્ષવા માટે કરાયો હતો. 'ગુજરાત મૉડેલ' દેશના લોકોમાં લોકપ્રિય બન્યું. તેનું કારણ એ હતું કે તે સમયે વિકાસના નામે કરવામાં આવેલા પોકળ વાયદા, વ્યાપક ભ્રષ્ટાચાર અને ગરીબી નિવારણના નામે ધનિકોની તિજોરીઓ ભરવાના પ્રયાસોને લઈને દેશભરમાં અસંતોષ વધી રહ્યો હતો. મોદીજીએ તે અસંતોષની ચિનગારીને રાજકીય ઊર્જામાં પરિવર્તિત કરવાની ક્રાંતિ સર્જવાનું કાર્ય કર્યું.

2014 પહેલાના ભારત અને 2014 પછીના ભારત વચ્ચે સ્પષ્ટ તફાવત જોવા મળે છે. જ્યારે કોઈ દેશના વડાપ્રધાન બદલાય છે, ત્યારે માત્ર સરકાર જ નથી બદલાતી... દેશનું ભવિષ્ય પણ બદલાય છે. 2014 પછી બરાબર આવો જ ચમત્કાર સર્જાયો. નરેન્દ્ર મોદીએ 26 મે, 2014ના રોજ ભારતના વડાપ્રધાન તરીકે શપથ લીધા. ત્યારબાદ, કેન્દ્ર સરકારની નીતિઓમાં વિકાસ, માળખાગત સુવિધાઓ, ડિજિટલ ટેક્નોલોજી, સામાજિક કલ્યાણ અને રાષ્ટ્રીય સુરક્ષા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. 'જન ધન યોજના' દ્વારા મોટી સંખ્યામાં નાગરિકોને બેંકિંગ વ્યવસ્થા સાથે જોડવાના પ્રયાસો કરાયા. 'ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર' (DBT) અને સરકારી સેવાઓના ડિજિટાઈઝેશનને વેગ મળ્યો. 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ સ્વચ્છતા અને શૌચાલયના નિર્માણને પ્રાથમિકતા આપવામાં આવી. સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, જલ જીવન મિશન અને પીએમ-કિસાન જેવી યોજનાઓ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી–જેના દ્વારા આવાસ, રસોઈ માટે સ્વચ્છ ઈંધણ, નળ દ્વારા પાણી અને ખેડૂતોને સીધી આર્થિક સહાય પૂરી પાડવામાં આવી.

'ડિજિટલ ઈન્ડિયા' અને UPIના વિસ્તરણથી ડિજિટલ વ્યવહારોના ક્ષેત્રમાં મોટું પરિવર્તન આવ્યું. હાઈવે, રેલવે, એરપોર્ટ અને અન્ય માળખાકીય સુવિધાઓના વિસ્તારને વેગ મળ્યો. 'મેક ઈન ઈન્ડિયા', 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' જેવી પહેલોએ સ્થાનિક ઉત્પાદન, રોકાણ અને ઉદ્યોગસાહસિકતાને મોટા પાયે પ્રોત્સાહન આપ્યું. મોદી સરકારના કાર્યકાળ દરમિયાન નવી શિક્ષણ નીતિ, નવા ફોજદારી કાયદા અને ટ્રિપલ તલાક વિરોધી કાયદા જેવા નિર્ણયો પણ અમલમાં મૂકવામાં આવ્યા. મોદી સરકારે કાશ્મીર અંગેની કલમ 370 નાબૂદ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવાની હિંમત પણ દાખવી. છેલ્લા 12 વર્ષોમાં લેવાયેલા આવા અસંખ્ય નિર્ણયોએ ભારતીય રાજકારણ, અર્થતંત્ર, વહીવટ અને સામાજિક નીતિની દિશા પર ઊંડી અને અત્યંત સકારાત્મક અસર કરી છે.

આ સમયગાળા દરમિયાન, વિકાસના એજન્ડાની સાથે સાથે સાંસ્કૃતિક વારસાને પણ કેન્દ્રસ્થાને લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. અયોધ્યામાં શ્રી રામ મંદિરનું નિર્માણ અને રામ લલ્લાના મંદિરના ભવ્ય 'પ્રાણ પ્રતિષ્ઠા' સમારોહ તેમજ કાશી વિશ્વનાથ ધામ, મહાકાલ લોક અને અન્ય વિવિધ તીર્થસ્થળોના વિકાસ દ્વારા ધાર્મિક પર્યટન અને સાંસ્કૃતિક વારસાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. 'વિકાસની સાથે વિરાસત' (વિકાસની સાથે વારસો) ના વિચારને આગળ ધપાવતા, આધુનિક માળખાગત સુવિધાઓના નિર્માણની સાથે સાથે ભારતના સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ અને જતન કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.|



મહિલા સશક્તિકરણ એ પણ કેન્દ્ર સરકારના વિકાસના એજન્ડાનું અન્ય એક મહત્વપૂર્ણ પાસું છે. મહિલાઓની આર્થિક અને સામાજિક ભાગીદારી વધારવા માટે 'બેટી બચાવો, બેટી પઢાઓ' અને 'લખપતિ દીદી'થી લઈને ઉજ્જવલા, મુદ્રા અને સ્વ-સહાય જૂથો જેવી વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. મહારાષ્ટ્રમાં પણ 'મહાયુતિ' સરકારે મહિલા સશક્તિકરણની દિશામાં વિવિધ નિર્ણયો લીધા છે. પછી તે 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના' હોય કે છોકરીઓના ઉચ્ચ શિક્ષણને સમર્થન આપવાનો નિર્ણય - તેની પાછળનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે જ્યારે મહિલા સશક્ત બને છે ત્યારે પરિવાર સશક્ત બને છે; જ્યારે પરિવાર સશક્ત બને છે ત્યારે સમાજ સશક્ત બને છે અને રાષ્ટ્રની શક્તિમાં વધારો થાય છે.

મોદી સરકારના કાર્યકાળ દરમિયાન રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિના ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર પ્રગતિ થઈ છે. સરહદ પારના આતંકવાદના મુદ્દે ભારતે વધુ કઠોર વલણ અપનાવ્યું છે. ભારતે બ્રિક્સ (BRICS), ગ્લોબલ સાઉથ, આબોહવા પરિવર્તન, ડિજિટલ ટેક્નોલોજી, યોગ અને આંતરરાષ્ટ્રીય સહયોગ જેવા વિષયો પર પોતાની આગવી સ્થિતિ રજૂ કરી છે. આજે, મુખ્ય વૈશ્વિક મંચો પર ભારતનો અવાજ નિર્ણાયક રીતે સાંભળવામાં આવે છે. ભારતની વધતી જતી આર્થિક, વ્યૂહાત્મક અને રાજનૈતિક ક્ષમતાને નોંધપાત્ર માન્યતા મળી છે. વિશ્વમાં ભારતની નવી અને સશક્ત વૈશ્વિક ઓળખ સ્થાપિત કરવાનું શ્રેય મોદીજીને જાય છે; તેથી જ લગભગ ૩૬ દેશોએ તેમને તેમના સર્વોચ્ચ નાગરિક સન્માનોથી નવાજ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારનો છેલ્લા ૧૨ વર્ષનો કાર્યકાળ મહારાષ્ટ્રના માળખાગત અને આર્થિક વિકાસ માટે નિર્ણાયક સાબિત થયો છે. કેન્દ્ર દ્વારા મહારાષ્ટ્રને આપવામાં આવેલી સહાય માત્ર નાણાકીય ભંડોળ પૂરતી સીમિત રહી નથી; તેણે અનેક દીર્ઘકાલીન પ્રોજેક્ટ્સને વેગ આપવામાં મહત્વપૂર્ણ અને નિર્ણાયક ભૂમિકા ભજવી છે.૨૦૧૪ પહેલાના દાયકામાં–ખાસ કરીને ૨૦૦૪ અને ૨૦૧૪ની વચ્ચે–કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રમાં વિકાસ કાર્યો માટે ૨ લાખ કરોડની ફાળવણી કરી હતી. તેની તુલનામાં, ૨૦૧૪ અને ૨૦૨૪ની વચ્ચે રાજ્યને ૧૨ લાખ કરોડનું ભંડોળ પ્રાપ્ત થયું છે. રેલવે ક્ષેત્ર માટેની ફાળવણીમાં પણ નોંધપાત્ર વધારો થયો છે; ૨૦૦૯ અને ૨૦૧૪ વચ્ચે સરેરાશ વાર્ષિક ફાળવણી ૧,૧૭૧ કરોડ હતી, જે ૨૦૨૬-૨૭ માટે વધીને ૨૩,૯૨૬ કરોડ થઈ છે. હાલમાં રાજ્યમાં અંદાજે ૧.૫ લાખ કરોડના મૂલ્યના માળખાગત પ્રકલ્પોનું નિર્માણ કાર્ય શરુ છે અને 'અમૃત ભારત સ્ટેશન યોજના' હેઠળ ૧૨૮ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસનું કામ પ્રગતિ પર છે. અટલ સેતુ, સમૃદ્ધિ મહામાર્ગ, મુંબઈ કોસ્ટલ રોડ, નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનની સાથે જ કોંકણ અને પાલઘર પ્રદેશોના ઔદ્યોગિક વિકાસ માટે મહત્વપૂર્ણ એવો ૭૬,૦૦૦ કરોડનો વઢવાણ બંદર પ્રોજેક્ટ જેવા પ્રકલ્પો મહારાષ્ટ્ર માટે ખરેખર 'ગેમ-ચેન્જર' સાબિત થઈ રહ્યા છે.



મહારાષ્ટ્રના નાગરિકો કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો પણ લાભ લઈ રહ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ, ૧૮ લાખ ગરીબ પરિવારો માટે ઘરોના નિર્માણનું કાર્ય મે ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવ્યું છે. જલ જીવન મિશન દ્વારા, ગ્રામીણ વિસ્તારોમાં નળ દ્વારા પાણીની સુવિધાનું પ્રમાણ ૩૩ ટકાથી વધીને ૮૯ ટકા સુધી પહોંચ્યું છે. આ ઉપરાંત, રાજ્યના પાત્ર ખેડૂતોને પીએમ-કિસાન યોજના દ્વારા સીધી આર્થિક સહાય મળી રહી છે.

મહારાષ્ટ્રના વિકાસની સાથે સાથે, કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયો દ્વારા રાજ્યની સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાઓને પણ યોગ્ય મહત્વ મળ્યું છે. છત્રપતિ શિવાજી મહારાજના ઐતિહાસિક કિલ્લાઓનો યુનેસ્કો (UNESCO) ની વિશ્વ ધરોહર યાદીમાં સમાવેશ, ડૉ. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા 'પંચ-તીર્થ'નો વિકાસ અને મરાઠી ભાષાને 'શાસ્ત્રીય ભાષા' (Classical Language) નો દરજ્જો આપવાનો નિર્ણય મહારાષ્ટ્ર માટે મહત્વપૂર્ણ સાબિત થયા છે.

'હિન્દુહૃદયસમ્રાટ' અને શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરેએ ગુજરાત અને નરેન્દ્ર મોદી અંગે હિન્દુત્વની રાજનીતિ પર વારંવાર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. મહારાષ્ટ્ર અને ગુજરાત બંનેની રાજકીય યાત્રામાં હિન્દુત્વની વિચારધારાને લગતી ચર્ચાઓનો લાંબો ઈતિહાસ રહ્યો છે; પરિણામે, મહારાષ્ટ્ર અને નરેન્દ્ર મોદી વચ્ચેના રાજકીય અને સામાજિક સંબંધોને જોડતી કડી પણ ખૂબ મહત્વ ધરાવે છે.

તે મારું અનહદ સૌભાગ્ય છે કે મને અને મારા સમગ્ર પરિવારને માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વ્યક્તિગત પ્રેમ મળ્યો છે. શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરે અને 'ધર્મવીર' આનંદ દિઘેના અવસાનથી મારા જીવનમાં જે ખાલીપો સર્જાયો હતો, તેનો સામનો કરવા માટે મોદીજીએ દાખવેલી આત્મીયતાએ મને અપાર શક્તિ પૂરી પાડી છે. તેમની સાથેની દરેક મુલાકાત દરમિયાન, જ્યારે તેઓ પૂછે છે, 'કેમ છો, એકનાથજી?' અને મારા ખભા પર પ્રેમાળ હાથ મૂકે છે. તે ક્ષણે આત્મવિશ્વાસની એક નવી ભાવના જાગે છે, નવી આશાનો સંચાર થાય છે અને મહારાષ્ટ્રની પ્રગતિ માટે નવા જોશ સાથે કામ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. તેમના આ અનહદ સ્નેહનો ઋણાનુબંધ મારા માટે હંમેશા વિશેષ રહેશે.

છેલ્લા ૨૫ વર્ષોથી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'નવા ભારત'ના નિર્માણના દ્રઢ સંકલ્પ સાથે અથાક અને અવિરતપણે કાર્યરત છે. વિપક્ષની ઝેરીલી ટીકા, ચારિત્ર્ય હનનના પ્રયાસો, ધ્રુવીકરણના પાયાવિહોણા આક્ષેપો અને તેમને બદનામ કરવાના ઉદ્દેશ્યથી કરાયેલી કટાક્ષપૂર્ણ ટિપ્પણીઓ જેવા ચોમેરથી થતા શાબ્દિક હુમલાઓનો સામનો કરવા છતાં, મોદીજીએ ક્યારેય પોતાના લક્ષ્ય પરથી ધ્યાન ડગવા દીધું નથી. આ ૨૫ વર્ષો દરમિયાન નરેન્દ્ર મોદીની જવાબદારીઓ અને હોદ્દાઓમાં પરિવર્તન આવ્યું છે, પરંતુ તેમ છતાં રાષ્ટ્રની સેવા કરવાનો તેમનો સંકલ્પ અને નિશ્ચય સહેજ પણ ઘટ્યો નથી. આ ૨૫ વર્ષની યાત્રા એ માત્ર કોઈ વ્યક્તિની રાજકીય કારકિર્દીના સમયગાળા કરતાં અલાયદી છે જે નવા ભારતના ઈતિહાસનું સર્જન કરવા અગ્રસર છે. અને હવે તે પરિવર્તનશીલ ભારતની રાજકીય અને વિકાસલક્ષી યાત્રાનો એક મહત્વપૂર્ણ અધ્યાય બની ચૂકી છે. ગુજરાતથી દિલ્હી સુધીની અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પ સુધી વિસ્તરેલી આ યાત્રા હવે આગામી તબક્કા તરફ આગળ વધી રહી છે.

હવે આગળ એક મોટું લક્ષ્ય છે 'વિકસિત ભારત ૨૦૪૭'. તેનો ઉદ્દેશ્ય એવા ભારતનું નિર્માણ કરવાનો છે જે આર્થિક રીતે સક્ષમ, તકનીકી રીતે અદ્યતન, આત્મનિર્ભર અને સુરક્ષિત હોય. આ દ્રષ્ટિકોણ એવા ભારતનું સર્જન કરવાનો છે જે ગરીબોને તકો પૂરી પાડે, યુવાનોના સ્વપ્નોને નવી ઉડાન આપે, મહિલાઓ માટે સમાન તકો અને નેતૃત્વની ભૂમિકાઓ સુનિશ્ચિત કરે અને પોતાની સંસ્કૃતિ પર ગર્વ અનુભવવા માટે પ્રેરિત કરે.

તાજેતરમાં જ પોતાની સમયસૂચકતાથી ૧૭૪ હવાઈ મુસાફરોના જીવ બચાવનાર કેપ્ટન સ્મિત મચ્છરે વડાપ્રધાન સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે તેમને આ આદમી સાહસ દેખાડવાની પ્રેરણા વડાપ્રધાન પાસેથી જ મળી હતી. આવા કિસ્સાઓ નેતા તરીકે મોદીજીના વ્યક્તિગત પ્રભાવ અને જનમાનસમાં તેમની છબીને ઉજાગર કરે છે.

અનેક નેતાઓના નામે લોકપ્રિયતા અને કાર્યકાળના વિક્રમો નોંધાયેલા હોય છે. જોકે, નરેન્દ્ર મોદીના કિસ્સામાં માત્ર દિવસોની સંખ્યા જ નહીં, પરંતુ તેમના કાર્યકાળ દરમિયાન લેવાયેલા નિર્ણયોની વ્યાપકતા અને તેમણે ઊભી કરેલી રાજકીય અસરો પણ એટલી જ મહત્વપૂર્ણ અને ઐતિહાસિક રહી છે. મોદીજીની આગામી યાત્રા માટે તેમને હાર્દિક શુભેચ્છાઓ. ઈશ્વર તેમને ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને રાષ્ટ્રની સેવા કરવાની અપાર શક્તિ પ્રદાન કરે. તે જ ઈશ ચરણે પ્રાર્થના..

## સુરેન્દ્રનગર સ્ટેશન પર બ્લોકના કારણે કેટલીક ટ્રેનોનું સંચાલન પ્રભાવિત થશે



પશ્ચિમ રેલવે રાજકોટ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળના સુરેન્દ્રનગર સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજ (FOB) ના ચોથા સ્પાનના ગર્ડર લોન્ચિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી માટે 7 થી 9 ઓક્ટોબર 2026 સુધી ત્રણ દિવસ દરમિયાન દરરોજ 3 કલાકનો ટ્રાફિક બ્લોક અને પાવર બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના કારણે પ્રભાવિત થનારી ટ્રેનોની વિગત નીચે મુજબ છે:માર્ગમાં રેગ્યુલેટ (મોડી) થનારી ટ્રેનો: 1) 07.10.2026 ના રોજ ટ્રેન નંબર 16334 તિરુવનંતપુરમ સેન્ટ્રલ-વેરાવળ એક્સપ્રેસને માર્ગમાં આશરે 2 કલાક રેગ્યુલેટ કરવામાં આવશે.2) 07.10.2026 ના રોજ ટ્રેન નંબર 19320 ઈન્દોર-વેરાવળ મહામના એક્સપ્રેસને માર્ગમાં આશરે 1 કલાક 20 મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે. 3) 07.10.2026 ના રોજ ટ્રેન નંબર 11464 જબલપુર-વેરાવળ એક્સપ્રેસને માર્ગમાં આશરે 1 કલાક 05 મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.4) 08.10.2026 ના રોજ ટ્રેન નંબર 11464 જબલપુર-વેરાવળ એક્સપ્રેસને માર્ગમાં આશરે 1 કલાક 40 મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે. રીશેડ્યુલ થનારી ટ્રેનો: 1) 09.10.2026 ની ટ્રેન નંબર 19119 ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઈન્ટરસિટી, ગાંધીનગર કેપિટલ થી તેના નિર્ધારિત સમય કરતાં 2 કલાક મોડી રવાના થશે.2) 09.10.2026 ની ટ્રેન નંબર 19120 વેરાવળ-ગાંધીનગર કેપિટલ, વેરાવળ થી તેના નિર્ધારિત સમય કરતાં 2 કલાક મોડી રવાના થશે.ટ્રેનોના સમય, સ્ટોપેજ અને રેક સંરચના સંબંધિત તાજી માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## રાજુલા પ્રાંત કચેરી ખાતે મહેસૂલી કર્મચારીઓ સામૂહિક રજા પર: વિવિધ માંગણીઓ સાથે વિરોધ નોંધાવ્યો



કિશોર આર. સોલંકી જાફરાબાદ

અમરેલી જિલ્લાના રાજુલામાં મહેસૂલી કર્મચારીઓ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને એક દિવસીય હડતાલ પર ઉતરી ગયા છે જેના કારણે સરકારી કામગીરી ખોરવાઈ ગયા છે. કર્મચારીઓએ પોતાની લાંબા સમયની માંગણીઓ સરકાર સમક્ષ રજૂ કરવા માટે આંદોલન કરવામાં આવેલ. રાજુલા પ્રાંત કચેરી ખાતે મોટી સંખ્યામાં મહેસૂલી કર્મચારીઓ એકઠા થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. કર્મચારીઓએ હાથમાં સૂત્રોચ્ચાર લખેલા પોસ્ટરો સાથે કચેરી પરિસરમાં સૂત્રોચ્ચાર કરીને પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. મહેસૂલી કર્મચારીઓ માંગ છે કે, લાંબા સમયથી પડતર રહેલા પ્રમોશન અને બદલીના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવું. મહેસૂલી વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ભરીને કર્મચારીઓ પરનું કામનું ભારણ હળવું કરવું. અને સાતમા પગાર પંચના બાકી લાભો અને અન્ય ભથ્થાઓ નિયમ વહેલાસર ચૂકવવા સહિત વિવિધ માંગણીઓને લઈ સામૂહિક રજા પર ઉતર્યા હતા. આ મહેસૂલી કર્મચારીઓની આ હડતાલમાં કિસાન સંઘના ઉપપ્રમુખ ધીરૂભાઈ ધાખડા અને નિખિલભાઈ પ્રજાપતિ જોડાયેલ અને સમર્થન આપ્યું હતું. આ બાબતે મહેસૂલી કર્મચારી મંડળના હરેશભાઈ વાળાએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં પણ આ ન્યાયિક માંગણીઓ પ્રત્યે ઉદાસીન વલણ દાખવવામાં આવી રહ્યું છે. જો આગામી દિવસોમાં સરકાર દ્વારા આ પડતર માંગણીઓનો વહેલી તકે ઉકેલ લાવવામાં નહીં આવે તો આગામી સમયમાં તમામ કર્મચારીઓ અચોક્કસ મુદતની પર ઉતરી જશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## ગુજરાત ભાડા વિષયક કાયદા સામે રાજુલા બાર એસોસિયેશનના વકિલો દ્વારા સામાન્ય સભા યોજાઇ



**કાયદાની જોગવાઈઓ અંગે પુનઃવિચાર કરી યોગ્ય સુધારા કરવા માંગ બાર એસોસિએશનની વિશેષ સામાન્ય સભામાં ઠરાવ**

કિશોર આર. સોલંકી જાફરાબાદ

ગુજરાત સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા "ગુજરાત ભાડા વિષયક, ૨૦૨૫" કાયદા સંદર્ભે રાજુલા બાર એસોસિએશન દ્વારા વિશેષ સામાન્ય સભા યોજવામાં આવી હતી. જેમાં કાયદાની જોગવાઈઓ તથા તેના અમલના કારણે વકીલો, પક્ષકારો તેમજ સામાન્ય નાગરિકોને થનારી મુશ્કેલીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.રાજુલા બાર એસોસિએશનના તમામ બોર્ડ સભ્યો તથા સભ્યોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા તા. ૦૩/૧૦/૨૦૨૫ના રોજ લેવામાં આવેલા નિર્ણય તથા કાયદાની જોગવાઈઓ અંગે વ્યક્ત કરવામાં આવેલી ગંભીર ચિંતાઓને સમર્થન આપવામાં આવ્યું હતું. સભામાં સર્વાનુમતે માનવામાં આવ્યું કે, ઉપરોક્ત કાયદાની જોગવાઈઓ અંગે જરૂરી કાયદાકીય પુનઃવિચાર કરવામાં આવે તેમજ યોગ્ય સુધારા કરવામાં આવે તે જરૂરી છે. જ્યાં સુધી આ અંગે યોગ્ય નિરાકરણ કરવામાં ન આવે ત્યાં સુધી વકીલ મંડળ દ્વારા લોકશાહી અને કાયદેસર રીતે વિરોધ નોંધાવવો જરૂરી હોવાનું નક્કી કરવામાં આવ્યું હતું.આ અંગે રાજુલા બાર એસોસિએશન દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના નિર્ણયને સમર્થન આપતો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો.બાર એસોસિએશને સ્પષ્ટ કર્યું હતું કે કાયદાની જોગવાઈઓ અંગે યોગ્ય પુનઃવિચાર અને જરૂરી સુધારા થાય તે દિશામાં કાયદેસરની પ્રક્રિયા તથા લોકશાહી માર્ગે રજૂઆત કરવામાં આવશે.

## ડ્રાયફ્રુટ અંજીર



- રુપાલી દવે

આપણું શાસ્ત્ર પણ "રસોડું એક ઔષધિ કેન્દ્ર" વાળી વાત ને સહમતી આપે છે. પ્રાચીન સમયમાં રસોડા ને પ્રત્યેક રોગો ના ઈલાજ નું કેન્દ્ર માનવામાં આવતું હતું. માન્યું કે મસાલા અને વધારીયા નો ડબ્બો દિવસ માં ચારપાંચ વખત ખુલતો હોય છે પણ ડ્રાયફ્રુટ ની કિંમત ખૂબ ઊંચી હોવાના લીધે સામન્ય માણસ ના ખિસ્સા ને ડ્રાયફ્રુટ પોસાતા નથી હોતા.આમ છતાંય બીમારી ના ઈલાજ માં કે ગૌરી વ્રત,દિવાળી,નવરાત્રિ જેવા તહેવારો માં ડ્રાયફ્રુટ ની બોલબાલા દેખાય છે.કાજુ,બદામ,દ્રાક્ષ કરતા પણ ખજૂર અને અંજીર માં કિંમતી પોષક તત્વો વધારે હોય છે એટલે જ મોટાભાગ ના નાડી વૈદ્ય, ચિકિસક વગેરે દર્દીઓ ને દવાઓ સાથે અંજીર લેવા પર રાખે છે.સાચું કહું મને તો સુકા કરતા લીલા અંજીર વધારે ભાવે છે પણ જવલ્લેજ મળતા લીલા અંજીર માં પણ કીમતી પોષક તત્વો જોવા મળે છે. એકદમ ઓછી કેલરી ધરવતા મોંઘા માં મોંઘા ડ્રાયફ્રુટ માં ઉપલબ્ધ પોષક તત્વો અને ફાયદાઓ:

૧ પોટેશિયમ,મેગ્નેશિયમ, ઝીંક,થીયમિન ,વિટામિન બી ૬ અને વિટામિન k થી ભરપુર હોઈ છે.

૨ આયુર્વેદિક ચિકિત્સા માં અંજીર નો પ્રયોગ ઔષધિ માફક કરવામાં આવે છે.અંજીર માં એન્ટીકાર્સોજેનિક એન્ટિ ઓક્સિડન્ટ,એન્ટિ ઈન્ફલેમેટ્રી વગેરે અગત્યના પોષક તત્વો હોય છે.

૩ આ પોષક તત્વો ના લીધે એલર્જી જેવી હઠીલી જડ જમાવી દેતી બીમારીઓ થી શરીર નું રક્ષણ થાય છે ને શરીર નિરોગી ને સ્વસ્થ રહે છે.

૪ આ ઉપરાંત અંજીર થી રોગપ્રતિકારક શક્તિ માં વધારો થતો હોવાથી શ્વસન,પ્રજનન,પાચન ની સમસ્યા ઓ સતાવતી નથી.

૫ વર્લ્ડ ઓર્ગેનાઈઝ ના સંશોધન અનુસાર અંજીર લિવર ને તંદુરસ્ત રાખવા ની ક્ષમતા ધરાવે છે આ ઉપરાંત શરીર ની અંદર લોહી માં ગુલુકોઝ નું સ્તર ઘટાડે છે એના લીધે ડાયાબિટીસ ને નિયંત્રણ મા લાવી શકાય છે.

૬,ખૂબ ઓછા લોકો જાણતા હશે કે "અંજીર" એ કબજિયાત ના રોગ સામે લડવાનો અકસીર ઈલાજ છે.અંજીર માં એવા ફાયદાકારક પોષક તત્વો હોય છે કે જેમાં ફાઈબર ની માત્રા ભરભૂર હોય છે. પ્રીબાયોટીકસ તત્વ નું પ્રમાણ અંજીર માં વધારે હોવા ને લીધે કબજિયાત માં રાહત અને અલ્સર જેવી સમસ્યા થી રક્ષણ કરે છે.

૭ અંજીર સારા કેલેસ્ટોરલ ને વધારી ને બેડ કેલેસ્ટરલ ને ઘટાડે છે.આના લીધે બી.પી ને કાબુ માં રાખીને ધબકારા નિયમિત થાય છે.માસિક વખતે દ્રયનેસ અને ખજવાલ ની તકલીફ થી રાહત મળે છે.

૮. માસિક વખતે દ્રયનેસ અને ખંજવાળની તકલીફ થી રાહત મળે છે.

૯ સારા કેલેસ્ટોરલ ને વધારી ને બેડ કેલેસ્ટરલ ને અંજીર ઘટાડે છે.આ કારણોસર અનિયમિત ધબકારા ને કાબુ માં લાવી ને ધબકારા ને નિયમિત બનાવે છે.

૧૦ સામન્ય રીતે સ્ત્રીઓ માં દર મહિને આવતા માસિક માં વધારે પડતા બ્લિડિંગ ની સમસ્યા જોવા મળતી હોય છે.વધારે પડતા બ્લિડિંગ ની સમસ્યા ને લીધે શરીર અશક્ત બની જાય છે ને ચહેરો નિસ્તેજ ફિક્કો પડી જતો હોય છે. માસિક દરમિયાન ચાર દિવસ ભૂલ્યા વગર અંજીર નું સેવન કરવાથી શરીર ને તાકાત મળતા ચુસ્તી સ્ફૂર્તિ આપોઆપ વધી જતી હોય છે.

૧૧ અંજીર માં ઉપલબ્ધ પોષકતત્વો લોહી નું શુદ્ધિ કરણ કરતા હોવાથી વાળ,સ્કિન અને આંખ ને વિશેષ ફાયદો થતો જોવા મળે છે.

રાત્રે અંજીર ની બે પેશી પલાળી ને બીજા દિવસે ખાવાથી વિશેષ ફાયદા ઓ મળે છે. અંજીર એ પોષકતત્વો નો ભંડાર માનવા માં આવે છે એટલે ચણા મમરા ની માફક ઉપયોગ કરવા ના બદલે પર્યાપ્ત માત્રા માં જ રોગપ્રતિકારક શક્તિ વધારતા અંજીર ખાવા જોઈએ.આઠ દિવસ માં માત્ર ચાર થી પાંચ દિવસ રાત્રે પાણી માં પલાળી ને અંજીર નો ઉપયોગ કરવો જોઈએ. ચાવ્યા વગર દિવસ માં દસ બાર અંજીર ભાવી ગયા એટલે નાસ્તા ની માફક ખાવાથી એની આડ અસર રૂપે રક્તસ્ત્રાવ થઈ શકે છે. અંજીર ની પ્રકૃતિ ગરમ હોવાથી એનો ઉપયોગ ઉનાળા માં ઓછો અને શિયાળા માં કરવો જોઈએ. બીજ નું પ્રમાણ વધારે હોવાના લીધે પલળ્યા વગર ના અંજીર ને ખૂબ ચાવી ને ખાવાનું રાખો.ખાસ કરીને થાઈરોઈડના દર્દીઓ એ અંજીર નો ઉપયોગ બિલકુલ કરવો નહી. દરેક પોષક તત્વો થી ભરપુર ફ્રૂટ અને ડ્રાયફ્રૂટ ના ફાયદાઓ ની સામે ગેર ફાયદાઓ પણ હોય છે. આયુર્વેદ અનુસાર જો પુરુષો પર્યાપ્ત માત્રા માં અંજીર નો નિયમિત ઉપયોગ કરે તો એની યુવાની બરકરાર રહે છે વૃદ્ધત્વ ની અસર એને ઓછી થાય છે.આયુર્વેદ ડોક્ટર અબરાર મુલતાની નું કહેવું છે કે "જો પુરુષો એ નિયમિત અંજીર નું સેવન કરે તો એની ફર્ટીલિટી વધતા સ્પર્મ કાઉન્ટ પણ વધે છે.અંજીર માં ઉપલબ્ધ કિંમતી ખનીજ તત્વો અને વિટામિન્સ સેલ્સ ના લીધે પુરુષો ના ચહેરા પર મોટી ઉમરે પણ કરચલીઓ પડતી નથી. અંજીર એ એવું ફળ છે જે પ્રત્યેક રોગો સામે લડવાની શક્તિ પ્રદાન કરે છે માટે એનું નિયમિત સેવન માત્રા અનુસાર કરવું જોઈએ,. અંજીર ને દૂધમાં ઉકાળી ને પીવાથી કેલ્સિયમ નું બેલેન્સ રહે છે. વર્તમાન સમયમાં બાળકો માં "કબજિયાત" ની સમસ્યા વધારે જોવા મળે છે.આ સમસ્યા ના લીધે બાળકો બાળપણ થી જ ભરપેટ ભોજન કરી શકતા નથી. ભૂખ અને સ્વાદ જીભ ને લગતા નથી એટલે બાળકો ભોજન પ્રત્યે અરુચિ દેખાડતા હોય છે. આ સમસ્યા નો ઈલાજ બાળપણ માં ન થયો તો મોટી ઉમરે સમસ્યા વધી શકે છે ને કદાચ ના ઈલાજ પણ બની શકે છે.જ્યારે નાનકડા બાળક ને સતત રડતા અને પેટ દર્દ ને લીધે પરેશાન જોવ છું ત્યારે સમજાય છે કે કબજિયાત ની સમસ્યા કેટલી હદે વિકટ હશે. હિન્દી ફિલ્મ "પીકુ"માં અમિતાભ બચ્ચન એ કરેલ કબજિયાત ના રોગ થી પીડાતા દર્દી ની એક્ટિંગ પરથી એસમજી શકાય છે કે મોર્નિંગ રૂટિન એ માણસ માટે કેટલું આવશ્ક હોય છે.શેઠ બ્રધર્સ એ કબજિયાત ના દર્દી માટે "કાયમ ચૂર્ણ" બનાવી ને બિઝનેસ એમ્પાયાર ખડું કરી દીધું.આમ તો કબજિયાત ના દર્દીઓ ને ચયા પચય ની સમસ્યા વધવા લાગે ત્યારે સ્વભાવ ચીડિયો વધારે થઈ જતો હોય છે. ને એનું જીવન ધીમે ધીમે રસહિન બનવા લાગે છે. કુદરત એ પોષક તત્વો થી ભરપુર "અંજીર" નું સર્જન કર્યું હશે ત્યારે એનું ઝાડ એ એની નજરે એક કિંમતી "ઔષધિ" હશે. અંજીર નો ઉપયોગ વિવિધ પ્રકાર ની શ્યુગર થી ભરપુર રેસિપી ઓમા કરવાના બદલે એને દૈનિક જીવન નો અગત્ય નો "આયુર્વેદિક ચિકિત્સા નો હિસ્સો" સમજી ને ઉપયોગી બનાવો.



# ઝહીર ઈકબાલના ઘાતક પ્રેમથી સોનાક્ષી સિંહા ગૂંગળાઈ!

(એજન્સી) મુંબઈ | તા.06

બોલિવૂડનું મસ્તીખોર કપલ એટલે કે સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલ એકતરફા પ્રેમમાં પાગલ પ્રેમીની ડરામણી વાર્તા લઈને આવ્યા છે. સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલની ફિલ્મ 'તૂ હે મેરી કિરણ'નું ટ્રેલર આજે રિલીઝ કરવામાં આવ્યું છે. ફિલ્મમાં ઝહીરનું સોનાક્ષી પ્રત્યેનું પાગલપણું તેને ગૂંગણામણ અને ડરમાં ધકેલી દે છે.

ટ્રેલરની શરૂઆત સમર એટલે કે ઝહીરના વોઈસઓવરથી થાય છે, જે કિરણ (સોનાક્ષી સિંહા) સાથેના પોતાના ખાસ અને અનોખા સંબંધ વિશે વાત કરે છે. તે શરૂઆતમાં જ સ્વીકારે છે કે, 'કિરણ તારા જેવી છોકરીનું મને પ્રેમ કરવું મુશ્કેલ છે. દુનિયાએ પણ મને એ જ કહ્યું.'

જોકે, ત્યારબાદની લાઈનમાં તેનું પાગલપણું દેખાય છે. તે કહે છે કે, 'પણ પછી તું મારી લાઈફમાં આવી, મારી સાથે હસી, વાત કરી. આવું મારી સાથે ક્યારેય થયું નથી. હું તને પ્રેમ કરું છું કિરણ. જો આ એકતરફા પ્રેમ હશે તો મારું દિલ તૂટી જશે. તારે પણ મને પ્રેમ કરવો પડશે કિરણ.'

શરૂઆતમાં સુંદર અને મૈત્રીપૂર્ણ લાગતો આ સંબંધ ટૂંક જ સમયમાં અસ્વસ્થ કરી દેનારો લાગવા માંડે છે. એક તરફ સમર (ઝહીર) કિરણ (સોનાક્ષી)ના પ્રેમમાં ઝૂનૂનની દરેક હદ વટાવી દેવા તૈયાર છે, તો બીજી તરફ કિરણ સમરથી દૂર રહેવા મક્કમ છે.

તેવામાં કિરણ સાથે કેટલીક વિચિત્ર ઘટનાઓ ઘટા લાગે છે. તે સમજી શકતી નથી કે આખરે તેની સાથે શું થઈ રહ્યું છે. જેમ જેમ સમરનું વર્તન વધુને વધુ પઝેસિવ બનતું જાય છે, તેમ તેમ તણાવ વધતો જાય છે. સમર ખરેખર કોઈ જાદુ-ટોણા કરી રહ્યો છે કે પછી આ કોઈ સાઈકોલોજીકલ રમત છે, તે અંગેનું સસ્પેન્સ અંત સુધી જળવાઈ રહે છે. ટ્રેલરનો અંત એક ભયાનક વળાંક પર થાય છે, જેમાં ઈજાગ્રસ્ત કિરણ બેભાન અવસ્થામાં પડી છે અને સમર તેને 'હંમેશા માટે' સંભાળવાનું વચન આપે છે. વિશાલ રાણા અને એચેલોન પ્રોડક્શનના બેનર હેઠળ બનેલી આ ફિલ્મનું ડિરેક્શન કરણ રાવલે કર્યું છે. ફિલ્મ 'તૂ હે મેરી કિરણ' 23 ઓક્ટોબર 2026ના રોજ થિયેટરમાં રિલીઝ થશે. જૂન 2024માં સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્ન કર્યાં હતાં

નોંધનીય છે કે, સોનાક્ષી અને ઝહીરના લગ્ન 23 જૂન 2024ના રોજ મુંબઈમાં થયા હતા. બંનેની પહેલી મુલાકાત 2017માં સલમાન ખાનના ઘરે થઈ હતી. બંનેની મિત્રતા ધીમે ધીમે પ્રેમમાં પરિણમી. અલગ ધર્મના હોવાને કારણે તેમણે સ્પેશિયલ મેરેજ એક્ટ 1954 હેઠળ લગ્નની નોંધણી કરાવી હતી. લગ્ન સોનાક્ષીના બાંદ્રા સ્થિત ઘરે પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં થયા હતા.

# AIથી ફોટો બનાવનારને યામી ગૌતમની ચેતવણી

## કહ્યું- 'મારી તસવીરો સાથે છેડછાડ ન કરો'; જાહ્નવીના ડીપફેક વીડિયો વિવાદ બાદ ભડકી

(એજન્સી) મુંબઈ | તા.06

નેશનલ અવોર્ડ વિજેતા એક્ટ્રેસ યામી ગૌતમે મીડિયા અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને તેની તસવીરો સાથે છેડછાડ ન કરવાની અપીલ કરી છે. રવિવારે પોતાના X (અગાઉ ટ્વિટર) અકાઉન્ટ પરની એક પોસ્ટમાં યામીએ લખ્યું કે તેની જાહેર ઉપસ્થિતિની તસવીરોને બદલવા અથવા સુધારવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ ન કરવામાં આવે.

તેનું આ નિવેદન સેલિબ્રિટીઝના AI દ્વારા બનાવવામાં આવેલા ડીપફેક અને વાંધાજનક કન્ટેન્ટ અંગે વધી રહેલા વિવાદો વચ્ચે આવ્યું છે. આ પહેલાં સમંથા રૂથ પ્રભુ અને જાહ્નવી કપૂર સાથે જોડાયેલા ડીપફેક મામલાઓ પર હાઈકોર્ટ તથા ફિલ્મી કલાકારોની કડક પ્રતિક્રિયાઓ સામે આવી ચૂકી છે.

યામીએ લખ્યું, "મિડિયા માટે એક વિનમ્ર વિનંતી. કૃપા કરીને જાહેર કાર્યક્રમોમાં લેવામાં આવેલા મારા ફોટોગ્રાફ્સને AI દ્વારા બદલવાનું કે વધુ સારું બનાવવાનું ટાળો. કૃપા કરીને ફોટોગ્રાફ્સનો ઉપયોગ તેમના મૂળ સ્વરૂપમાં જ કરો. કોઈ વ્યક્તિના ફોટોગ્રાફ કે દેખાવમાં AIનો ઉપયોગ કરીને તેમની જાણકારી અને સંમતિ વિના ફેરફાર કે હેરફેર કરવી જોઈએ નહીં. મારી વિનંતીનો આદર કરવા બદલ અગાઉથી જ આભાર!"

એક્ટ્રેસિસના ફોટોગ્રાફ્સ અને ઓળખના દુરુપયોગનો મુદ્દો સતત ગંભીર બની રહ્યો છે. તાજેતરમાં બોમ્બે હાઈકોર્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને સૂચના આપી હતી કે તેઓ એક્ટ્રેસ સામંથા રૂથ પ્રભુ સાથે સંબંધિત વાંધાજનક કન્ટેન્ટને તરત જ દૂર કરે. તેમાં AI દ્વારા બનાવવામાં આવેલા ડીપફેક અને પરવાનગી વિના તેના નામ તથા ચહેરાનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી જાહેરાતોનો સમાવેશ થતો હતો. કોર્ટે માન્યું કે, પરવાનગી વિના કોઈ સેલિબ્રિટીની ઓળખનો વ્યાવસાયિક ઉપયોગ યોગ્ય નથી.



તાજેતરમાં જુનિયર એનટીઆર અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'દેવરા પાર્ટ 1'ના ગીત 'ચુટ્ટામલ્લે'નો એક એડિટેડ ડીપફેક વીડિયો વાયરલ થયો હતો. આ વીડિયોમાં જાહ્નવી કપૂરના ચહેરાને AI દ્વારા બદલીને આપત્તિજનક રીતે દર્શાવવામાં આવ્યો હતો.

તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની એક પોસ્ટમાં લખ્યું, 'આ અત્યંત ઘૃણાસ્પદ, શરમજનક અને નિંદનીય છે. જે દેશમાં મહિલાઓને માતા અને દેવી તરીકે સન્માન આપવામાં આવે છે અને 'માતૃદેવો ભવ' આપણી સંસ્કૃતિનો ભાગ છે, ત્યાં કેટલાક લોકો AIનો ઉપયોગ કરીને એક મહિલાનું આ રીતે અપમાન કરી રહ્યા છે.'

### મોર્ફ્ડ વીડિયો બનાવનારાઓને ચેતવણી

જુનિયર NTRએ મોર્ફ્ડ 'ચુટ્ટામલ્લે' વીડિયો બનાવનારાઓ અને તેને ફેલાવનારાઓને કડક ચેતવણી આપી. તેણે લખ્યું કે, ''ચુટ્ટામલ્લે'નો આ મોર્ફ્ડ વીડિયો બનાવનારાઓ અને ફેલાવનારાઓ વિરુદ્ધ હું શક્ય તમામ કાયદેસરની કાર્યવાહી કરીશ. હું તેમાંથી કોઈને પણ છોડીશ નહીં.' મામલો વકર્યા બાદ તે વીડિયોને સોશિયલ મીડિયા પરથી હટાવી દેવામાં આવ્યો હતો.

# અરબાઝની દીકરીના પહેલા બર્થડેનું ધામધૂમથી સેલિબ્રેશન

## હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયાના મહિનાઓ બાદ સલીમ ખાન જાહેરમાં દેખાયા, સલમાન સહિત પરિવાર પહોંચ્યો

**દીકરીનો ફોટો જાહેર કર્યો નથી** સિપારાના જન્મ બાદથી અરબાઝ અને શૂરાએ તેને મોટાભાગે લાઈમલાઈટથી દૂર રાખી છે. બંને ક્યારેક સોશિયલ મીડિયા પર દીકરીની ઝલક શેર કરે છે. જોકે, તસવીરોમાં તેઓ સિપારાનો ચહેરો ખાનગી રાખે છે. નવેમ્બર 2025માં બંનેએ દીકરીના હાથ અને પગની તસવીરો શેર કરી હતી.

તેમણે સિપારાને પોતાના હૃદયનો સૌથી મોટો હિસ્સો ગણાવી હતી. માર્ચ 2026માં ઈદના અવસરે શૂરાએ સિપારાની વધુ એક ઝલક શેર કરી હતી. તસવીરોમાં દીકરી સફેદ કપડાં અને ચાંદીની પાયલમાં જોવા મળી હતી. અરબાઝ અને મલાઈકાનો દીકરો છે અરહાન સિપારા અરબાઝ ખાનનું બીજું બાળક છે. અરબાઝ અને તેની પહેલી પત્ની અને એક્ટ્રેસ મલાઈકા અરોરાને એક દીકરો, અરહાન, છે. 19 વર્ષના લગ્નજીવન બાદ અરબાઝ અને મલાઈકા 2017માં અલગ થઈ ગયાં હતાં. ત્યારબાદ તેમણે છૂટાછેડાને અંતિમ સ્વરૂપ આપ્યું હતું.

(એજન્સી) મુંબઈ | તા.06

અરબાઝ ખાન અને શૂરા ખાનની દીકરી સિપારા ખાનનો સોમવારે પહેલો જન્મદિવસ ઉજવવામાં આવ્યો. મુંબઈ સ્થિત ઘરે યોજાયેલા જન્મદિવસના સમારોહમાં ખાન પરિવારના ઘણા સભ્યો સામેલ થયા. સલીમ ખાન, સલમાન ખાન, સોહેલ ખાન અને અન્ય લોકો અરબાઝના ઘરે પહોંચ્યા.

સામે આવેલા વીડિયોમાં સલીમ ખાન કારમાં અરબાઝના ઘરે પહોંચતા જોવા મળ્યા. તેમની સાથે તેમનાં પત્ની સલમા ખાન પણ હતાં. બાદમાં સલીમ ખાન સોહેલ ખાન સાથે ઘરની બહાર નીકળ્યા. સોહેલ તેમને કાર સુધી પહોંચવામાં મદદ કરતો જોવા મળ્યો. હેલન પણ તેમની સાથે હતાં. આ વર્ષની શરૂઆતમાં સલીમ ખાનને બ્રેન હેમરેજ થયા બાદ લગભગ એક મહિના સુધી હૉસ્પિટલમાં રહેવું પડ્યું હોવાના સમાચાર સામે આવ્યા



હતા. હૉસ્પિટલમાં દાખલ થયા બાદ તેઓ માર્ચ 2026માં ઈદના અવસરે પહેલીવાર જોવા મળ્યા હતા. હવે ઘણા મહિનાઓ બાદ તેઓ જાહેરમાં જોવા મળ્યા છે. સલમાન અને પરિવારના અન્ય સભ્યો પણ પહોંચ્યા સલમાન ખાન પણ જન્મદિવસની પાર્ટીમાં પહોંચ્યો હતો. તેણે કાળા રંગની ફુલ-સ્લીવ ટી-શર્ટ, સ્કાય બ્લુ ડેનિમ જીન્સ અને કાળા ચશ્મા પહેર્યા હતા. અર્પિતા ખાન શર્મા પોતાની દીકરી આયત શર્મા સાથે સમારોહમાં પહોંચી. અરબાઝનો દીકરો અરહાન ખાન અને ખાન પરિવારના અન્ય ઘણા સભ્યો પણ નજરે પડ્યા. અરબાઝ ખાન અને શૂરા ખાને 24 ડિસેમ્બર 2023ના રોજ નિકાહ કર્યા હતા. આ ખાનગી સમારોહ મુંબઈમાં અરબાઝની બહેન અર્પિતા ખાન શર્માના ઘરે યોજાયો હતો. લગ્નમાં પરિવારના નજીકના સભ્યો અને મિત્રો સામેલ થયા હતા.

# રણબીર કપૂરની 'રામાયણ'ના સેટ પર આગ



(એજન્સી) મુંબઈ | તા.06

રણબીર કપૂરની ફિલ્મ રામાયણનો પહેલો ભાગ રિલીઝ થવાનો છે. જોકે, તેના થોડા સમય પહેલાં જ સેટ પર એક મોટી દુર્ઘટના બની છે. મુંબઈના ગોરેગાંવ સ્થિત ફિલ્મસિટીમાં રામાયણના સેટ પર આગ લાગવાની માહિતી સામે આવી છે.

સોશિયલ મીડિયા પર તેના વીડિયો પણ વાઈરલ થયા છે. રાહતની વાત એ છે કે આ દુર્ઘટનામાં કોઈને કોઈ નુકસાન થયું નથી. આ ઘટનાની જાણકારી ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE)એ પણ આપી છે. FWICEના પ્રેસિડેન્ટ બી.એન. તિવારીએ પુષ્ટિ કરી છે કે રણબીર કપૂરની ફિલ્મ રામાયણના સેટ પર આગ લાગી હતી. તેમણે જણાવ્યું કે આ એક નાની ઘટના હતી. સ્ટુડિયોની બહાર લગાવવામાં આવેલા એક ટેન્ટમાં આગ લાગી હતી. જોકે, સમયસર આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો અને તેને ફેલાતી અટકાવવામાં આવી. આ કારણે સેટ પર હાજર કોઈ પણ વ્યક્તિને કોઈ નુકસાન થયું નથી.

બી.એન. તિવારીએ કહ્યું કે, થોડા દિવસ પહેલાં પણ નજીકની એક જગ્યાએ આગ લાગવાની ઘટના બની હતી. ત્યારબાદ મેં તમામ નિર્માતાઓ સાથે વાત કરીને તેમને સેટ પર સુરક્ષાની મજબૂત વ્યવસ્થા કરવા માટે કહ્યું હતું. પરંતુ બેદરકારીને કારણે રામાયણના સેટ પર ફરી આગ લાગી ગઈ. સારી વાત એ રહી કે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી અને નુકસાન પણ વધુ થયું નથી.

જોકે, આ ઘટના ફિલ્મની ટીમ અને અન્ય પ્રોડક્શન હાઉસ માટે એક ચેતવણી છે કે સેટ પર સુરક્ષાનું ખાસ ધ્યાન રાખવામાં આવે અને આવી ઘટનાઓથી બચવા માટે જરૂરી સાવચેતી રાખવામાં આવે. જણાવી દઈએ કે ફિલ્મ રામાયણના બીજા ભાગનું શૂટિંગ હાલમાં ચાલી રહ્યું છે. જોકે, જ્યારે આ દુર્ઘટના થઈ ત્યારે સેટ પર દિગ્દર્શક અથવા અભિનેતા રણબીર કપૂર હાજર હતા કે નહીં, તેની કોઈ માહિતી સામે આવી નથી.

# સુપ્રીમ કોર્ટે રાજપાલ ને ફટકાર લગાવી

## 'તમને ખબર હોવી જોઈએ કે ક્યારે મોઢું ખોલવું, તમારી જગ્યા જેલમાં છે'; ચેક બાઉન્સ કેસમાં આદેશનું ઉલ્લંઘન

(એજન્સી) મુંબઈ | તા.06

ચેક બાઉન્સના સાત કેસમાં દોષી બોલિવૂડ એક્ટર રાજપાલ યાદવને સુપ્રીમ કોર્ટે આકરી ફટકાર લગાવી છે. કોર્ટના આદેશ છતાં 5 કરોડ રૂપિયા જમા ન કરાવતાં જસ્ટિસ જોયમાલ્ય બાગચી નારાજ થઈ ગયા.

તેમણે કહ્યું, 'આ ઘમંડને યોગ્ય જગ્યા બતાવવી પડશે. તમને ખબર હોવી જોઈએ કે ક્યારે મોઢું ખોલવું. તમારી જગ્યા જેલમાં છે.' સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવને છેલ્લી તક આપતાં મંગળવાર (6 ઑક્ટોબર) સુધીમાં નાણાં જમા કરાવવાનો આદેશ આપ્યો છે. કેસની આગામી સુનાવણી 7 ઑક્ટોબરે થશે. આ પહેલાં કોર્ટે 15 સપ્ટેમ્બરે પણ તેને ચુકવણી માટે સમય આપ્યો હતો. સુનાવણી દરમિયાન રાજપાલ યાદવ તરફથી 50 લાખ રૂપિયાના ડિમાન્ડ ડ્રાફ્ટની નકલ રજૂ કરવામાં આવી. તેના વકીલે જણાવ્યું કે, ડ્રાફ્ટ બેંકમાં પ્રક્રિયા હેઠળ છે. આ અંગે બેન્ચે કહ્યું કે, તેને હજુ એ પણ ખબર નથી કે ડ્રાફ્ટ વાસ્તવિક છે કે નહીં. કોર્ટે એમ પણ કહ્યું કે, રાજપાલ યાદવને 5 ઑક્ટોબર સુધીમાં 5 કરોડ રૂપિયા જમા કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, પરંતુ તેણે તેનું પાલન કર્યું નથી. ફરિયાદી તરફથી હાજર વકીલે રાજપાલ યાદવના વલણ પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે, 'એક્ટર કોર્ટમાં પણ 'એક્ટિંગ' કરી રહ્યા છે.'

જ્યારે રાજપાલ યાદવના વકીલે કહ્યું કે, 'ફરિયાદી ગરીબ નથી.' ત્યારે જસ્ટિસ બાગચીએ જવાબ આપ્યો કે, 'તેઓ ભલે વધુ અમીર હોય, પરંતુ જેટલી રકમથી તેમને નુકસાન થયું છે, એટલી હદ સુધી તેઓ ગરીબ છે.' આ વિવાદ 2010નો છે. રાજપાલ યાદવે પોતાની પહેલી ફિલ્મ ડિરેક્ટ કરવા માટે દિલ્હીની એક કંપની મુરલી પ્રોજેક્ટ્સ પાસેથી લગભગ 5 કરોડ રૂપિયાની લોન લીધી હતી.

# 'ટેકનોલોજીનો દુરુપયોગ યૌન ઉત્પીડન સમાન'

## ડીપફેક વીડિયો પર જાહ્નવી કપૂર લાલઘૂમ; જૂનિયર એનટીઆર સહિતના કલાકારોનો આભાર માન્યો...

(એજન્સી) મુંબઈ | તા.06

બોલિવૂડ એક્ટ્રેસ જાહ્નવી કપૂરે પોતાની સાઉથની ફિલ્મ 'દેવરા: પાર્ટ 1'ના ગીત 'ચુટ્ટામલ્લે' પર બનાવવામાં આવેલા AI જનરેટેડ અશ્લીલ (ડીપફેક) વીડિયો અંગે ભારે નારાજગી વ્યક્ત કરી છે.

ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર નિવેદન જારી કરીને તેણે ટેક્નોલોજીના આ દુરુપયોગને જાતીય ઉત્પીડન સમાન ગણાવ્યો. જાહ્નવીએ કહ્યું કે, મહિલાઓની મંજૂરી વિના આવું કન્ટેન્ટ બનાવવું તેમની ગરિમાનું ગંભીર ઉલ્લંઘન છે. આ સાથે જ તેણે આ મુદ્દે ખુલ્લેઆમ બોલવા અને સમર્થન આપવા બદલ પોતાના સહ-કલાકારો જુનિયર એનટીઆર, ચિરંજીવી, વિજય દેવરકોંડા અને ખુશ્બૂનો આભાર વ્યક્ત કર્યો.

જાહ્નવી કપૂરે પોતાના નિવેદનમાં લખ્યું કે, 'મહિલાઓને માત્ર એક વસ્તુ તરીકે દર્શાવવી અને તેમની સંમતિ વિના એડિટેડ કન્ટેન્ટ ફેલાવવું અત્યંત ગંભીર બાબત છે. આ ગુનાહિત કૃત્ય લગભગ જાતીય ઉત્પીડન સમાન છે.' તેણે કહ્યું કે, 'ફિલ્મ ઈન્ડસ્ટ્રીની લગભગ દરેક મહિલાએ કોઈ ને કોઈ રીતે આ સમસ્યાનો સામનો કર્યો છે. હવે ડિજિટલ પ્લેટફોર્મ્સ પર સામાન્ય મહિલાઓ પણ દરેક જગ્યાએ તેનો ભોગ બની રહી છે.'

એક્ટ્રેસે મહિલાઓની પસંદગી અને તેમના શરીર પ્રત્યે સન્માન આપવાની વાત કરી. તેણે કહ્યું કે, 'જો કોઈ મહિલા પાંચ દિવસ 'હા' કહે અને છઠ્ઠા દિવસે 'ના' કહે, તો તે 'ના'નું સન્માન થવું જોઈએ.'

'મિનીસ્કર્ટ પહેરવાનો અર્થ એ નથી કે કોઈ તેના નીચે કેમેરો મૂકે અથવા તેના શરીરનો ખોટો ઉપયોગ કરે. મહિલા કઈ બાબતમાં સહજ છે અને પોતાની મર્યાદા ક્યાં નક્કી કરે છે, તેનો નિર્ણય સંપૂર્ણપણે તેનો જ હોવો જોઈએ.'

જાહ્નવીએ આગળ કહ્યું કે, 'ઑનલાઈન અને ઑફલાઈન બંને જગ્યાએ મહિલાઓને સીમાઓના ઉલ્લંઘનનો સામનો કરવો પડે છે.

# મૌત કો છૂ કે ટક સે વાપસ આ સકતા હૂં!

## વિદ્યુત જામવાલે 15 મિનિટ સુધી શ્વાસ રોક્યો, 20 મિનિટ સુધી પાંપણો ન ઝબકાવી; 'સ્ટ્રીટ ફાઈટર' ઈવેન્ટમાં લોકોને ચોંકાવ્યા



(એજન્સી) મુંબઈ | તા.06

વિદ્યુત જામવાલ પોતાના ખતરનાક સ્ટન્ટ્સ અને ફિટનેસ માટે ઓળખાય છે. હવે તેણે એવું કારનામું કર્યું છે, જેને જોઈને 'સ્ટ્રીટ ફાઈટર'ના ઈવેન્ટમાં હાજર લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. એક્ટર લગભગ 15 મિનિટ સુધી શ્વાસ રોકીને એકીટશે બેઠો રહ્યો. તેની આંખો ખુલ્લી હતી અને તેણે પલક પણ નહોતી ઝબકાવી. થોડા સમય બાદ તેના પગમાં કંપન દેખાવા લાગ્યું અને આંખોમાંથી આંસુ આવવા લાગ્યાં. આ જ ઈવેન્ટમાં વિદ્યુતે પોતાની હોલિવૂડ ફિલ્મ, ધલસિમના પાત્ર, શૂટિંગના અનુભવ અને બોલિવૂડ સાથેની સરખામણી વિશે પણ ખુલ્લેઆમ વાત કરી. 'સ્ટ્રીટ ફાઈટર'ની ઈવેન્ટમાં વિદ્યુત જામવાલ લગભગ 15 મિનિટ સુધી શ્વાસ લીધા વિના અને પલક ઝબકાવ્યા વિના બેઠો રહ્યો. શરૂઆતમાં લોકોને લાગ્યું કે તે ધ્યાન કરી રહ્યો છે, પરંતુ લાંબા સમય સુધી આ સ્થિતિમાં રહેતાં સૌનું ધ્યાન તેની તરફ ગયું.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## પત્ર લખીને વિનંતી કરી છતાં સિલેક્ટર્સ ન માન્યા, ટીમમાં ન મળી જગ્યા



(એજન્સી) નવી દિલ્હી । તા. 06

PM-KISAN કૃષિ સહાયના માળખામાં ખેડૂતોના હાથમાં સીધી ખરીદ શક્તિ મૂકવા અને નિર્ણયો લેવા માટે તેમના પર વિશ્વાસ કરવા તરફના બદલાવનું પ્રતિનિધિત્વ કરે છે. સીધી આવક સહાય વધુ પારદર્શક, ઓછી વિકૃત અને દેવા માફી અથવા ચોક્કસ પાક ઉગાડતા ખેડૂતોને જ લાભ આપતી નીતિઓ કરતાં ખેડૂત પરિવારો ક્ષેત્રના ખૂબ મોટા હિસ્સા સુધી પહોંચી શકે છે. આનાથી બિનકાર્યક્ષમ ઈનપુટ સબ્સિડીને તર્કસંગત બનાવવાની અને ખેડૂતોને સીધી સહાય તરફ આગળ વધવાની સાથે બચતનો ઉપયોગ કૃષિ પાયાની સુવિધાઓ, R&D અને વૈવિધ્યકરણ માટે કરવાની ભારતીય કૃષિ માટેની એક મોટી સુધારા દિશા પણ ખૂલે છે.



**શ્રી અશોક ગુલાટી**
(ડિસ્ટિંગ્વિશ્ડ પ્રોફેસર, એગ્રીકલ્ચર- ICRIER)
(પૂર્વ અધ્યક્ષ, CACP, ભારત સરકાર; ડિરેક્ટર, IFPRI; સભ્ય PMEAC, ભારત)

2014 પછીના ગાળામાં કૃષિને પાક કરતાં વિશેષ સમજવામાં આવી રહી છે. સહકારી ક્ષેત્ર માટે અલગ મંત્રાલય છે જેથી તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી શકાય. ગુજરાતમાં મોદીનો પોતાનો અનુભવ જોતાં આ સ્વાભાવિક છે કે જ્યાં ડેરી સહકારી ઈકોસિસ્ટમ સમૃદ્ધ છે. ડેરી, મત્સ્યઉદ્યોગ, પશુપાલન, મરઘાં પાલન, બાગાયત અને મધમાખી પાલન ગ્રામીણ આવકની વાર્તાના મહત્વપૂર્ણ ઘટકો બન્યા છે. નાના ખેડૂત માટે, સંલગ્ન પ્રવૃત્તિઓમાં વૈવિધ્યકરણ અત્યંત ફાયદાકારક છે.મોદી સરકારનું મધુર ક્રાંતિ માટેનું પ્રોત્સાહન એક સારું ઉદાહરણ છે. છેલ્લાં એક દાયકામાં ભારતનું મધ ઉત્પાદન લગભગ બમણું થઈ ગયું છે. મધમાખીઓ પરાગનયનની સેવાઓ પૂરી પાડે છે જ્યારે એપીકલ્ચર ખેડૂતોને આવકનો બીજો સ્ત્રોત આપે છે. નેશનલ બીકીપિંગ એન્ડ હની મિશન અને નિકાસ-સહાય પહેલો યોગ્ય દિશામાં લેવાયેલાં પગલાં છે. નાના ખેડૂતને સશક્ત બનાવવાનો તર્ક ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs) પાછળ રહેલો છે. નાના ખેડૂતે સમૃદ્ધ થવા માટે મોટો ખેડૂત બનવું જરૂરી નથી. તેને ઈનપુટ્સ ખરીદવામાં, ટેકનોલોજી મેળવવામાં, ઉત્પાદનનો સંગ્રહ અને પ્રોસેસિંગ કરવામાં, ખરીદદારો સાથે વાટાઘાટો કરવામાં અને મોટા બજારો સુધી પહોંચવામાં વ્યાપના ફાયદાઓની જરૂર છે.

FPOs ને ખેડૂતોના એકત્રીકરણ અને મૂલ્યવર્ધનનો સ્તંભ બનાવવાનું રાજકીય પ્રોત્સાહન એ ભારતના કૃષિ પરિવર્તનનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આની સાથે, ચર્ચા અને કાર્યવાહી વાણિજ્યિક સક્ષમતા, વ્યવસાયિક વ્યવસ્થાપન, ક્રેડિટ અને ટેકનોલોજી સુધી પહોંચ, પ્રોસેસર્સ અને ખરીદદારો સાથે મજબૂત સંબંધો અને અર્થપૂર્ણ વોલ્યુમ એકત્રિત કરવાની ક્ષમતા તરફ આગળ વધી શકે છે.કૃષિને ગ્રામીણ પરિવારના પરિવર્તનની સાથે પણ જોવી જોઈએ. ગ્રામીણ વિકાસ અને કૃષિ વિકાસ વચ્ચેનો ભેદ કૃત્રિમ છે કારણ કે ખેડૂત પરિવાર એક ઉત્પાદક હોવાની સાથે એક ગ્રામીણ પરિવાર પણ છે જેની ઉત્પાદકતા તે જે પર્યાવરણમાં રહે છે તેની ગુણવત્તા પર આધારિત છે.આવાસ, વીજળી, રસ્તાઓ અને પીવાના પાણીએ મળીને ગ્રામીણ પર્યાવરણ બદલી નાખ્યું છે. PMAY-G હેઠળ 3 કરોડથી વધુ ગ્રામીણ ઘરો પૂર્ણ થયા છે, જલ જીવન મિશન હેઠળ ગ્રામીણ નળ-પાણીનું કવરેજ આશરે 17% થી વધીને 80% થી વધુ થઈ ગયું છે અને PMGSY યોગ્ય ગ્રામીણ પરિવારોના 99% થી વધુ માટે તમામ ઋતુમાં ઉપયોગી રોડ કનેક્ટિવિટી લાવ્યું છે. આ કલ્યાણકારી હસ્તક્ષેપો જેટલા જ આર્થિક રોકાણો છે. રસ્તાઓ ખેડૂતોને બજારો અને સેવાઓ સાથે જોડે છે, વીજળી સિંચાઈ અને બિન-ખેતી સાહસને ટેકો આપે છે, ઘરે નળના પાણી સુધી પહોંચ ખાસ કરીને મહિલાઓ માટે સમય બચાવે છે અને પાકું મકાન પરિવાર માટે વધુ સ્થિરતા અને સંપત્તિ પૂરી પાડે છે. કૃષિનો આગામી તબક્કો માત્ર વધુ ઉત્પાદન કરવાથી આગળ વધવાનો રહેશે. તે ઉચ્ચ મૂલ્ય ધરાવતી, વધુ પૌષ્ટિક અને વધુ આબોહવા-સ્થિતિસ્થાપક કૃષિ વિશે હશે. મિલેટ્સ (મોટા અનાજ) માટેનું પ્રોત્સાહન આ એજન્ડામાં કુદરતી રીતે બંધબેસે છે. આ મોરચે મોદીના પ્રયાસોને વિશાળ સમાજ તરફથી પણ સમર્થન મળ્યું છે, જે મિલેટ્સની વધતી લોકપ્રિયતા દ્વારા સાબિત થાય છે જે શહેરી મધ્યમ વર્ગ દ્વારા લાંબા સમયથી વિસરાઈ ગયા હતા. કઠોળ અને તેલીબિયાં પર પણ ફરીથી ભાર મૂકવામાં આવ્યો છે. સ્થાનિક કઠોળ ઉત્પાદન વધારવાના ઉદ્દેશ્યથી રૂ. 11,440 કરોડનું ’મિશન ફોર આત્મનિર્ભરતા ઈન પલ્સીસ’ પોષણ સુરક્ષામાં સુધારો કરી શકે છે, આયાત નિર્ભરતા ઘટાડી શકે છે અને વધુ સ્વસ્થ જમીનમાં યોગદાન આપી શકે છે. ખેડૂતને અન્નદાતા અને ઊર્જાદાતા બંને તરીકેનો મોદીનો વિચાર એક બીજો આશાસ્પદ દરવાજો ખોલે છે જ્યાં ખેડૂત સતત ઊર્જા ક્રાંતિમાં ભૂમિકા ભજવી શકે છે. જ્યારે ખેડૂત ખોરાક અને સૌર ઊર્જા બંનેનું ઉત્પાદન કરી શકે છે, ત્યારે તે ભારતીય ઊર્જા જરૂરિયાતોને પૂર્ણ કરવામાં મદદ કરતી વખતે કૃષિ આવકનો વધારાનો સ્ત્રોત બનાવે છે. મોદીના 25 વર્ષના કાર્ય તરફ પાછળ વળીને જોતાં, કૃષિ વિકાસની વિસ્તરતી વિભાવના જોવા મળે છે. ગુજરાતમાં, તેમણે જમીની સ્તરથી કૃષિને સમજી અને સાબિત કર્યું કે ભારતીય કૃષિ બદલાઈ શકે છે. રાષ્ટ્રીય સ્તરે છેલ્લા બાર વર્ષોમાં, તેમાંથી ઘણા વિચારોને મોટા પાયે લઈ જવામાં આવ્યા છે, જ્યારે નવી અને આશાસ્પદ નીતિગત દિશાઓ પણ ઉભરી આવી છે. જે મોદીને અલગ પાડે છે તે જમીન પર કૃષિ સાથે કામ કરવાનો પ્રત્યક્ષ અનુભવ અને તેના ભવિષ્ય વિશે વિચારવાની રાજકીય કલ્પનાશક્તિનું સંયોજન છે, જે અઢી દાયકાના જાહેર જીવન દરમિયાન આકાર પામેલો દ્રષ્ટિકોણ છે.

### દેહરાદૂન જંગલમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

## દેહરાદૂનમાં પતિની નિર્દયતાપૂર્વક હત્યા

(એજન્સી) દેહરાદૂન | તા.06

દેહરાદૂનમાં પતિની હત્યાના આરોપમાં પત્ની અને તેના કથિત પ્રેમીની ધરપકડ થઈ છે. મૃતદેહ જંગલની ખાઈમાંથી મળ્યો હતો. ઉત્તરાખંડના દેહરાદૂનના પ્રેમનગર વિસ્તારમાં એક યુવકની હત્યાના કેસમાં પોલીસે તેની પત્ની અને તેના કથિત પ્રેમીની ધરપકડ કરી છે. મૃતકની ઓળખ બિહારના સહરસા જિલ્લાના રહેવાસી મદન મુખિયા તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા મુજબ મદનનો મૃતદેહ મંડુવાલા વિસ્તારના જંગલમાં ખાઈમાંથી મળી આવ્યો હતો અને ગળાના ભાગે ધારદાર હથિયારના ઘાના નિશાન હતા.

**CCTV અને પૂછપરછથી આરોપી સુધી પહોંચી પોલીસ**

પોલીસે ઘટનાસ્થળની આસપાસ અને ત્યાં સુધી પહોંચતા રસ્તાઓ પર લાગેલા CCTV કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. સાથે જ આસપાસ કામ કરતા મજૂરોની પૂછપરછ અને બાતમીદારોની મદદથી તપાસ આગળ વધારવામાં આવી હતી. આ દરમિયાન પોલીસ લલ્લન શર્મા સુધી પહોંચી અને તેની ધરપકડ કરી હતી.



### જંગલની ખાઈમાંથી મળ્યો મૃતદેહ

મદન મુખિયાનો મૃતદેહ શનિવારે મંડુવાલાના જંગલ વિસ્તારમાં ખાઈમાંથી મળી આવ્યો હતો. ગળા પર ગંભીર ઈજાના નિશાન હોવાથી પ્રાથમિક તપાસમાં હત્યાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

### પ્રેમસંબંધ હોવાનો પોલીસનો દાવો

પોલીસના જણાવ્યા મુજબ પૂછપરછ દરમિયાન લલ્લન શર્માએ મદનની પત્ની મીના દેવી સાથે છેલ્લા 2થી 3 વર્ષથી પ્રેમસંબંધ હોવાની વાત કહી હતી. પોલીસના દાવા મુજબ થોડા સમય પહેલાં મદનને બંને વચ્ચેના સંબંધની જાણ થઈ ગઈ હતી, ત્યારબાદ મીના અને લલ્લને કથિત રીતે મદનને રસ્તામાંથી હટાવવાનું કાવતરું ઘડ્યું હતું.

### દારૂ પીવડાવવાના બહાને જંગલમાં લઈ ગયા

પોલીસના જણાવ્યા મુજબ મીના મદનને દારૂ પીવડાવવાના બહાને કોલેજ નજીકના જંગલ વિસ્તારમાં લઈ ગઈ હતી. ત્યાં મદન નશામાં હોવાનું કહેવામાં આવ્યું છે. ત્યારબાદ લલ્લનની મદદથી તેના ગળા પર ધારદાર હથિયારથી હુમલો કરવામાં આવ્યો હોવાનો પોલીસનો આરોપ છે. હત્યા બાદ મૃતદેહને ખાઈમાં ફેંકી દેવામાં આવ્યો હતો.

# જયપુરમાં બુલડોઝરનો ભય

### દુકાનો પર 60% સુધીની છૂટ, ભીડ ઉમટી




(એજન્સી) જયપુર | તા.06

હાઈકોર્ટે જયપુરમાં ન્યૂ સાંગાનેર રોડથી સોડાલા સુધીની દુકાનોને અતિક્રમણ તરીકે ગણાવી છે. JDA એ દુકાનદારોને તોડી પાડવાની નોટિસ ફટકારી છે. ગભરાઈને દુકાનદારોએ 30-60% સુધીની છૂટનું મોટા પાયે વેચાણ શરૂ કર્યું છે. જ્યારે દુકાનો સામાન્ય રીતે તહેવારોની મોસમ દરમિયાન વેચાણ રાખે છે, ત્યારે રાજધાની જયપુરમાં ન્યૂ સાંગાનેર રોડથી સોડાલા સુધીની દુકાનોમાં દર નક્કી છે. તહેવારો પહેલા આ દુકાનો પર 30-60% સુધીની છૂટ જોઈને દરેકને આશ્ચર્ય થાય છે. લોકો અહીં ખરીદી કરવા માટે ઉમટી રહ્યા છે. આટલા ધસારો છતાં, વેપારીઓના ચહેરા પર ખુશી કરતાં ચિંતા વધુ દેખાય છે.હાઈકોર્ટે જયપુરમાં ન્યૂ સાંગાનેર રોડથી સોડાલા સુધીની 260 દુકાનોને અતિક્રમણ તરીકે ગણાવી છે. હાઈકોર્ટના આદેશ બાદ, JDA એ તોડી પાડવાની નોટિસ ફટકારી છે અને આ બધી દુકાનોનું સીમાંકન કર્યું છે. ત્યારથી, વેપારીઓ ગભરાટની સ્થિતિમાં છે. વેપારીઓના મતે, આગામી તહેવારોની અપેક્ષાએ તેમણે પોતાની દુકાનોમાં લાખો રૂપિયાનો માલ સ્ટોક કર્યો હતો, તહેવારોની મોસમમાં સારો નફો મેળવવાની આશા સાથે. જોકે, આ JDA નોટિસે તેમની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. વેપારીઓના મતે, આવી પરિસ્થિતિઓમાં, તેઓ નફો કમાવવાની વાત તો દૂર, તેમની આખી ઈન્વેન્ટરી ગુમાવવાનો ડર રાખે છે. તેથી, ખર્ચ વસૂલવા માટે, તેમણે પોતાની દુકાનોમાં 30 થી 60 ટકા ડિસ્કાઉન્ટ પર વેચાણ શરૂ કર્યું છે. આ ફિક્સ્ડ-રેટ દુકાનોની બહાર વેચાણના ચિહ્નો જોઈને, મોટી સંખ્યામાં ગ્રાહકો તેમની પાસે ઉમટી પડ્યા છે. કપડાની દુકાનના માલિક સોનુ કુમારે કહ્યું કે તે હંમેશા ફિક્સ્ડ-રેટ પર માલ વેચતો હતો, પરંતુ આ વખતે, ફક્ત ખર્ચ વસૂલ કરવો પૂરતો છે.

# ભારતની દરિયાઈ શક્તિને એક નવો વેગ મળ્યો, રાજનાથ સિંહે સ્વદેશી ફ્લીટ સપોર્ટ શિપ લોન્ચ કરી

(એજન્સી) નવી દિલ્હી | તા.06

ભારતની દરિયાઈ શક્તિ અને નૌકાદળની લાંબા અંતરની ઓપરેશનલ ક્ષમતાને મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મંગળવારે વિશાખાપટ્ટનમમાં હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ (HSL) ખાતે દેશનું પ્રથમ સ્વદેશી ફ્લીટ સપોર્ટ શિપ (FSS-1) INS સૂર્યા લોન્ચ કર્યું. FSS-5 નું શિલાન્યાસ પણ કરવામાં આવ્યું અને અપગ્રેડેડ સ્લિપવે-4 અને 300-ટન ક્ષમતાવાળા ગોલિયાથ ક્રેનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ફ્લીટ સપોર્ટ શિપ સમુદ્રમાં લાંબા અંતરની કામગીરી ટકાવી રાખવા માટે નૌકાદળના યુદ્ધજહાજોને જરૂરી લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડે છે. આ જહાજો સમુદ્રમાં ઈંધણ, અન્ય આવશ્યક પુરવઠો અને જાળવણી સપોર્ટ પૂરો પાડી શકશે.આ સ્વદેશી રીતે બનેલા FSS માં મોટી કાર્ગો અને ફ્લુઈડ ક્ષમતા, પ્રથમ-લાઈન જાળવણી વર્કશોપ અને મલ્ટી-રોલ હેલિકોપ્ટર માટે હેલિકોપ્ટર ડેક હશે. આ જહાજો સ્વ-રક્ષણ પ્રણાલીઓથી પણ સજ્જ હશે, જે ભારતીય નૌકાદળની હિંદ મહાસાગર ક્ષેત્રમાં લાંબા અંતરની, સતત કામગીરી અને દરિયાઈ પહોંચ ચલાવવાની ક્ષમતાને મજબૂત બનાવશે. હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડના અપગ્રેડેડ સ્લિપવે-4 ને મજબૂત અને વિસ્તૃત કરવામાં આવ્યું છે.

### પર્વતીય મહિલાઓની મહેનત રાષ્ટ્રીય મંચ પર ચમકી

## હાઉસ ઓફ હિમાલયની કમાણી રૂ. ૬૦ કરોડ પાર

(એજન્સી) ઉત્તરાખંડ | તા.06

ગ્રામીણ ઉત્તરાખંડના ઉત્પાદનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચવા લાગ્યા છે. હાઉસ ઓફ હિમાલયનું સૌથી મહત્વપૂર્ણ પાસું તેનું મહિલા-કેન્દ્રિત આજીવિકા મોડેલ છે. સીએમ ધામીએ આનંદ વ્યક્ત કર્યો.હાઉસ ઓફ હિમાલય, ઉત્તરાખંડની ગ્રામીણ મહિલાઓની મહેનત દ્વારા બનાવવામાં આવેલ એક છત્રી બ્રાન્ડ, તેની સ્થાપનાથી આશરે 6 કરોડનું ટર્નઓવર રેકોર્ડ કરી ચૂકી છે. ડિસેમ્બર 2023 માં દેહરાદૂન ખાતે યોજાયેલી ઉત્તરાખંડ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વ્યક્તિગત રીતે બ્રાન્ડ લોન્ચ કરી ત્યારે હાઉસ ઓફ હિમાલયના લોન્ચને રાષ્ટ્રીય માન્યતા મળી. વડા પ્રધાને તેને ‘વોકલ ફોર લોકલ‘ અને ‘લોકલ ફોર ગ્લોબલ‘ ની વિભાવનાને આગળ વધારવાના પ્રયાસ તરીકે વર્ણવ્યું.

**મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું**

● ઉત્તર પ્રદેશમાં બરોડા યુપી બેંક, આર્યાવર્ત બેંક, પ્રથમા યુપી ગ્રામીણ બેંકનું વિલીનીકરણ કરીને ’ઉત્તર પ્રદેશ ગ્રામીણ બેંક’ બનાવાશે, જેનું મુખ્ય મથક લખનૌમાં હશે. ● પશ્ચિમ બંગાળમાં બંગીયા ગ્રામીણ વિકાસ બેંક, પશ્ચિમ બંગાળ ગ્રામીણ બેંક અને ઉત્તર બંગાળ RRBને મર્જ કરીને ’પશ્ચિમ બંગાળ ગ્રામીણ બેંક’ બનાવવામાં આવશે, જેનું મુખ્ય મથક કોલકાતામાં હશે. ● તેમણે જણાવ્યું હતું કે અમારું લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનું છે કે ઉત્તરાખંડના ગામડાઓમાં ઉત્પાદિત ઉત્પાદનો વૈશ્વિક બજારો સુધી પહોંચે, જેનો સીધો લાભ આપણા મહિલા સ્વ-સહાય જૂથો અને સ્થાનિક ઉત્પાદકોના અર્થતંત્રને મળે. ● ઉલ્લેખનીય છે કે બ્રાન્ડ હેઠળ, ઉત્તરાખંડની સ્થાનિક ઓળખને પ્રતિબિંબિત કરતી ઉત્પાદનો આધુનિક પેકેજિંગ, સુધારેલી ગુણવત્તા અને સંકલિત બ્રાન્ડિંગ સાથે લોન્ચ કરવામાં આવે છે.





મુખ્યમંત્રી ભગવંત માને આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. રાજ્યને લગતા મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી.

### હવામાનનો મિજાજ બદલાયો, 28 રાજ્યોમાં વરસાદથી લઈને હિમવર્ષા સુધીનું એલર્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા.06

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાના કારણે આવતીકાલે 7 ઓક્ટોબરથી દેશના ઉત્તર, પૂર્વ અને મધ્ય ભારતના હવામાનમાં મોટો પલટો આવવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર દિલ્હી-NCR, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, પંજાબ, હરિયાણા અને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં આવતીકાલે 40 થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવન, ગાજવીજ અને વરસાદનું જોખમ છે. પૂર્વ ભારતમાં બિહાર અને મધ્ય ભારતમાં પૂર્વી મધ્ય પ્રદેશ તથા છત્તીસગઢમાં તોફાની પવન અને વીજળીના કડાકા સાથે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

# મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે સુપ્રીમ કોર્ટના ત્રણ નવા ન્યાયાધીશોને શપથ લેવડાવ્યા



(એજન્સી) નવી દિલ્હી | તા.06

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે મંગળવારે સુપ્રીમ કોર્ટના ત્રણ નવા નિયુક્ત ન્યાયાધીશોને શપથ લેવડાવ્યા. શપથ લેનારા ન્યાયાધીશોમાં ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ, ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને ન્યાયાધીશ અપરેશ કુમાર સિંહનો સમાવેશ થાય છે. આ નિમણૂકો સાથે, સુપ્રીમ કોર્ટમાં સેવા આપતા ન્યાયાધીશોની સંખ્યા વધીને 37 થઈ ગઈ છે, જે 38 ની મંજૂર સંખ્યા કરતાં એક ઓછી છે. નવી સુપ્રીમ કોર્ટ ઈમારતના ઓડિટોરિયમમાં ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ, ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને ન્યાયાધીશ અપરેશ કુમાર સિંહે શપથ ગ્રહણ કર્યા. ત્રણ ન્યાયાધીશોની નિમણૂક સુપ્રીમ કોર્ટની ન્યાયિક ક્ષમતાને વધુ મજબૂત બનાવે છે.શપથ ગ્રહણ સમારોહમાં સુપ્રીમ કોર્ટના તમામ ન્યાયાધીશો, ન્યાયિક અધિકારીઓ અને વિવિધ ઉચ્ચ અદાલતોના અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. ન્યાયતંત્રના વરિષ્ઠ અધિકારીઓએ સમારોહમાં ત્રણ નવા ન્યાયાધીશોનું સ્વાગત કર્યું.

### RailOne એપ પર શેર કરી શકાય તેવી UTS સીઝન ટિકિટ સુવિધા

## પરિવાર અને અન્ય મુસાફરો માટે ટિકિટ બુકિંગની સરળ સુવિધા

(એજન્સી) માલીગાંવ | તા.06

RalOne એપ પર શેર કરી શકાય તેવી UTS સીઝન ટિકિટ સુવિધા રજૂ કરવામાં આવી છે. નોંધાયેલા વપરાશકર્તાઓ ફક્ત પોતાના માટે જ નહીં પરંતુ પાત્ર પરિવારના સભ્યો અથવા અન્ય મુસાફરો માટે પણ સીઝન ટિકિટ બુક કરાવી શકે છે, જે મુસાફરોને નોંધપાત્ર સુવિધા પૂરી પાડે છે. 2 સપ્ટેમ્બર, 2026 ના રોજ કાર્યરત આ સુવિધાનો હેતુ સીઝન ટિકિટ બુકિંગને વધુ અનુકૂળ બનાવવા અને રેલ ટિકિટિંગ સિસ્ટમને આધુનિક બનાવવાનો છે. આ નવી સુવિધા હેઠળ, લાગુ નિયમો અનુસાર, નોંધાયેલ વપરાશકર્તા પોતાના માટે એક સીઝન ટિકિટ અને પરિવારના સભ્યો અથવા અન્ય પાત્ર મુસાફરો માટે પાંચ વધુ સીઝન ટિકિટ બુક કરાવી શકે છે. RailOne દ્વારા પોતાના માટે સીઝન ટિકિટ બુક કરાવવાની લઘુત્તમ ઉંમર 18 વર્ષ છે, જ્યારે જે મુસાફર માટે બીજો વપરાશકર્તા ટિકિટ બુક કરાવે છે તે ઓછામાં ઓછી 5 વર્ષની હોવી જોઈએ. વ્યક્તિગત બુકિંગ માટે, સફળ જીઓ-ફેન્સિંગ ચકાસણી પછી ટિકિટ તે જ દિવસથી માન્ય થઈ જાય છે, જ્યારે અન્ય મુસાફરો માટે બુક કરાયેલી ટિકિટ બીજા દિવસથી માન્ય થઈ જાય છે.શેર કરી શકાય તેવી સીઝન ટિકિટમાં સુરક્ષિત અને અનુકૂળ ટિકિટ ચકાસણી માટે ફોટો અને QR કોડ-આધારિત ચકાસણીનો સમાવેશ થાય છે. મુસાફરનો ફોટો ટિકિટ પર હોય છે અને QR કોડમાં એમ્બેડ કરવામાં આવે છે, જેનાથી ચેકિંગ સ્ટાફ મુસાફરની ઓળખ ચકાસી શકે છે. મુસાફરી દરમિયાન, મુસાફરો માન્ય શેર કરી શકાય તેવી સીઝન ટિકિટની સુવાચ્ય પ્રિન્ટેડ નકલ અથવા તેમના મોબાઈલ ઉપકરણ પર PDF સંસ્કરણ રાખી શકે છે. RailOne એપ્લિકેશન દ્વારા જનરેટ થતી બુકિંગ રસીદો, ઈન્વોઈસ અને UTS પેપર ટિકિટની નકલો માન્ય મુસાફરી દસ્તાવેજો નથી.




# જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી અફઝલ ગુરુના પરિવાર સામે કાર્યવાહી

(એજન્સી) જમ્મુ અને કાશ્મીર | તા.06

આતંકવાદી અફઝલ ગુરુના પરિવારની પૂરગ્રસ્ત જમીન પર બનેલા ગેરકાયદેસર ડેરી શેડને તોડી પાડવા માટે બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વહીવટીતંત્રનો દાવો છે કે પૂરગ્રસ્ત જમીન પર ગેરકાયદેસર કબજો કરીને શેડ બનાવવામાં આવ્યો હતો.જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં, સંસદ પર હુમલાના દોષી અફઝલ ગુરુના પરિવારની પૂરગ્રસ્ત જમીન પર બનેલા ગેરકાયદેસર ડેરી શેડને તોડી પાડવા માટે બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સોપોર વિસ્તારમાં મહેસૂલ વિભાગની ટીમ દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વહીવટ અનુસાર, મેજિસ્ટ્રેટની આગેવાની હેઠળ મહેસૂલ વિભાગની ટીમે વરિષ્ઠ અધિકારીઓની સૂચના પર ડિમોલિશન ઝુંબેશ હાથ ધરી હતી.



મંગળવારે, જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ, CRPF અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સાથે મળીને બારામુલ્લાના આઝાદ ગંજના ગુલનાર પાર્કમાં ડિમોલિશન ઝુંબેશ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન, બારામુલ્લાના આઝાદ ગંજના ગુલનાર પાર્કના રહેવાસી અફઝલ ગુરુની પત્ની તબસ્સુમ ભૂરુના ગેરકાયદેસર ટીન શેડને તોડી પાડવામાં આવ્યો હતો. આ ઉપરાંત, અબ્દુલ રશીદ ભુરુના પુત્ર તારિક અહેમદ ભુરુના રહેણાંક ઘર પાસે એક ટીન શેડ અને ટીનની વાડ પણ તોડી પાડવામાં આવી હતી. વહીવટીતંત્રનો દાવો છે કે આ પૂરગ્રસ્ત જમીન પર ગેરકાયદેસર કબજો કરીને બનાવવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ડેરી ફાર્મ આતંકવાદી અફઝલ ગુરુના પરિવારનું હતું. ફાર્મ સરકારી જમીન પર બનાવવામાં આવ્યું હતું.

# DRDO દ્વારા હાઈ-એલ્ટિટ્યુડ પ્લેટફોર્મનું સફળ ફ્લાઈટ ટ્રાયલ હાથ ધરવામાં આવ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.06

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન એ સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલા હાઈ-એલ્ટિટ્યુડ પ્લેટફોર્મ નું સફળ ફ્લાઈટ ટ્રાયલ હાથ ધર્યું છે. આ પ્રાયોગિક ઉડ્ડયને સરેરાશ દરિયાઈ સપાટી (AMSL) થી 21 કિમીની ઊંચાઈ પ્રાપ્ત કરી હતી અને જમીન પર પાછા આવવાનો આદેશ આપવામાં આવ્યો તે પહેલાં તે 30 મિનિટથી વધુ સમય માટે 20 કિમી AMSL ની ઊંચાઈ પર રહ્યું હતું. સિસ્ટમને સફળતાપૂર્વક પુનઃપ્રાપ્ત કરવામાં આવી હતી અને ફ્લાઈટના કામગીરી સંબંધિત ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.સમગ્ર ઉડાન દરમિયાન ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન ખાતે એરબોર્ન પ્લેટફોર્મ પરથી રિયલ-ટાઈમ વીડિયો ડેટા અને વ્હીકલના અન્ય તમામ પરિમાણો મેળવવામાં આવ્યા હતા, જેણે અપેક્ષિત ફ્લાઈટ પ્રદર્શન દર્શાવ્યું હતું. આ સિસ્ટમમાં વિવિધ સબ-સિસ્ટમ્સ ઉપરાંત ઈનર્શિયલ મેઝરમેન્ટ યુનિટ, ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (GPS) રિસીવર, ઓનબોર્ડ કેમેરા, એલ્ટિટ્યુડ કંટ્રોલ મેકેનિઝમ જેવા વિવિધ ઈન્સ્ટ્રુમેન્ટેશન અને કંટ્રોલ ઈલેક્ટ્રોનિક પેકેજો મૂકવામાં આવ્યા હતા. આ ટ્રાયલ ભારતીય વાયુસેના, CEMILAC, DGCA, એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) અને અન્ય નાગરિક સત્તામંડળો જેવી વિવિધ એજન્સીઓના સહયોગથી હાથ ધરવામાં આવી હતી.

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 07 OCTOBER-2026
AHMEDABAD

## વીજ વાયર ચોરતી ગેંગનો પર્દાફાશ, 6 શખસો ઝડપાયા

અમદાવાદ | અમદાવાદ ગ્રામ્ય એલસીબી (LCB) પોલીસને મોટો સપાટો બોલાવતાં સફળતા સાંપડી છે. યુજીવીસીએલ (UGVCL)ના વીજ થાંભલાઓ પરથી 11 KV લાઈનના કિંમતી વાયરની ચોરી આચરતી રાજસ્થાનની આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કરીને પોલીસે 6 આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી 6.50 લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નાઈટ પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે શંકાસ્પદ રીતે ફરી રહેલા 6 શખસોને અટકાવીને પૂછપરછ કરતાં તે ભાંગી પડ્યા હતા.

## શ્રમજીવી પરિવારના 37 દિવસના બાળકની ચોરીનો કેસ ઉકેલાયો

અમદાવાદ | ન્યૂ રાણીપ વિસ્તારમાં તળાવ પાસે ફૂટપાથ પર સૂતા શ્રમજીવી પરિવારનું 37 દિવસનું બાળક ચોરાઈ જવાના કેસમાં પોલીસે બે સગીર સહિત કુલ ચાર આરોપીની ધરપકડ કરી છે. 2 ઓક્ટોબરે રાત્રે 2 વાગ્યે બાળક ચોરાયું હતું. દંપતીને સવારે 3:15 વાગ્યે બાળક ગાયબ હોવાની જાણ થઈ અને તરત પોલીસને જાણ કરી હતી. આ ઘટનાના 38 કલાક બાદ એટલે કે 3 ઓક્ટોબરે સાંજે 4 વાગ્યે તે વિસ્તારના એક તળાવ પાસેથી હેમખેમ મળી આવ્યું હતું. જે બાદ માતાના જીવમાં જીવ આવ્યો હતો અને પોતાનું વ્હાલસોયુ પાછું મળતા હરખના આંસુ અને ખુશી જોવા મળી હતી.

### મેડિકલ એસો.માં જાણ કરી લાયસન્સ રદ કરવા રિપોર્ટ કરાશે...

# બે દિવસ સુધી ડોક્ટરે IIMની યુવતી સાથે અડપલાં કર્યા : અલ્સરની તપાસમાં કપડાં કઢાવી શરીરે સ્પર્શ કર્યા



અમદાવાદના માનવમંદિર સામે આવેલી ગેસ્ટ્રો હોસ્પિટલમાં તપાસ માટે ગયેલી IIM અમદાવાદમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે ડોક્ટરે બે દિવસ અડપલાં કર્યા હતા.
ડોક્ટરે મહિલા કર્મચારી સાથે રાખ્યા વિના તપાસના બહાને કપડા કઢાવી આખા શરીરે સ્પર્શ કર્યો હતો. આ અંગે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોધી આરોપી ડોક્ટર વ્રજ સતીષ પટેલની ધરપકડ કરી છે.

**(એજન્સી) અમદાવાદ | તા.06**

અમદાવાદના માનવમંદિર સામે આવેલી ગેસ્ટ્રો હોસ્પિટલમાં તપાસ માટે ગયેલી IIM અમદાવાદમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે ડોક્ટરે બે દિવસ અડપલાં કર્યા હતા. ડોક્ટરે મહિલા કર્મચારી સાથે રાખ્યા વિના તપાસના બહાને કપડા કઢાવી આખા શરીરે સ્પર્શ કર્યો હતો. આ અંગે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોધી આરોપી ડોક્ટર વ્રજ સતીષ પટેલની ધરપકડ કરી છે.

યુવતી IIM-Aમાં MBAના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. તેને તા.23 સપ્ટેમ્બરે પેટમાં દુખાવો અને તાવ આવતો હોવાથી મેમનગર માનવમંદિર સામે આર્યન વર્ક સ્પેસ-3માં આવેલી અમદાવાદ ગેસ્ટ્રો એન્ડ લિવર હોસ્પિટલ (AGLH)માં બતાવવા ગઈ હતી. મુખ્ય ડોક્ટર હાર્દિક પરીખે દવા આપી હતી. જ્યારે 24 સપ્ટેમ્બરે, સોનોગ્રાફી, કોલોનો સ્કોપીના રિપોર્ટ કઢાવ્યા હતા. છતાં આરામ નહીં થતા 1 ઓક્ટોબરે રાતે 8 વાગ્યે યુવતી પિતા સાથે હોસ્પિટલ આવી હતી. ત્યારે ડો.વ્રજ પટેલે ડો. હાર્દિક સાથે વાત કરીને એડમિટ કરી હતી.

જ્યાં 1 ઓક્ટોબરની રાત્રે અને અને 2 ઓક્ટોબરના રોજ ડો.વ્રજ મહિલા ડોક્ટરને સાથે રાખ્યા વગર એકલો રૂમમાં લઈ ગયો હતો. જ્યાં યુવતીના આંતર વસ્ત્રો કઢાવી હાથના ગ્લોઝ કાઢી અડપલાં કર્યા હતા.

જો કે 2 ઓક્ટોબરે ફરીથી યુવતીને તપાસ માટે બોલાવી હતી. સાંજના સમયે વ્રજે યુવતીને ફરીથી રૂમમાં લઈ જઈ ફરીથી આંતર વસ્ત્રો કઢાવી શરીરે સ્પર્શ કર્યો હતો. આ વખતે યુવતીને ડોક્ટર વ્રજના ઈરાદા અંગે જાણ થઈ હતી. જેથી યુવતી પ્રતિકાર કરીને તુરંત ત્યાંથી નીકળી ગઈ અને પરિવારને જાણ કરી. ત્યાર બાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ડોક્ટરે કરેલી હરકતો અંગે જાણ કરી હતી.

વસ્ત્રાપુર પોલીસે સમગ્ર મામલે આરોપી ડોક્ટર વ્રજ પટેલની ધરકકડ કરી હતી. આરોપીને હાલ સેન્ટ્રલ જેલ મોકલી દેવામાં આવ્યો છે. તે છેલ્લા 2 વર્ષથી હોસ્પિટલમાં પ્રેક્ટિસ કરતો હતો. આરોપી વિરુદ્ધ પોલીસ દ્વારા મેડિકલ એસોસિએશનમાં રિપોર્ટ કરવામાં આવશે અને ડોક્ટરનું લાયસન્સ રદ થાય તે માટે પણ કાર્યવાહી કરાશે.

આ પહેલાં IIM પરિસરમાં યુવતીની છેડતીનો બનાવ બન્યો હતો. ફૂડ ડિલિવરી બોયે ગ્રાહક યુવતી સાથે અસભ્ય વર્તન કર્યું હતું. ફૂડ પાર્સલ આપતી વખતે યુવકની દાનત બગડી હતી અને તેણે યુવતીની છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ત્રીજી ઘટનાંથી મહિલાઓની સુરક્ષા પર સવાલ ઊભા થયા છે.

## CTM ડબલ ડેકર ઓવરબ્રિજ પરથી યુવકે ઝંપલાવ્યું:અઠવાડિયામાં બીજી ઘટના, ઑવરબ્રિજ પર સુરક્ષા જાળી ઊંચી કરવા માગ



**(એજન્સી) અમદાવાદ | તા.05**

અમદાવાદ | અમદાવાદમાં CTM ચાર રસ્તા ડબલ ડેકર ઓવરબ્રિજ પરથી મંગળવારે સવારે એક અજાણ્યા યુવકે અગમ્ય કારણોસર કૂદીને આપઘાત કરી લીધો છે. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને મૃતકની ઓળખ કરવા કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા એક્સપ્રેસ હાઈવે તરફ જતા ડબલ ડેકર ઓવરબ્રિજ ઉપર ચાલુ ટ્રાફિક વચ્ચે યુવક અચાનક કૂદી પડતાં વાહનચાલકો અને રાહદારીઓ થોડીવાર માટે થંભી ગયા હતા. ઘટનાની જાણ થતાં રામોલ પોલીસ તથા ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી અને ઘટનાસ્થળે એકઠા થયેલા લોકોના ટોળા અને ટ્રાફિકજામ દૂર કર્યો હતો. બાદમાં યુવકની લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આપી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

બીજી તરફ CTM ડબલ ડેકર ઓવરબ્રિજ પર અનેક સ્થળે સુરક્ષા જાળી ટૂંકી હોવાથી અગાઉ પણ લોકો ઓવરબ્રિજ પરથી નીચે પડવાના અથવા ઝંપલાવવાના બનાવો બન્યા છે. છેલ્લા એક સપ્તાહમાં જ બીજી ઘટના બની હોવાનું સામે આવ્યું છે. તેમજ ડબલ ડેકર ઓવરબ્રિજ પર ટૂંકી સુરક્ષા જાળીના કારણે લોકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. ઓવરબ્રિજ પર સુરક્ષા જાળીની ઊંચાઈ વધારવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.

## CTM વિસ્તારમાં પૂજા વિદ્યાલયને DEOએ નોટિસ ફટકારી

અમદાવાદ | CTM વિસ્તારમાં પૂજા વિદ્યાલયની આસપાસ કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા દારૂની ખાલી બોટલો ફેંકી જતા હોવાની અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદી દ્વારા વીડિયો મોકલીને એક ફરિયાદ કરવામાં આવી હતી. શૈક્ષણિક સંકુલમાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતા હોવાથી તે લોકો ગેરમાર્ગે દોરાય તે યોગ્ય ન હોવાથી અજાણ્યા શખ્સોને રોકવા માટે ફરિયાદીએ રજૂઆત કરી હતી. જેથી વિદ્યાર્થીઓ અવરજવર કરતા હોય તેવી જગ્યાએ દારૂની ખાલી બોટલો ફેંકવામાં આવતી હોવાની ફરિયાદ મળતા અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાને નોટિસ ફટકારી છે. શાળાની આસપાસ ફેંકવામાં આવેલી દારૂની ખાલી બોટલો કોણ ફેકી જાય છે તેની CCTV ના આધારે તપાસ કરવા શાળાને સૂચના આપવામાં આવી છે. તેમજ CCTV ના આધારે જે લોકો દારૂની ખાલી બોટલો શાળાની આસપાસ ફેકી જાય છે તેમની ફરિયાદ પોલીસને કરવા પણ શાળાને સૂચના આપવામાં આવી છે. તેમજ શાળાની આસપાસ ફેંકવામાં આવેલો કચરો અને દારૂની ખાલી બોટલો હટાવી યોગ્ય સફાઈ કરાવી સમગ્ર બાબતનો રિપોર્ટ સોંપવા પણ શાળાને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, CTM વિસ્તારમાં પૂજા વિદ્યાલયની બાજુમાં વિદ્યાર્થીઓ અવરજવર કરતા હોય તેવી જગ્યાએ અને તેમણે સીધું દેખાય ત્યાં કચરાની સાથે સાથે દારૂaની બોટલો પણ ફેંકવામાં આવે છે.

## સમાધાનના બહાને બોલાવી યુવક પર પાઈપ-છરીથી હુમલો : પિતાને બચાવતા પુત્રને પણ માર માર્યો




**સમાધાનની વાત વચ્ચે અચાનક આરોપીઓએ મુનાવર પર પાઈપ અને છરી વડે હુમલો શરૂ કરી દીધો હતો.હુમલામાં મુનાવરને ઈજાઓ પહોંચી હતી. પિતાને બચાવતા દરમિયાન તેના પુત્ર અયાનને પણ આરોપીઓએ માર માર્યો હતો.**

**(એજન્સી) અમદાવાદ | તા.06**

અમદાવાદના શાહીબાગની ગર્વમેન્ટ એ કોલોનીમાં રહેતા મુનાવર વાઘેલા પર અગાઉના ઝઘડાની અદાવત રાખીને હુમલો કરવામાં આવ્યો છે. આરોપીઓ સમાધાન કરવાના બહાને મુનાવરને બાઈક પર બેસાડી શાહીબાગમાં તેના મામાના ઘરે લઈ ગયા હતા. ત્યાં પહોંચ્યા બાદ આરોપીઓએ પાઈપ અને છરી વડે હુમલો કરતા મુનાવર ઈજાગ્રસ્ત થયો છે. આ દરમિયાન તેના પુત્ર અયાનને પણ માર મારવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.મુનાવર વાઘેલાએ આ અંગે માધવપુરા પોલીસ સ્ટેશનમાં આશિફ શમા, મહોસીન સોઢા, મોહસીન સંધી અને મહમદ હનીફ વિરુદ્ધ હત્યાના પ્રયાસની ફરિયાદ નોંધાવી છે.

સમાધાનની વાત વચ્ચે અચાનક આરોપીઓએ મુનાવર પર પાઈપ અને છરી વડે હુમલો શરૂ કરી દીધો હતો.હુમલામાં મુનાવરને ઈજાઓ પહોંચી હતી. પિતાને બચાવતા દરમિયાન તેના પુત્ર અયાનને પણ આરોપીઓએ માર માર્યો હતો. ઘટનાને પગલે મુનાવરે માધવપુરા પોલીસનો સંપર્ક કરી ચારેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.પોલીસે ગુનો નોંધી સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

## યુવાનોના કૌશલ્ય વિકાસથી વિકસિત ગુજરાતનો સંકલ્પ: 30 હજારથી વધુ યુવાઓ કૌશલ્ય તાલીમ સાથે જોડાયા...

**(એજન્સી) અમદાવાદ | તા.06**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના યુવાનોને ઉદ્યોગોની જરૂરિયાત મુજબ કૌશલ્યસંપન્ન બનાવી રોજગાર અને સ્વરોજગારની તકો સાથે જોડવા માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસોના પરિણામે ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન હેઠળ કાર્યરત NSQF કક્ષાના ટૂંકાગાળાના અભ્યાસક્રમોમાં ૧૮,૧૧૨ ઉમેદવારો, 'પ્રોજેક્ટ સંકલ્પ'માં ૭,૧૫૨ અને 'LIVE' યોજનામાં ૫,૧૧૮ મળી કુલ ૩૦ હજારથી વધુ ઉમેદવારો તાલીમ સાથે જોડાઈ ચૂક્યા છે. જે કૌશલ્યસભર યુવા શક્તિ અને વિકસિત ગુજરાતની દિશામાં મહત્વનું પગલું સાબિત થઈ રહ્યું છે.

નેશનલ સ્કિલ્સ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક-NSQF કક્ષાના ટૂંકાગાળાના અભ્યાસક્રમો અંતર્ગત રાજ્યની વિવિધ સરકારી ITI દ્વારા હેલ્થકેર, આઈ.ટી., એપરલ, બ્યુટી એન્ડ વેલનેસ, કેપિટલ ગુડ્સ અને એગ્રીકલ્ચર જેવા ક્ષેત્રોમાં ૨ થી ૬ મહિનાના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. જેમાં ધોરણ ૫,૮,૯ અને ૧૦ પાસ તેમજ સ્નાતક કક્ષાના ઉમેદવારો માટે વિવિધ લાયકાત આધારિત અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. તાલીમ પૂર્ણ કર્યા બાદ GCVT દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે.

યુવાનોને વાસ્તવિક ઔદ્યોગિક વાતાવરણમાં પ્રાયોગિક તાલીમ આપી તેમને રોજગારલક્ષી કૌશલ્યોથી સજ્જ કરવાના હેતુથી 'પ્રોજેક્ટ સંકલ્પ' અમલમાં મૂકવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત ઉદ્યોગોની જરૂરિયાત મુજબ ઉદ્યોગ પરિસરમાં જ ૩થી ૬ મહિનાની નિ:શુલ્ક તાલીમ આપવામાં આવે છે. પ્રમાણિત ટ્રેનર્સ દ્વારા તાલીમ, સેક્ટર સ્કીલ કાઉન્સિલ દ્વારા મૂલ્યાંકન, રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર તેમજ અદ્યતન મશીનરી પર પ્રાયોગિક અનુભવ જેવી વિશેષતાઓ યુવાનોને ઉદ્યોગલક્ષી કૌશલ્ય પ્રાપ્ત કરવામાં મદદરૂપ બને છે. તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર યુવાનો માટે સંબંધિત ઉદ્યોગોમાં રોજગારીની ઉજ્જવળ તકોનું નિર્માણ થાય છે. ક્લસ્ટર બેઝ્ડ લોકલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વોકેશનલ એજ્યુકેશન-LIVE યોજના હેઠળ સરકારી ITI, સ્થાનિક GIDC, ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તથા ઉદ્યોગોના સહયોગથી સ્થાનિક માંગ આધારિત ટૂંકાગાળાના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. જેમાં Food Packer, PCB Assembly Operator, Edible Oil Packaging Operation, Agricultural Equipments, Organic Farming, Checker Inline and Measurement તથા Jigger Machine Operator જેવા અભ્યાસક્રમો દ્વારા ગ્રામીણ, અર્ધ-શહેરી અને શહેરી યુવાનોનું Skilling, Re-skilling અને Up-skilling કરવામાં આવે છે. આ તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને પ્રોત્સાહનરૂપે DBT મારફતે લઘુત્તમ વેતનના ૫૦ ટકા સુધીનું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે, જેથી તેઓ કૌશલ્ય સાથે આર્થિક રીતે પણ સશક્ત બની શકે.

## સાબરમતીના વેપારીને સોનાના બિસ્કીટ આપવાનું કહી લાખો રૂપિયા પડાવ્યાં...

**(એજન્સી) અમદાવાદ | તા.06**

અમદાવાદ | અમદાવાદના શાહીબાગ અસારવા વિસ્તારમાં કુખ્યાત એવા કિશોર લંગડાના પૌત્ર અને પુત્રની વેપારી સાથેની દાદાગીરી સામે આવી છે. અસારવા દ્વારકાધીશ હોટલ બહાર વેપારીને મળવા બોલાવી મારા વિરુદ્ધ બોપલ પોલીસ સ્ટેશનમાં અરજી કેમ કરી કહી ગાળો બોલીને લોખંડની પાઈપ વડે માર માર્યો હતો અને કારનો કાચ પણ તોડી નાખ્યો હતો. હવે આવીશ તો જાનથી મારી નાખીશું એવી પિતા-પુત્રએ ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત વેપારીએ સારવાર લીધા બાદ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સાબરમતી વિસ્તારમાં સીમંધર એલીગન્સમાં સૌરભ ગુપ્તા તેમના પરિવાર સાથે રહે છે અને ઘાટલોડિયામાં મોબાઈલની દુકાન ધરાવી વેપાર કરે છે. માર્ચમાં અસારવામાં રહેતા આદિત્ય દિલીપભાઈ રાઠોડ સાથે તેમની ઓળખાણ થઈ હતી. આદિત્યએ વોટ્સએપથી એક સોનાનું બિસ્કીટ મોકલ્યું હતું અને સોનાના બિસ્કીટ ઉપર 10,000 ઓછો ભાવ આપવાનું કહ્યું હતું. 5 ગ્રામ વાળા 15 અને 10 ગ્રામના એક બિસ્કીટ હોવાનું કહ્યું હતું. જેથી ઓછા પૈસામાં સોનું મળતું હોવાથી આદિત્ય પાસેથી લેવા માટે તેને કુલ 61.21 લાખ રૂપિયા આપ્યા હતા. પૈસા આપ્યા બાદ આદિત્યએ સોનાના બિસ્કીટ આપ્યા નહોતા અને અવારનવાર માંગવા છતાં પણ બિસ્કીટ કે રૂપિયા આપતો ન હોવાથી આ બાબતે સૌરભે બોપલ પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી.




**(એજન્સી) અમદાવાદ | તા.06**

તારીખ 3 10 2026 ના રોજ એચ.કે હોલ આશ્રમ રોડ ખાતે સુશ્રી સ્નેહલ દવે ના 'નૃત્ય સ્નેહ' સ્કૂલ ઓફ ડાન્સ તરફથી એક ભાતીગળ કાર્યક્રમ 'રંગધરા' ઉજવાયો. જેમાં ગુજરાતની લોક સંસ્કૃતિના ભાતીગળ રંગો જેવા લોકગીતો, ગરબા, લોક નૃત્યો અને લોકજીવનની વાતો મઢ્યો જુદા જુદા પ્રકારોમાં તૈયાર કરેલ નૃત્યનો કાર્યક્રમ પ્રસ્તુત થયો. 'નૃત્ય સ્નેહ' સ્કૂલ ઓફ ડાન્સની આશરે 30 એક જેટલી ચાર વર્ષથી લઈને 40 વર્ષ સુધીની વિદ્યાર્થીનીઓએ આ સુંદર કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. આ તમામ કલાકારો તેમના કલા ગુરુ સુશ્રી સ્નેહલ દવે ના માર્ગદર્શનમાં કલા શિક્ષણ લઈ રહ્યા છે. આપણી લોક સંસ્કૃતિની ધરોહરને સન્માન કરવાની આદર ભાવના સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલા ગુરુ શ્રીમતી કાશ્મીરાબેન ત્રિવેદી, શ્રી દિનેશભાઈ મજીઠીયા એડવોકેટ વિમલા ઠક્કર તેમજ જૈમીલ જોશી અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા . આ કાર્યક્રમનું સંચાલન સૂત્રધાર તરીકે વિરાજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને વાનરસેના દ્વારા સહયોગ આપવામાં આવ્યોહતો. આ કાર્યક્રમને માણવા હોલ હાઉસફુલ થઈ જાય એટલા અમદાવાદીઓ પધાર્યા હતા. અને દરેકે આ કાર્યક્રમને અદભુત આવકાર્યો હતો.

## કોમર્શિયલ પાયલટ તાલીમ માટે ગુજરાત બન્યું નેશનલ હબ; વધુ પાંચ ફ્લાઇંગ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશનો શરૂ થશે

અમદાવાદ | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં ગુજરાત સરકારે આકાશમાં ઊંચી ઉડાન ભરી છે અને ગુજરાતમાં સિવિલ એવિએશનનું મજબૂત માળખુ તૈયાર થતાં કોમર્શિયલ પાયલટ ટ્રેનિંગ માટે ગુજરાત નેશનલ હબ બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં જેશમાં એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ટરમાં મહત્વનાં પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યા છે અને યુવાનો માટે કારકિર્દીના નવાં દ્વારો ખુલ્યા છે. ગુજરાત સરકારે સમગ્ર રાજ્યમાં ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન (FTO)નું મજબૂત ઈકોસિસ્ટમ ઊભું કરીને એવિએશન ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસ માટે આગોતરો અને દૂરંદેશી અભિગમ અપનાવ્યો છે. સિવિલ એવિએશન વિભાગ અને ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (GUJSAIL)ના માધ્યમથી ગુજરાતે પોતાનું મજબૂત એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભુ કર્યું છે. મૂખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં સિવિલ એવિએશન વિભાગ દ્વારા પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ થકી ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશનનો વિકાસ કરી રહ્યું છે. આ માળખા હેઠળ રાજ્ય માલિકીના એરપોર્ટ અને એરસ્ટ્રિપો પર આશરે 1,500 ચોરસ મીટર જમીન પારદર્શક બિડિંગ પ્રક્રિયા દ્વારા પાત્ર ઓપરેટરોને ફાળવવામાં આવી છે. આ પહેલનો હેતુ કુશળ એવિએશન માનવબળ તૈયાર કરવાનો છે અને ખાનગી રોકાણ આકર્ષવાનો છે. ભારતનું સિવિલ એવિએશન ક્ષેત્ર વધતા પેસેન્જર ટ્રાફિક, ઉડાન યોજના હેઠળ પ્રાદેશિક કનેક્ટિવિટીના વિસ્તરણ અને સ્થાનિક એરલાઈનો દ્વારા મોટા પાયે નવા વિમાનોની ખરીદીના કારણે ઝડપથી વિકસી રહ્યું છે. ભારતીય એરલાઈનોએ સંયુક્ત રીતે આશરે 1,700 નવા વિમાનોના ઓર્ડર આપ્યા છે, જેના પરિણામે આગામી વર્ષોમાં અંદાજે 25,000થી 30,000 કોમર્શિયલ પાઈલટોની માંગ ઊભી થવાની શક્યતા છે. આ ઉભરી રહેલી તકને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે સિવિલ એવિએશન વિભાગ અને ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (GUJSAIL) મારફતે વિશ્વસ્તરીય પાઈલટ તાલીમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હાલમાં રાજ્યમાં પાંચ ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન (FTO)કાર્યરત છે. તેમાંથી ચાર રાજ્ય માલિકીની મહેસાણા અને અમરેલી એરસ્ટ્રિપો પર કાર્યરત છે, જ્યારે એક FTO ભારતીય એરપોર્ટ ઓથોરિટી (એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા)દ્વારા ફાળવવામાં આવેલી જમીન પર ભાવનગર એરપોર્ટ ખાતે કાર્યરત છે. કાર્યરત FTOમાં મહેસાણા ખાતે સ્કાયનેક્સ એરો પ્રા. લિ અને બ્લૂ રે એવિએશન પ્રા. લિ.; અમરેલી ખાતે વિઝન ફ્લાઈંગ ટ્રેઈનીંગ ઈન્સ્ટિટ્યૂટ અને ગુજરાત ફ્લાઈંગ ક્લબ તથા ભાવનગર ખાતે દુનેસ એવિએશન પ્રા.લિનો સમાવેશ થાય છે. રાજ્યની એવિએશન ક્ષેત્રની મહત્વાકાંક્ષાઓને વધુ વેગ મળવાનો છે, કારણ કે, વધુ પાંચ ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન ટૂંક સમયમાં કાર્યરત થશે. આ તમામ સંસ્થાઓ કાર્યરત થયા બાદ ગુજરાતમાં કુલ 10 ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશનનું નેટવર્ક હશે, જે ગુજરાતને ભારતના સૌથી મોટા રાજ્યસ્તરીય પાઈલટ તાલીમ ઈકોસિસ્ટમમાંનું એકમ બનાવશે. \ ગુજરાતની ફ્લાઈંગ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશનોએ સંયુક્ત રીતે અત્યાર સુધીમાં 5,200થી વધુ એવિએશન વિદ્યાર્થીઓને તાલીમ આપી છે, 3,200થી વધુ કોમર્શિયલ પાઈલટ લાઈસન્સ (CPL) ધારકો તૈયાર કર્યા છે અને 200થી વધુ ભાવિ પાઈલટોને તાલીમ આપી રહી છે. આ સંસ્થાઓમાં ગુજરાત ફ્લાઈંગ ક્લબનું વિશેષ સ્થાન છે. વર્ષ 1958માં વડોદરા એરપોર્ટ ખાતે સ્થાપિત આ સંસ્થા આજે પણ ભારતની સૌથી લાંબા સમયથી કાર્યરત ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિએશન (DGCA) માન્ય ફ્લાઈંગ ટ્રેનિંગ સંસ્થાઓમાંની એક છે.



## છેડતી મુદ્દે બજરંગદળ-વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓએ પોલીસ સ્ટેશનમાં હોબાળો કર્યો

અમદાવાદ | રામોલમાં લઘુમતી સમાજના યુવક દ્વારા યુવતીની છેડતી કરતા પોલીસ સ્ટેશનમાં બજરંગદળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોએ હોબાળો મચાવ્યો હતો. જેમાં પોલીસ કર્મીઓએ ધક્કા મુક્કી કરી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પોહચીને મામલો થાળે પાડ્યો હતો. આ અંગે રામોલ પોલીસે શખ્સ સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. રામોલના જનતાનગરમાં 21 વર્ષીય યુવતી પરિવાર સાથે રહે છે. ગત 5 ઓક્ટોમ્બરે યુવતી ઘરની સામે વોકિંગ કરી રહી હતી. ત્યારે તે જ વિસ્તારમાં રહેતા અરમાન મલિકે યુવતીની સામે થુંકીને બીભત્સ ઈશારા કર્યા હતા. જેથી યુવતીએ માતાને આ અંગે જણાવ્યું હતું.

**AVAILABLE FOR SALE**

| MAKE | MODEL | REG NO |
|---|---|---|
| MARUTI/SUPER CARRY | 2023 | GJ-27-TD-9694 |
| TATA/INTRA V30 | 2024 | GJ-01-LT-4883 |

IN "AS IS WHERE IS CONDITION"
CONTACT: - SUNDARAM FINANCE LTD.
212- 214, B WING, SUND WEST BANK BUILDING,
OPP VALLBH SADAN, ASHRAM ROAD AHMEDABAD 380009
WITHIN 3 DAYS PH: 9824091977 / 9723708989